કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ

સળંગ અંક ૪૮૨

આવતી કાલનાં નાગરિકોનું માસિક

ફેબ્રુઆરી ૧૯૬૪

તંત્રી બચુભાઈ રાવત



ફતેહસાગર: ઉદેપુર • લયવળાંકાવાળી કર્ણરેખાનું, જળ જમીન અને આકાશને આવરી લેતું એક સુંદર સંયોજન • ફોટો આબીદભાઈ કે. સૈયદ



ઉપવનવિહાર (ચિત્રકાર • બિહારીલાલ બારભૈયા)

વાચકો લખે છે

જાન્યુઆરી અંકમાં ગ.ગો. પ્રુ 'હિન્દુ લગ્નનો ધાર્મિક વિધિ' સમજાવતાં અંતમાં જણાવે છે કે હિન્દુ કાયદા પ્રમાણે 'કન્યાદાન', 'વિવાહ-હોમ' વગેરે આવશ્યક ગણવામાં આવે છે એટલે એ કાયદામાં ફેરફાર ન થાય ત્યાં સુધી એ બધું કરવાની જરૂર રહે છે, તે વિધાન બરાબર નથી. હિન્દુ લગ્ન કાયદાની કલમ સાતમી આ પ્રમાણે છે: Sec. 7: Ceremonies for a Hindu Marriage:–

(1) A Hindu marriage may be solemnized in accordance with the customary rites and ceremonies of either party thereto.

(2) Where such rites and ceremonies include the *saptapadi* (i.e. the taking of seven steps by the bridegroom and the bride jointly before the sacred fire), the marriage becomes complete and binding when the seventh step is taken.

પેટા કલમ (૧) પ્રમાણે 'વિવાહહોમ' ને 'સપ્તપદી'ને આવશ્યક ગણવામાં આવ્યાં છે. પરંતુ આ સિવાયની બીજી કોઈ પણ વિધિની પ્રથા કે રિવાજ હોય તો તે વિધિ પ્રમાણે પણ હિન્દુ લગ્ન થઈ શકે છે. તે ઉપરાંત હિન્દુ અને જૈન કે બૌદ્ધ અને હિન્દુનાં લગ્ન હોય તો બન્નેમાંથી કોઈ પણ એક વ્યક્તિને માન્ય વિધિ પ્રમાણે પણ લગ્ન થઈ શકે છે. એ સાથે એ પણ સમજવું જરૂરી છે કે હિન્દુ લગ્ન-કાયદામાંની 'હિન્દુ'ની વ્યાખ્યામાં વીરશૈવ, લિંગાયત, બ્રહ્મ, પ્રાર્થના કે આર્યસમાજીઓ, બૌદ્ધ, જૈન કે શીખ આ બધાનો સમાવેશ કરવામાં આવ્યો છે એટલે 'કન્યાદાન' અને 'વિવાહ-હોમ' આ બધા માટે આવશ્યક ગણવામાં આવ્યા છે એમ કહી ન શકાય.

(ઘાટકોપર) —હર્ષદ મ. મહેતા

અંક ૪૮૧માં મુદ્રણ-દોષથી નીચેની ક્ષતિઓ થઈ લાગે છે: (૧) પૃ. ૪૬—'ગણિત-ગમ્મત'ના સરવાળામાં બેનો આંક નવને બદલે દશ વખત આવવો જોઈએ; (૨) પૃ. ૩૧ 'રેખા-પલ્લવી'માં 'કુમાર' શબ્દ નીચે મુજબ હોવો જોઇએ:

॥–::·/॥॥॥ ≣ ··/॥॥॥ =·


(મેમદપુર) —મ. ચે. મહેતા

૪૮૧મા અંકના 'છેલ્લા પાના'ની ગણિત-ગમ્મતમાં સરવાળો નવ બગડા છપાયો છે, દેખીતી રીતે જ દશ બગડા જોઈએ. વસ્તુની સૂચક સરળતા, સ્થળસંકોચ, લાઘવસૌંદર્ય વગેરેને ધ્યાનમાં રાખી ગમ્મત સાથે કંઈ બીજી લપ નથી કરાઈ ખરું? એને શબ્દોમાં કંઈક આમ મૂકાય: ૧,૨,૩,...૯ની એક હાર અને તેની નીચે અનુક્રમે ઉલટા ક્રમમાં ૯,૮,૭, ...૧ની બીજી હાર–એમ આ બે હારની એક જોડીમાં ૧ ઉમેરતાં સરવાળો દસ એકડા આવે. આવી બે જોડીમાં ૨ ઉમેરતાં સરવાળો દસ બગડા આવે (જે ૪૮૧મા અંકમાંનું); આવી જોડીમાં ૩ ઉમેરતાં સરવાળો દસ ત્રગડા આવે અને એ જ રીતે આગળ-આવીનવ જોડી સુધી.

(જૂનાગઢ) —કનુ રા. ડાભી

'આહાર અને આરોગ્ય'ના ૪૯મા હપતામાં બે ભૂલો થવા પામી છે: વીસમા પાન ઉપરના બીજા કૉલમના છેલ્લા પૅરાની પહેલી લીટીમાં 'શેરમાન' શબ્દને બદલે 'શર્મન' જોઈએ; એકવીસમા પાન ઉપરના બીજા કૉલમના બીજા પૅરાની છેલ્લી લીટીમાં 'વિટામિનના' શબ્દને બદલે 'વિટેજનના' જોઈએ.

(ઉમરેઠ) —ડૉ. શિવપ્રસાદ



અંક ૪૭૯માં શ્રી કાલેલકરના 'આકર્ષક વૃક્ષો'ના લેખના અનુસંધાનમાં આ સાથે એક ઠીંગણી નાળિયેરીનો ફોટો મોકલું છું. એ ઝાંઝીબારમાં એક મિત્રના ખેતરમાં આવેલી પૂર્ણ વિકસિત નાળિયેરી છે, જેને માત્ર અઢી ફૂટની ઊંચાઈએ ફળ બેઠેલાં છે. બાજુમાં હું બેઠેલો છું, તેના માપથી તેની ખાતરી થશે. ત્યાંના લોકોએ તેને Mweuda wazimu (ઘેલી થઈ ગએલી)નું ઉપનામ આપેલું છે.

(કચેલા-ટાંગાન્યીકા) —કે. બી. અયૂબ

ડિસેમ્બર અંક વાંચતાં 'કુમાર'ની ઉત્તમ કાર્યનિષ્ઠાનો ખયાલ આવી ગયો. પૂ૦ ક. મા. મુનશીના જે ફોટોગ્રાફ તથા પરિચય આપ્યાં છે તે ખરેખર બીજે ક્યાંયથી ય મળવાં મુશ્કેલ છે. આડત્રીસ વર્ષ ઉપર તેમણે 'કુમાર'ના વાચકો માટે પાઠવેલો સંદેશો કેટલો સુંદર છે! પૂ૦ ક. મા. મુનશી દીર્ઘજીવી બને અને 'કુમાર' પોતાની આવી વૈવિધ્યભરી વાચનસામગ્રી આપવામાં જરા યે પાછું ન પડે તેવી શુભેચ્છા.

(પાળજ) —અરવિંદભાઈ આઈ. પટેલ

ગયા અંકના પત્રમાં 'કાલીયદમન' તથા 'જમુનાજી'ના ચિત્ર વિષયે શ્રી વ્યાસે ખુલાસો માગ્યો છે. જોકે કમળ ફક્ત સ્થિર પાણીમાં જ થઇ શકે. પણ આપણી કાંગડા બશોલી તથા મેવાડ શૈલીઓ અને કંઈક અંશે વૈષ્ણવ ધર્મનો અભ્યાસ આવી ગેરસમજ ઓછી કરશે.

આમ હોવાનું મૂળ શોધવું ઘણું રસપ્રદ છે. મેવાડ પ્રદેશ કે જ્યાં વૈષ્ણવોનાં ધામ છે ત્યાં આગવી શૈલી ધર્મભાવનાને લીધે ખીલી છે. આ પ્રદેશમાં સરોવર અને કમળ એક સામાન્ય દૃશ્ય છે. કલાકાર માટે—અને ખાસ કરીને તે દિવસોમાં તેની અસર ઘણી હશે. આથી 'સરોવર અને કમળ' બે હમેશાં સાથે જ વિચારાય છે. આમ તે એ શૈલીનું એક અંગ બને છે. કાંગડા શૈલી જે વધુમાં વધુ સંસ્કારિત છે ત્યાં પણ કંઈક આમ જ લાગુ પડે છે. કારણ કલાકારનો જમના વિષેનો ખયાલ સંસ્કૃતિ કાવ્યો તથા ચાલી આવેલી રૂઢિ પરથી છે. વૈષ્ણવ ધર્મ તથા કમળ ગાઢ રીતે સંકળાએલાં છે. વિષ્ણુ સદા કમળ ધારણ કરે છે. શ્રીનાથજી કમળનો હાર પહેરે છે. જમુનાજી પણ કમળનો હાર તથા કમળ ધારણ કરે છે. આમ કમળ એક પ્રકારનું વૈષ્ણવ ધર્મનું પ્રતીક બની રહે છે.

મારા ખયાલથી આ અવાસ્તવિક નથી. આ ક્ષતિ જરૂર છે-સામાન્ય દૃષ્ટિથી; પણ વૈષ્ણવ ધર્મનો સાચો આત્મા તથા સ્વરૂપ રજૂ કરવામાં જરૂર સફળ છે.

(અમદાવાદ) —રોહિત ગોવી

ડિસેમ્બરના 'કુમાર'માં પાન ૫૭૧ પર ડૅનિયલ લૅમ્બ વિષે લખાયું છે કે એ કદાચ જગતનો જાડામાં જાડો પુરુષ હતો; પરંતુ આ સાથેના મારા પુસ્તક (સેઈફ ઍન્ડ સાયન્ટિફિક સ્લિમિંગ) પરથી જણાશે કે એક અમેરિકન, રૉબર્ટ અર્લ હ્યૂજિસ જે ૧૯૫૮માં મરણ પામ્યો તે ૧૦૦૦ રતલ ઉપરાંત વજનનો હતો.

(મુંબાઇ) —ડૉ. એમ. એમ. ભમગરા

આ વખતના 'કુમાર'માં આવેલી 'મણિમહાલ' વાર્તા Reader's Digestના મે '૬૩ અંકમાં વાંચેલી, તેમાં 'મહાલ'નું સુંદર ચિત્ર પણ છે; રહસ્યફિલ્મી દુનિયાના મશહૂર આલ્ફ્રેડ હિચ્કૉકે કેટલીક વીણેલી રહસ્યકથાઓનો 'Clean Crimes and Next Murders' સંગ્રહ '૬૦માં બહાર પાડયો હતો; જેમાં હેન્રી સ્લેસલરની આ વાર્તા છે.

આવી રહસ્યકથાઓ ગુજરાતીમાં તો કોણ જાણે ક્યારેય લખાશે, પણ એવી અંગ્રેજીમાં લખાએલી વાર્તાઓનો અનુવાદ પણ જો ગુજરાતની જ્ઞાનપિપાસાને સંતોષી શકશે તો એ દિશામાં ભરાએલાં પગલાં સાર્થક થશે. એક સૂચન સ્વીકારશો? કોઇ પણ સામયિકમાં આવી ગએલી અનુવાદિત રહસ્યકથાઓ પ્રસિદ્ધ જરૂર કરો, પણ એની સ્મૃતિ વાચકોનાં મનમાં લગભગ ભુંસાઇ જાય ત્યારે જ. કારણ કે આ કથાઓનું રહસ્ય એક વાર જાણ્યા પછી તેની ઘણીખરી મઝા મારી જાય છે.

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

'૬૩ના વર્ષ દરમિયાન પ્રિયકાંત મણિયારનાં આવેલાં કાવ્યો 'કુમાર'ચંદ્રકનાં અધિકારી છે. રામપ્રસાદ શુક્લનું 'મધરાતના દવ' 'કુમાર'કાવ્યોમાં શ્રેષ્ઠ છે.

(ચિત્તલ) —પ્રતાપરાય મહેતા

ડિસેમ્બરના 'કુમાર'માં શ્રી પ્રદ્યુમ્ન તન્નાનું 'વીશીવાળાની દીકરિયું' અંગ્રેજીનું રૂપાંતર ન હોત તો એ ટચુકડી વાર્તામાં એના ભાષાપ્રયોગને લીધે સારી એવી વાસ્તવિકતા આવી શકી હોત. ગામડિયું વાતાવરણ ઉપસાવવા કાઠિયાવાડી ભાષાનો ઉપયોગ યોગ્ય છે ખરો, પરંતુ અહીં એ ભાષા જરા કઠે છે. અનુવાદ કરતાં ભાવાવાદ કે રૂપાંતર હોત તો ભાષા અને ભાવ વધુ સુસંગત થતે. જેમ કે 'મુંને' 'તુંને', 'ઇમને', 'કોઢ્ય', 'પરણેતર' જેવા પ્રયોગો. વળી કેટલેક સ્થળે 'રાબ' જેવો તળપદો શબ્દ ઉપયુક્ત કર્યો છે, તો પાંઉની જગ્યાએ માર્થા અને મેરીને રોટલા શેકતાં બતાવ્યાં હોત તો વાસ્તવિક્તા વધુ ન જળવાતે?

(મુંબાઇ) —શ્રદ્ધા ત્રિવેદી

'સ્મૃતિચિત્રો'માં જે દૃષ્ટાન્તચિત્રો આપવામાં આવ્યાં છે તેમાં ગુરુજીના આશ્રમમાં સંધ્યાવંદન કરતા બ્રાહ્મણોએ પોતાનાં પંચપાત્રો ત્રભાણાંની જમણી બાજુએ કેમ મૂકેલાં હશે? સાધારણરીતે પૂજન કરનારના ડાબે હાથે જ પંચપાત્ર વપરાય અને તે રીતે તે વ્યક્તિની ડાબી બાજુએ જ મુકાવાં જોઇએ.

(કચ્છ માંડવી) —સુશીલ પંડ્યા

[*આ દોષ સ્વીકારી લઉં છું. —ર. મ. રા.]

આપણા સાહિત્યનાં વિવિધ ક્ષેત્રો બાબતમાં 'કુમાર' આગળ જ રહ્યું છે. પછી તે નવલિકા હોય કે કાવ્યો, (કાવ્યો બાબતમાં તો એવા કેટલા યે કાવ્યક્ષેત્રને ગમે તેમ અપનાવવા ઇચ્છતા, 'કવિ' નામે ઓળખાવવા મથતા યુવકોની ફરિયાદ છે કે 'કુમાર'નો કાવ્યો માટેનો માપદંડ ઘણો ઊંચો છે. જોકે તે જ 'કુમાર'ની ઉચ્ચ કક્ષા માટે ઉદાહરણ બની રહે છે ને?—અને પેલી 'છાપેલ કાટલા'વાળી ફરિયાદથી આ માસિક બાકાત રહ્યું છે, ઘણાં નવોદિતોનાં પણ સારાં કાવ્યો તમે પ્રસિદ્ધ કરો જ છો.) જીવન અને કલા વિષયક લેખો હોય કે પછી સાગર વિષય પર સ્પર્શતાં આલેખનો (સહેજ સૌને સ્વ. 'સુકાની' યાદ આવી જશે.) હોય – બધામાં 'કુમાર'નું ધોરણ આગવું છે એ એક સંતોષ આપે તેવી બાબત છે.

વિવેચન ક્ષેત્રને વધુ વિકસાવવાની આ સૌની—નવી પેઢીના તલસ્પર્શી વિવેચન માગનારાઓની માંગ છે. ઓછામાં ઓછું ગુજરાત અને હિન્દના સાહિત્યક્ષેત્રે બનતા ખાસ બનાવો, આંદોલનોને રજૂ કરતી કોઈક કલમને ઝળકાવશો તો એ નવતર પેઢીને માટે માર્ગદર્શક બની રહેશે જ.

(દ્વારકા) —વિષ્ણુ પંડ્યા

[*'સાહિત્યસંપર્ક' વિભાગ શરૂ કર્યો ત્યારે આ જ યોજના મનમાં હતી. પણ અમારા કમનસીબે, લખી શકે તેવો અધિકારી વર્ગ આજે 'જીવનસંઘર્ષને પહોંચી વળવા' માટે ધનોપાર્જનના વિવિધ માર્ગોની ચિંતામાં છે. અમે જે કૈં ગજા પ્રમાણે આપીએ તે એમની જરૂરત પૂરી પાડી શકે તેમ નથી.]

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ: રૂ. ૧-૨૫

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

એક બહુવર્ષીય કૅલેન્ડર

ઇસ્વીસનના આરંભથી તે ચોવીસમી સદી સુધીનાં વાર-તારીખ જોવાનો કોઠો

MONTHS	DAYS							YEARS (Tens)
YEARS (Hundreds)	4-- 11-- 19-- 23--	3-- 10-- 17-J 1900 2300	2-- 9-- 16-- 18-- 22--	1-- 8-- 15-- 1800 2200	0-- 7-- 14-- 21--	6-- 13-- 17-G 2100	5-- 12-- 20--	
January October	S	M	Tu	W	Th	F	S	00 05 11 ** 22 28 33 39 ** 50 56 61 67 ** 78 84 89 95
May	M	Tu	W	Th	F	S	S	** 06 12 17 23 ** 34 40 45 51 ** 62 68 73 79 ** 90 96
August	Tu	W	Th	F	S	S	M	01 07 ** 18 24 29 35 ** 46 52 57 63 ** 74 80 85 91 **
February March November	W	Th	F	S	S	M	Tu	02 08 13 19 ** 30 36 41 47 ** 58 64 69 75 ** 86 92 97
June	Th	F	S	S	M	Tu	W	03 ** 14 20 25 31 ** 42 48 53 59 ** 70 76 81 87 ** 98
September December	F	S	S	M	Tu	W	Th	04 09 15 ** 26 32 37 43 ** 54 60 65 71 ** 82 88 93 99
April July	S	S	M	Tu	W	Th	F	** 10 16 21 27 ** 38 44 49 55 ** 66 72 77 83 ** 94 **

સદીઓ સુધી કામ લાગે એવા આ કોઠામાંથી પાછલાં કે આગામી કોઇ પણ વર્ષનાં તારીખ-વાર કાઢી શકાય છે. એકએ દષ્ટાંતો સાથે જોતાં એના ઉપયોગની રીત વધુ સરળતાથી સમજાશે. દા.ત. ઇ.૧૯૬૩ની ૨૧મી ડિસેમ્બરે કયો વાર હતો તે જોવું છે, તો એ માટે પ્રથમ—

શતક (Hundreds)નાં ખાનાંઓમાં ૧૯...વાળું ખાનું શોધવું. (આપણને જોઇતો વાર એ જ ખાના નીચેની વાર (Days)ની ઊભી હારમાંથી મળશે. ૧૯૬૩ની સાલ છે એટલે ૧૯...પછી જમણી તરફનાં દશક (Tens)નાં ખાનાંઓમાંથી ૬૩નો આંકડો શોધવો. એ મળે એટલે એ જ આડી હારમાં ૧૯...ની નીચેની વાર-Daysની ઊભી હાર સુધી ડાબી બાજુ જોવું. આ રીતે ૧૯...ની નીચે વારની ઊભી હારમાં, ૬૩વાળી આડી હારવાળા ખાનામાં મંગળવાર-Tu આવે છે. આ મંગળવાર તે ૧૯૬૩ની ૧લી જાન્યુઆરીનો વાર થયો.


હવે ફરીથી વારનાં ખાનાંઓમાં, જાન્યુઆરી માસ (Months)વાળી પહેલી આડી હારમાં મંગળવારવાળું ખાનું જુઓ. આ ખાનાવાળી ઊભી હારમાં હવે બારે મહિનાની પહેલી તારીખના વાર મળશે. એ રીતે ડિસેમ્બરમાં પહેલી તારીખે રવિવાર-S આવ્યો. એ પહેલીએ જો રવિવાર હોય તો સાતસાત દિવસે રવિવારો આવતા જાય એ ગણતરીએ ૨૨મીએ રવિવાર આવે, અને ૨૧મીએ શનિવાર આવે. આ જ રીતે પાછલી કે આગામી (૨૩૯૯ સુધીની) કોઇ પણ સાલનાં વાર-તારીખ નીકળી શકશે.

લીપઇઅરમાં ફેબ્રુઆરીમાં ૨૯ તારીખ આવે છે, એટલે તે વર્ષના ફેબ્રુ. પછીના માસ—માર્ચથી ડિસેમ્બરની તારીખો કાઢવામાં એક વાર ઉમેરતા જવું પડે. દા.ત. આ ૧૯૬૪નું વર્ષ લીપઇઅર છે. આમાં એપ્રિલની ૭મી તારીખે કયો વાર છે તે જોઇએ. ઉપરની રીતે જ ૧૯...નું ખાનું જોઇ, દશકના ખાનાંમાંથી ૬૪ની આંકડાવાળી હાર ખોળી, ૧૯...નીચેની વારની ઊભી હારમાં આવતાં બુધવાર-W મળ્યો. એટલે કે ૧૯૬૪ની પહેલી જાન્યુઆરીએ બુધવાર આવે. હવે વારના ખાનામાં બુધવારનું ખાનું પકડી એપ્રિલ સુધી નીચે ઊતરતાં મંગળવાર-Tu મળશે. લીપઇઅરમાં ફેબ્રુઆરી પછીનો માસ હોઇ એક વાર ઉમેરતાં, બુધવાર થાય. એટલે કે ૧લી એપ્રિલે બુધવાર હશે, અને એ રીતે ગણતાં ૭મી એપ્રિલે મંગળવાર આવશે.

૧૮૦૦, ૧૯૦૦, ૨૧૦૦ વગેરેની સાલ (૪૦૦થી નિઃશેષ ભાગી શકાતી ન હોઇ) લીપઇઅર નથી. શતકની પૂર્ણ આંકવાળી સાલ માટે જમણી તરફનાં દશકનાં ખાનાંઓ જોવાની પણ જરૂર નથી. શતકનાં ખાનાંઓમાં 17–J અને 17–G અનુક્રમે ૧૮મી સદીના જુલીઅન અને ગ્રેગોરિયન પદ્ધતિનાં વર્ષો સૂચવે છે.

© યોજક—ડૉ. ભદ્રસુખ કે. વૈદ્ય

ઇટાલિયન શિલ્પીશ્રેષ્ઠ **માઈકલ ઍન્જેલો**ની આ માસમાં આવતી ૪૦૦મી પુણ્યતિથિના સ્મરણમાં (જુઓ આ અંકની કલાવાર્તા)



ડેવિડ
ફ્લૉરેન્સમાં પડી રહેલી એક જંગી આરસશિલામાં
ઍન્જેલોએ કોરેલું પુરુષદેહના આદર્શ સમું ૧૮ ફૂટથી યે ઊંચું શિલ્પ




ડેવિડના શિલ્પ માટે માઇકલે કરેલી અભ્યાસનોંધોમાંના બે સ્કેચ





સિસ્ટાઇન ચૅપલની આખી છતમાં બાઈબલનાં કથાનકોને માઇકલે એકલે પંડે આલેખ્યાં હતાં. એમાંના બે ચિત્રભાગ : ડાબી બાજુ 'ડેલ્ફિક સિબીલ'–દેવદૂતિકા ને (ઉપર) ડૅનિયલ, જે વિદ્વાન યહૂદીએ ખ્રિસ્ત વિષે કેટલીક આગાહીઓ કરેલી





Dalciel discese e col mortal suo poi
che visto ebbe l'inferno giusto e l pio
ritorno vivo a contemplare dio
per dar di tucto il vero lume a noi
Lucente stella che co raggi suoi
fe chiaro a torto el nido ove nacqu'io
ne sare l premio tucto l mondo rio
tu sol che la creasti esser [illegible]
Di dante dico che mal conosciute
fur l'opre suo da quel popolo ingrato
che solo a iusti manca di salute
fuss'io pur lui c'a tal fortuna nato
per l'aspro esilio suo co la virtute
dare del mondo il piu felice stato

'હૉલી ફૅમિલી' – પવિત્ર પરિવાર
ચિત્રઘોડી પર તૈયાર કરેલું માઇકલનું આ એકમાત્ર ચિત્ર છે.
બીજાં ચિત્રો તેણે દેવળોની છતો કે દીવાલો વગેરે પર જ આલેખેલાં છે.
એની ચમક તેમજ રંગયોજનાને કારણે માઇકલની અન્ય
ચિત્રકૃતિઓની સરખામણીમાં આ ઊતરતી કક્ષાનું ગણાય છે છતાં એક સમર્થ
કલાસ્વામીની સંયોજના અને રંગાવટશક્તિ તેમાં જણાઈ આવ્યા વિના રહેતાં નથી.
જમણી બાજુ: માઇકલ ઍન્જેલોના હસ્તાક્ષર.
યુવાન વયે અને પાછલી અવસ્થામાં માઇકલે સૉનેટ પણ રચેલાં.
એવું એક સૉનેટ સામે આપ્યું છે.

મૃત્યુના પૂજારીઓ

(મિશ્ર)

અહો, કશી માનવમૂઢતા આ!
હણી લઈ દેહનું એક રૂપ
માને હણ્યું કોક અદેહ તત્ત્વને,
ખપે ન તેને જગમાંહિ જેહ.
સદા ય એ નિષ્ફળ; મૃત્યુ એની
સ્વીકારતું ભક્તિ ન લેશ ક્યારે.

હણી શક્યો ક્રૉસ કદી ન ઇસુને,
કરી શકી ગોળી ન ગેબ ગાંધીને;
એ કાનમાં લિંકનના પ્રવેશીને
અવધ્ય કેવો કરી એહને ગઇ!
ને આજ એણે શિર એક માનવી
તણું વધેર્યું, – પણ સિદ્ધ શું કર્યું?

ચૂરેચૂરા મસ્તક એ બનેલ
બની રહ્યું શ્રી-ફલ કોક સિદ્ધિનું,
પ્રસ્ફોટતું કો અણુ કેરી શક્તિ.
રે વ્યર્થ હા, માનવ મૃત્યુભક્તિ.

મૃત્યુ અહીં તો મરનારને પદે
ઝુકાવી દે શીશ પ્રપન્ન ભાવે;
પૂજારી હા શાશ્વતનું બની જઇ
ઉદ્‌ઘાટતું કો અમૃતત્વ-દ્વાર.

સુન્દરમ્

દર્શન / ભાનુપ્રસાદ ત્રિવેદી

(મિશ્ર)

રાત્રિની હેલી પછી બિંદુ છિન્ન
વર્ષાવતું આભ હતું વિષણ્ણ,
ઘટા દ્રુમોની ભીની ભીની શ્યામલ
કન્યા સમી ઊભી હતી અચંચલ.

તૂટ્યું હતું ના હજી સૃષ્ટિમૌન,
રહી રહી સ્પર્શતી લ્હેર મુગ્ધ,
વ્યોમે છવાયા ઘન શી અવર્ણ્ય
પૃથ્વી-અનાઘ્રાત-હતી, અને હું ય!

આછા ઉજાસે નિરખ્યું અગાસીમાં,
ઊભી હતી તું નવસ્નાત, ભાલમાં
કર્યું હતું અર્ચન, સિક્ત કેશથી
લાગે ભીંજાયો જરી વક્ષ–અંચલ.

જ્યાં દૃષ્ટિને દૃષ્ટિ મળી સમાય છે,
જોડાઇ તારા કર બેઉ જાય છે.
શી મૌનની આ લયમુગ્ધ મીંડ!
રે કિન્તુ જાગી અવ શોર–ભીડ!

સંસ્કૃતિ-કેન્દ્ર / ચંદ્રકાન્ત શેઠ

(અનુષ્ટુપ)

ચક્રોની દોડમાં મારા પાયની શોધતો ગતિ,
શોધું આસ્ફાલ્ટને માર્ગે: મારી ક્યાં પગલી હતી?

યંત્રોની ઘર્ઘરે મારો ભીંસાતો માનવી–રવ,
હૈયામાં કર્કશા જાણે કોઇ ચીખે દુરાશય.

અભ્રચુંબી મકાનોની છાયામાં જે ભળી ગઇ
તે મારી છાયને જુદી પાડવાની કળા કઇ?

વિશાળાં નગરો જેનો લૈ આધાર ખડાં અહીં
તે હું માનવ: મારી હ્યાં પૂછ્યે ભાળ મળે નહીં!

વીજદીવા મહીં ખોયા ચંદ્ર–તારા–ગ્રહો, હવે
આંધળી દૃષ્ટિ તે કેમ રૂપ અંધારનાં કળે?

મારી ચોમેર મુકાવી દર્પણો મુજ બિંબને
જોતાં હું ખુદને ભૂલ્યો! ઓળખી ના શકું મને!

યથેચ્છ સંસ્કૃતિનાં છો દોરાતાં વર્તુળો રહે
કેન્દ્રે સૌના ઊભો તો યે શોધું હું પરિધે મને.

થોર-વન / દિલીપ ઝવેરી

(ગાન)

વનનાં વન આ થોરતણાં.
એકમેકમાં વીંટળાય, આ સર્પ ડોલતા જાય;
વારંવાર ભીંસાઈ હર્ષથી કશા છોલતા કાય!
સૂસવી સૂસવી ડંખી રહેતી ઘોર ફણા
વનનાં વન આ થોરતણાં.
આકાશ પરે પણ કાંટા ઊગ્યા, હવા અહીં ઝરડાય,
આંગળીઓ બનતી ખરઅચડી, હાથ હવે મરડાય
પડપા ઊઝરડા તીણા તડકા-ન્હોરતણા.
વનનાં વન આ થોરતણાં.

તારી યાદે / 'સાકિન' કેશવાણી

(મંદાક્રાન્તા)

તારી યાદે નયનસલિલે પ્રીતને ભીંજવીને
કીધી મેં તો ધરણી સરખી જિંદગીને રસાળી;
ઓછાયો ના સહજ પડવા ક્યાંય દીધો વ્યથાનો,
હૈયું બાળી વિરહરજની તેજપુંજે ઉજાળી.

કારણ વગર / 'ચાતક'

(મુક્તક)

કેટલું નિર્દોષ કારણ પ્રેમના ઇન્કારનું
છે કે મુજ અસ્તિત્વની પણ આપને ન્હોતી ખબર!
તો પછી વીતી ગઇ જે માત્ર ઈન્તેજારમાં
જિંદગી – એ શું વીતી ગૈ કૈંક પણ કારણ વગર?!

દીવાટાણું / ઉશનસ્

(હરિણી)

રવિ સળગતા અંગારા શો છનચ્છની પશ્ચિમે
જલધિજળમાં ડૂબી જાતો ડબાક; વરાળ શી
જલથી રજની ઊઠે ઝાંખી; ઉલૂક કરાળ શી
ગગનવીંઝતી પાંખો એની હવે ફફડે ધીમે
મુજ ઘરની મેડીની જાળી વિશે, ઘરની હવા
ચલિત વહતી એ પાંખોનું ઝીણું હણુ કંપન
શ્રવણ વિવરે; નોંધું, નોંધું વળી નીકળી જવા
દિવસ મથતો એ જાળીમાં ભરાઇ રહ્યો ક્ષણ.

વસન દિનનું ઝાંખું ધોળું હજી ઘરને વિશે
ક્ષણ ક્ષણ દિસે સંકોરાતું ઊંચે જતું જાળીમાં,
લહું ઉભયત: તાણેવાણે દિનદ્યુતિ – કાલિમા!
ધૂંધળું ધૂંધળું જાણે જાળી વિશે ગ્રથ્યું શું દિસે!

સ્વિચની 'કટ' ને રાત્રિ! કાન્તિ! જુદું ઘર-ભીતર!
હરચીજ ધરે ઓળા! બારી-જાળી-બહાર-પીતાંબર-વસ્ત્ર!

કુરુક્ષેત્રે / રાજેન્દ્ર શુક્લ

(પરંપરિત મનહર)

અજાણી કો' દિશા થકી
સૂસવતું આવે
ક્ષણે ક્ષણે એક એક શર,
આરપાર તો હું એને
કેમ જવા દઉં?
અધખૂંચ્યાં કરી લઉં કેદ...

એક એક ક્ષત—જપાકુસુમનું ગાન,
સમયની શરશય્યા કશી મુલાયમ!
મારી ઇચ્છાઓનો સર્વ
ઉત્તરમાં હળ્યા વિના
નહિ નમે દખ્ખણમાં
પડછાયા...

ગઝલ / ચેતનકુમાર

ફિકર નૌકાની કરનારા ખબર તો લો કિનારાની,
કરી દીધી છે તોફાને બૂરી હાલત બિચારાની.

અમે થાકી જશું કિંતુ ખબર પડવા નહિ દેશું,
નહિતર ટેવ જીવનને પડી જાશે સહારાની.

ચમકવું છે ગગન પર ચંદની પેઠે ખુમારીથી,
અમારે જોઇએ ના જિંદગી ખરતા સિતારાની.

બની બેઠા છે, જેઓ માર્ગદર્શક એમને પૂછો
લઇને કાફલો ચાલ્યા, ખબર પણ છે ઉતારાની?

જગતમાં આવનારાઓ વિષે હરકોઇ જાણે છે,
ખબર કોઇ નથી આપી શક્યું 'ચેતન' જનારાની.

લેખક · **બબલભાઈ મહેતા**

એડા જિલ્લાના માતર તાલુકાના રઢુ ગામે એમના મોસાળમાં સં. ૧૯૪૦ની મહાશિવરાત્રીએ—૨૫મી ફેબ્રુઆરી ૧૮૮૪ના રોજ એમનો જન્મ થયો હતો. મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ એમનું મૂળ વતન. ત્યાંના બીજા બ્રાહ્મણોની જેમ એમના વડવાઓ પણ આજુબાજુનાં ગામોમાં ગોરપદું કરતા. પિતાશ્રી શિવરામ વ્યાસ શરૂઆતમાં ધૂળી નિશાળના અને પાછળથી સરકારી નિશાળના શિક્ષક થયા હતા. એ વખતે એમને મહિને બાર રૂપિયાનો પગાર મળતો હતો. તેઓ વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપરાંત એમનામાં સંસ્કાર રેડવાની પણ એટલી જ કાળજી રાખતા. વિદ્યાર્થીઓ પ્રત્યે જેટલું કડક ગુરુપણું રાખતા એટલું જ પ્રેમાળ વાત્સલ્ય પણ તેઓ દાખવતા. પુત્ર રવિશંકરને પિતા પોતાની પાસે જ રાખતા અને બીજા શિષ્યોની જેમ તેને પણ એકેએક કામમાં જોડતા. મહારાજ ઘણી વાર કહે છે કે, 'મારામાં આજે જે કંઇ છે તેનો વારસો અને તાલીમ મને પિતા તરફથી જ મળેલાં છે. કષ્ટ કષ્ટ ન લાગે એ રીતે કામ કરાવવાની એમની પાસે કળા હતી. પંદરવીસ માઇલ ચાલી નાખવું એનો એમને હિસાબ નહોતો. તરવાનું પણ સરસ જાણતા. મારા ધાર્મિક સંસ્કાર પણ એમનો જ વારસો છે. રોજ બે કલાક પૂજાપાઠમાં આપતા. સાધુસંન્યાસીઓનો સત્સંગ કરતા. એમના આ બધા સંસ્કારોની અસર મારા પર જાણ્યે અજાણ્યે પડ્યે જ જતી હતી.'

માતાનો વાત્સલ્યભાવ તો બાળક રવિશંકર પિતા સાથે ચોમાસામાં ચાર માસ ઘેર આવે ત્યારે જ અનુભવવા મળતો. તેઓ ખૂબ મહેનતુ, સંસ્કારી, ધાર્મિકવૃત્તિવાળાં હતાં ભણેલાં નહિ પણ ધાર્મિક પુસ્તકો સાંભળીને ઠીક જ્ઞાન પ્રાપ્ત કરેલું. બાળક રવિશંકર પાસે તેઓ ભાગવત વંચાવડાવે ને તેને સમજાવે. દમનું દર્દ હોવા છતાં નવરાં ન બેસે. સુઘડ, ભક્તહૃદયી અને કરકસરવાળાં ગૃહિણી એ માતાના ગુણો પિતાના સંસ્કારની સાથોસાથ પુત્રમાં પણ ઊતર્યા. પણ કમભાગ્યે, હજી તેઓ વયમાં પણ પૂરા નહોતા આવ્યા ત્યાં સંવત ૧૯૬૦માં પિતા અને સં. ૧૯૬૩માં માતા–બંનેનું પ્લેગથી અવસાન થઈ ગયું.

'મહારાજ'નું શાળાકીય ભણતર તો સાત ચોપડી જેટલું જ થયું હતું, પણ નાનપણથી જ એમનામાં સાહસની, અન્યાયનો પ્રતિકાર કરવાની તેમજ સેવા કરવાની વૃત્તિઓ બીજ રૂપે પડી હતી. એટલે આંબલી-પીપળી ને ગેડી-દડે રમવું, નદીના ઊંડા ધરામાં ભૂસકા મારવા, પૂર આવેલી નદીને પાર કરી જવી, કોઇ પણ ડૂબતા માણસને બચાવવો, વૃદ્ધ કે અપંગને મદદ કરવી, આ બધા એમના સ્વાભાવિક શોખ બની ગયા હતા. અને ભાવિ જીવનમાં એ બહુ ઉપયોગી પણ નીવડ્યા. પિતાના અવસાન પછી એમણે ખેતી પણ કરી હતી. ગામમાં ચોર-બહારવટિયા આવતા હોય તો એમનો પીછો પકડવો, માંદાંની સેવા કરવી, કોઈ કોઇને પજવતું હોય તો એની વહારે ધાવું, કોઈ નિઃસહાય હોય તો એને મદદરૂપ થવું, આવા એમના નાનપણના ગુણો હતા.

એ જ અરસામાં એમના ગામમાં છોટાલાલ કવિ કરીને ત્યારની એક જાણીતી દેશી નાટક કંપનીના એક કવિ રહેતા હતા. નિશાળ છોડ્યા પછી મહારાજને એમનો પરિચય થયો. એમણે એમને અનેક ઐતિહાસિક પુસ્તકો વાંચવાનો શોખ લગાડ્યો. એમનામાં રાષ્ટ્રપ્રેમનાં બી પણ એમણે જ નાખ્યાં એમ કહેવાય. એટલું જ નહિ પણ પહેલો વેદમંત્ર પણ એ એમની પાસેથી જ શુદ્ધ ઉચ્ચારણ કરીને બોલતા શીખ્યા હતા. અને પ્રથમ વાર જ્યારે એ પોતાની માતા સમક્ષ તે બોલ્યા અને માતાએ એ પર ખુશાલી પ્રગટ કરી ત્યારે પુત્રને સંસ્કૃતનો આગળનો અભ્યાસ કરવાની ભારે પ્રેરણા મળી ગઇ. કવિ માટે એમના દિલમાં ખૂબ આદર હતો. કવિ હતા આર્યસમાજી, એટલે એમને આર્ય સમાજનો રંગ પણ સહેજે લાગી ગયો.

એક વાર આર્યસમાજનો વિરોધ કરનારા એક શંકરાચાર્ય મહારાજ સરસવણી ગામમાં આવ્યા હતા. એમણે ગામની ધર્મશાળામાંની સભામાં પ્રશ્ન પૂછ્યો કે અહીં કોઈ આર્યસમાજી છે? એ વખતે જુવાન રવિશંકરે ઊભા થઇને જવાબ આપ્યો 'હું જ છું.' આથી સ્વામીજી ગુસ્સે થઈ ગયા અને બ્રાહ્મણધર્મનો ભંગ કરવા બદલ તેમને ધર્મશાળામાંથી બહાર કાઢી મૂકવાનો આદેશ આપ્યો. એ વખતે લાગલા જ એ અન્યાયનો પ્રતિકાર કરતા શબ્દો એમના મોઢામાંથી નીકળ્યા કે 'હું જોઉં છું કે અમારી આ ધર્મશાળામાંથી મને બહાર કાઢનાર કોણ છે? ધર્મશાળામાં મારો પણ ભાગ છે.' એમની આ તેજસ્વિતા અને અન્યાયનો સામનો કરવાની શક્તિ ઉત્તરોત્તર વિકસતી ગઈ, અને સાથેસાથે એમાં વિવેક પણ ઉમેરાતો ગયો.



જેઓ આ મહિને ઍંશી વર્ષ પૂરાં કરે છે (ફોટો · કાન્તિ જોષી : ભાવનગર)

દીવાથી દીવો પ્રકટે એ રીતે જેમના જીવનથી જનસામાન્ય ને મધ્યમ વર્ગ, શ્રીમંતો ને સાહિત્યકારો, પ્રોફેસરો ને પ્રધાનો, રાજકારણી ને સમાજ-સેવકો, એમ અનેકોના જીવનદીપની વાટ સંકોરાતી રહી છે

લોકસેવાના પરિવ્રાજક રવિશંકર મહારાજ

છોટાલાલ કવિએ એમનામાં આર્યધર્મ વિષે પ્રેમ જગાડ્યો અને સમાજ માટે કાંઈક કરવાની પ્રેરણા જગાડી; પણ નજીકના કહ્લાલ ગામમાંથી એમને ત્યાં અવારનવાર આવતાજતા સ્વ૰ મોહનલાલ પંડ્યાએ તો એમનામાં રાષ્ટ્રપ્રેમની ભાવના જ્વલંત કરી મૂકી. ગાંધીજી વિષેનું એમના મનમાં ભારે આકર્ષણ પણ એ પંડ્યાજીએ જ જગાડ્યું. સ્વાતંત્ર્યસંગ્રામના સિપાહી બનવાની તાલીમ પણ એમને એમણે જ આપવા માંડી. ઇ. સ. ૧૯૧૭માં પંડ્યાજી રવિશંકર મહારાજને પહેલવહેલા ગાંધીજીના દર્શન કરવા માટે કોચરબ આશ્રમમાં લઈ ગયા. ત્યાં ગાંધીજીની રહેનસહેન, પ્રેમાભાઈ હૉલમાં જાહેર સભા વખતે હો હા કરતા ટોળાને શાંત પાડી દેવાની ગાંધીજીની અનોખી કળા વગેરે જોઈને તો એ સ્તબ્ધ થઈ ગયા! ત્યારથી ગાંધીજી વિષે એમના મનમાં એવી અનહદ શ્રદ્ધા બંધાઈ કે ત્યાર બાદ ગાંધીજીને જોવાની એકેએક તક એ ઝડપી લેવા લાગ્યા.

ઈ. ૧૯૧૮ની સાલમાં નિત્યાનંદજી નામના એક મહારાજ એમના ત્યાં આવ્યા હતા. એમનું પવિત્ર અને સાદું જીવન તેમજ જ્ઞાનપૂર્ણ મધુર વાણીથી મહારાજ એમના તરફ પણ આકર્ષાયા. આર્યપ્રકાશ વાંચ્યા પછી યજમાનવૃત્તિ દ્વારા યાચના કરવાના ધંધા પ્રત્યે એમનો અણગમો વધી ગયો હતો, એટલે ઘેર રહીને ખેતી કરતા હતા. નિત્યાનંદજી મહારાજે એમને ગૃહસ્થ જીવનમાં ઉચ્ચ રસ્તે જવાની અને સમાજરૂપી વિશાળ ઘર બનાવવાની પ્રેરણા આપી. પંડ્યાજીએ એમની એ ભાવનાને વધુ પ્રોત્સાહન આપ્યું. એમાંથી જ દીન દલિતોની સેવા કરવાની અને રાષ્ટ્રને સ્વતંત્ર કરવાની એમની ભાવના વધુ પ્રજ્વલિત થઈ. પ્રદેશમાં દુકાળ પડ્યો હોય કે રેલ આવી હોય તો લોકોને રાહત પહોંચાડવી, સસ્તા અનાજની દુકાન કાઢી ગરીબ લોકોનું શોષણ થતું અટકાવવું, વડોદરા અનાથાશ્રમના વિદ્યાર્થીઓ માટે ગામડે ગામડે ફરીને અનાજ ઉઘરાવી લાવવું, આવી આવી પ્રવૃત્તિ તો એમણે આરંભી દીધી હતી.

ઇ.સ. ૧૯૧૯ની મુંબાઈની માધવબાગની સભામાં ગાંધીજીએ સરકારે જપ્ત કરેલી 'હિંદસ્વરાજ્ય' પુસ્તકની પ્રતો વેચવાનો કાર્યક્રમ જાહેર કર્યો. ખેડા જિલ્લામાં એ પ્રતો પહોંચાડવા માટે પંડ્યાજીએ રવિશંકર મહારાજને ગાંધીજી સામે ખડા કરી દીધા અને એમનો પ્રથમ પરિચય કરાવ્યો. માથે ગોળ બ્રાહ્મણિયા પાઘડી, ધોતિયું, પહેરણ, કોટ, ખભે ખેસ અને હાથમાં લાકડી રાખવાવાળા એ વખતના જુવાન રવિશંકર મહારાજે ગાંધીજીનું સોંપેલું એ કામ પાર પાડવાનું ઉમંગથી બીડું ઝડપ્યું અને એ પાર પણ પાડ્યું.

આ કાર્ય પછી એમની હિંમત ઘણી વધી ગઈ. ગામડાંના લોકો પણ હવે એમને ઓળખતા થઈ ગયા હતા અને એમને 'સ્વરાજવાળો' કહેતા. પછી તો ગાંધીજીનો પરિચય વધતો ગયો. પરિણામે એમના વિચારો અને આચારોમાં ગજબનો પલટો આવવા લાગ્યો. શરૂઆતમાં એ મિલનાં કપડાં પહેરવા લાગ્યા, પછી ખાદી પહેરવા લાગ્યા અને છેવટે હાથે કાંતેલા સૂતરની જ ખાદી પહેરતા થઈ ગયા. એમનાં કોટ, પાઘડી અને લાકડીની જગ્યાએ અંગરખું અને સફેદ ટોપી આવી ગયાં. એમના સ્વદેશીના આગ્રહમાંથી એમના જીવનમાંથી ખાંડે પણ કાયમની વિદાય લીધી.

દરમિયાન દેશમાં જે કાંઈ બનાવો બનતા એ બધાની એમના મન પર અસર થયા કરતી. પંડ્યાજી અવારનવાર એમને મળતા રહેતા.



ફોટો
ચિત્તરંજન
આચાર્ય

કોઇ કોઈ વખત પ્રવાસમાં કે કામમાં સાથે પણ લઈ જતા. કૅાંગ્રેસના ૧૯૨૦ના નાગપુર અધિવેશનમાં તેઓ પંડયાજી સાથે જ રહેલા.

લોકમાન્ય તિલકના મૃત્યુ બાદ આખા દેશનું સુકાન ગાંધીજીના હાથમાં આવ્યું. એમણે તિલક સ્મારકમાં એક કરોડ રૂપિયાનો ફાળો ઉઘરાવવાનો, ૨૦ લાખ રેંટિયા ચાલુ કરવાનો અને સરકારી શાળા-કૉલેજો તથા સરકારી નોકરીઓ તેમજ માનચાંદનો બહિષ્કાર કરવાનો કાર્યક્રમ આપ્યો. જિલ્લાના દરેક કાર્યકરે પોતપોતાને ભાગે આવતો ફાળો ઉઘરાવવાનો હતો. એ રીતે મહેમદાવાદ તાલુકામાંથી મહારાજે વીસ હજાર રૂપિયા ઉઘરાવવાના હતા. કેટલાક દેશભક્તોએ પોતાની સમગ્ર મિલકત કૅાંગ્રેસને આપી દીધી હતી. એ જોઇ મહારાજને પણ પોતાનાં મકાન-જમીન વેચીને ફાળો આપવાની ઇચ્છા થઇ. પોતાનાં પત્ની સૂરજબા પાસે એમણે એ પ્રસ્તાવ મૂક્યો, પણ એનો સ્વીકાર થવાની સંભાવના ન જણાતાં એ વિચાર પડતો મૂકી એમણે પોતાની જાતને જ દેશને અર્પણ કરવાનો ભવ્ય સંકલ્પ કર્યો. ઘરનો એમણે કાયમ માટે ત્યાગ કર્યો. પત્ની અને બાળકોનું પોષણ ત્યાર પછી જમીનની ટૂંકી આવક પર જ નિર્ભર રહ્યું.

સ્વામી નિત્યાનંદજીએ એમને આ કામમાં આશીર્વાદ આપ્યા ને જણાવ્યું કે 'હવે તમે નાના ઘરમાંથી મોટા ઘરમાં પ્રવેશ કર્યો છે. એટલે ત્યાં પણ કરકસરથી વર્તજો. સમાજ પાસેથી ઓછામાં ઓછું લેજો અને સમાજને વધારેમાં વધારે આપજો.' આ એક પ્રકારનો સંન્યાસ જ હતો. મહારાજે એ દીક્ષા લીધી અને એનું અક્ષરશઃ પાલન કર્યું. એથી એમણે કશું ખોયું નહિ; ઊલટું એમણે અને ગુજરાતે ઘણું ઘણું પ્રાપ્ત કર્યું. આજે એમનાં કુટુંબીજનો એમના ઉપર ખૂબ પ્રસન્ન છે. મોટા પુત્ર મેધાવ્રતજીને તો એમના જન્મ પહેલાં કરેલા સંકલ્પ પ્રમાણે એમણે ગુરુકુળ કાંગડીમાં મૂકી દીધા હતા. એ આયુર્વેદના સ્નાતક થઈ આવ્યા પછી આજે પણ બ્રહ્મચારી પંડિત મેધાવ્રતજી તરીકે બોચાસણમાં રહીને લોકોની અનન્ય સેવા કરી રહ્યા છે. બીજા પુત્ર વિનોબાજી સાથે રહ્યા હતા. આજે એ અંબર-ચરખા સંશોધનના કામમાં પડેલા છે. એમની એક પુત્રી એમને સાસરે અમદાવાદમાં રહે છે. બધાં જ ખાદી પહેરે છે. સૂરજબા પંડિતજી સાથે રહે છે.

ઈ.૧૯૨૨માં દેશભરમાં અસહકારનું આંદોલન ચાલ્યું ત્યારે મહારાજે સુણાવમાં એક રાષ્ટ્રીય શાળા કાઢી હતી. એમનું દિલ ગાંધીજી બારડોલીમાંથી રાષ્ટ્રવ્યાપી લડત ઉપાડવાના હતા એમાં જોડાવા તલપી રહ્યું હતું. એ જ અરસામાં છિપિયલથી સરસવણી આવતી વખતે એમને અંધારામાં બહારવટિયાઓનો ભેટો થયો. જરા યે ગભરાયા વિના બંદૂક અને ધારિયાધારી બહારવટિયાઓની નજીક એ ગયા, ને બહારવટિયાએ જ્યારે પૂછ્યું કે કોણ છે? ત્યારે જવાબ આપ્યો કે હું પણ એક બહારવટિયો છું! એમ કહીને એમણે બ્રિટિશ સરકાર સામે ઉપાડેલા ઉમદા બહારવટાની, એમાં જોડાવાની અને એના સરદાર ગાંધીની વાતો કહી. બહારવટિયા પણ પોતાનાથી સવાયા આ બહારવટિયાથી આકર્ષાયા અને ગાંધીજીનાં દર્શન કરવાની ઇચ્છા કરી. મહરાજે એમને ગાંધીજીનો ભેટો કરાવવાની ખાતરી આપીને વિદાય લીધી. એ બહારવટિયામાંથી જ ૫૫ વર્ષની સજા પામનાર મોતી છૂટયા પછી આજે મહારાજની પ્રેરણા પામીને ખેતી કરે છે, ભજન કરે છે અને લોકોનો દારૂ છોડાવે છે.

ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં મશહૂર ચૌરીચૌરામાં લોકોએ પોલીસ ચોકી બાળી અને હિંસક કૃત્યો કર્યા એથી ગાંધીજીએ ૧૯૨૨માં અહિંસક સત્યાગ્રહ કરવાની સરકારને નોટિસ આપી હતી તે છતાં સત્યાગ્રહ મોકૂફ રાખ્યો. પણ એ અરસામાં ગાંધીજીએ જે લેખો લખ્યા હતા તે સરકારને ખૂંચ્યા હતા, અને એટલે સરકારે એમને પકડીને છ વર્ષની સજા કરી. જેલમાં જતાં પહેલાં મહારાજ એમને મળ્યા. પેલા બહારવટિયાઓની મુલાકાતની પણ વાત કરી. ગાંધીજીએ એમને એ કોમની સેવા કરવાનો આદેશ આપ્યો. ત્યારથી એમણે મનમાં એ બારૈયા અને પાટણવાડિયા કોમની સેવા કરવાનો સંકલ્પ કર્યો.

એક દિવસ વડોદરા રાજ્યના વટાદરા ગામના મુખીના આગ્રહથી મહારાજ એ ગામમાં રાત રોકાયા હતા. ત્યાં રોજ રાત્રે પાટણવાડિયા કોમનાં બધાં ભાઇબહેનોને ગુનેગાર હોય એમ ગામને ચોરે હાજરી પુરાવવા જવું પડતું. તે દિવસે પણ એ હાજરી-પ્રકરણ ચાલ્યું. મુખી નામ બોલતા જાય અને બધા હાજરી પુરાવતા જાય. એવામાં કોઈના અવાજમાં કાંઇક ફરક લાગ્યો એટલે મુખીએ સૌને 'હા જી' બોલ્યા પછી મોઢું દેખાડતા જવાનું કહ્યું. આના જવાબરૂપે બહેનો પણ ખીખી કરતી મુખીને મોઢાં દેખાડવા લાગી. આ જોઇને મહારાજનું માથું ફરી ગયું. એમને ત્યાં બેસવું પણ અસહ્ય થઈ ગયું. રાત્રે એ મુખીના ઘેર ન સૂતા પણ પાટણવાડિયા-વાસમાં ચાલ્યા ગયા અને એમને ભેગા કરીને સમજાવ્યું કે તમને આવી હાજરી પુરાવતાં શરમ નથી આવતી? મહારાજની બળતા હૃદયની વાણી સાંભળીને એ લોકોને પણ કંઈકંઈ થઈ ગયું અને એમને પણ હાજરી કઢાવવાની પ્રેરણા મળી. મહારાજે કહ્યું કે હું હાજરી કઢાવવા પ્રયત્ન કરું પણ તમે ગુના ન કરવાનું કબૂલો તો જ એ શકય બને. લોકોએ એમને પગે હાથ મૂકીને કબૂલાત આપી. પછી મહરાજ ઊપડયા, નાયબ સૂબાને મળ્યા અને એમની મદદથી એ ગામની જ નહિ પણ બીજાં અનેક ગામોની ગુના નહિ કરવાની કબૂલાત લઇ લઇને મહારાજે રફતે રફતે હજારો ભાઈબહેનોને હાજરીમાંથી મુક્ત કરાવ્યાં. એ દિવસોમાં મહારાજ રાત કે દિવસ જોયા વિના કામ કરતા. રોજના ૨૫-૩૦ માઈલ પણ ચાલી નાખતા.

હવે તો એમનો ઉતારો પણ પાટણવાડિયાની છાપરીઓમાં જ થવા લાગ્યો. થાકીને લોથ થઈ જાય ત્યારે એમની તૂટેલીફૂટેલી ખાટલી કે ગોદડીમાં ટૂંટિયું વાળીને સૂઈ રહેવામાં કે ચોવીસ કલાકમાં એક વાર એમની લૂખી સૂકી ખીચડી રાંધી ખાવામાં એમને અનહદ આનંદ થતો. અને એ ભાઇઓને પણ મહારાજ પોતાના જ લાગતા હતા. મહારાજ જ એક વખત કહેતા હતા કે '૧૯૨૩ થી ૧૯૨૮ વચ્ચેના એ ગાળાને હું મારા જીવનનો ઉન્નતિકાળ ગણું છું.' એ વર્ષોમાં એમણે અનેક ચોરી કરનારાઓની ચોરી છોડાવી, બહારવટિયાઓનાં બહારવટાં છોડાવ્યાં, દારૂ પીનારાઓના દારૂ છોડાવ્યા, આડે રસ્તે ચડેલાઓને સીધે રસ્તે લાવીને માણસ બનાવ્યા. એ માટે દિવસો સુધીના ઉપવાસો પણ એમણે વેઠયા છે.

આમ એક બાજુ એમનાં સેવાકાર્યો તો ચાલતાં હતાં, અને બીજી તરફ દેશમાં ચાલી રહેલા સ્વાતંત્ર્યયજ્ઞનાં જે જે આંદોલનો આવતાં હતાં એ બધાં સાથે પણ તેઓ કદમ મિલાવતા રહેતા હતા.

૧૯૨૩ના નાગપુર ઝંડા-સત્યાગ્રહમાં, બોરસદ તાલુકાની હૈડિયા વેરાની લડતમાં, ખેડાની ના-કરની લડતમાં, ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહમાં, '૩૦-'૩૨ના મીઠાના સત્યાગ્રહમાં કે ૧૯૪૨ના 'કરેંગે યા મરેંગે'ના સ્વાતંત્ર્યજંગમાં એમ દરેક વખતે તેઓ એક સૈનિકની અદાથી ભાગ લેતા અને જેલમાં જતા. એટલું જ નહિ, પણ જેલમાં પણ પોતાના આચાર-વિચાર અને પવિત્ર જીવનથી એ અનેકોને પ્રેરણા આપતા. ત્યાં આવેલા અનેક નવયુવકોને તો એમણે જીવન જીવવાની દીક્ષા આપી એમ કહી શકાય, ઉપરાંત એ કારાવાસમાં આપણે કલ્પીએ પણ નહિ એટલા ગ્રંથોનું એમણે વાચન કર્યું. સંસ્કૃત ભાષાનું પોતાનું જ્ઞાન પણ એમણે ત્યાં જ વધુ પાકું કર્યું. (અનુ૦ પૃ. ૭૭)

મર્ચન્ટ ઑવ વેનીસનો વેપારી

મહાકવિ શેક્સપીઅરનાં નાટકોની વાર્તાંતર-માળા : ૨
સંક્ષેપકાર : ડૉ. મધુસૂદન પારેખ

બેસાનિયો મોટી મૂંઝવણમાં મુકાઇ ગયો. એનો હાથ છુટ્ટો હતો અને લક્ષ્મી, એનો કરસ્પર્શ થતાં જ ચલિત થઇ જતી, એટલે એને હમેશાં નાણાંભીડ રહેતી. પણ હમણાં એની મૂંઝવણનું એક અનોખું કારણ હતું. થોડા સમયથી એ બેલ્મોન્ટ નગરની એક સુંદર શ્રીમંત અને સુશીલ યુવતીના સંપર્કમાં આવ્યો હતો. એ યુવતીની રૂપખ્યાતિ એટલી તો પ્રસરી હતી કે એને રીઝવવા, એની પ્રીત સંપાદન કરવા વિવિધ સ્થળેથી સત્તાવાન, સંપત્તિવાન નવજુવાનો એના આંગણાનાં પગથિયાં ઘસતા હતા. બેસાનિયો પણ એના સૌંદર્યથી આકર્ષાયો હતો. એને કંઇક આશા પણ બંધાઇ હતી. પરંતુ એ તો નિર્ધન હતો. પ્રતિષ્ઠિત અને પૈસાપાત્ર ઉમેદવારોની સરખામણીમાં એનું એ યુવતી આગળ સ્થાન શું? એથી એ સંકોચ પામતો હતો; છતાં એ સુંદરીનું કામણ એને એવું લાગ્યું હતું કે એને જીત્યા વિના હવે જીવતર ધૂળ લાગતું હતું.

આવી નિરાશામાં બેસાનિયો માટે એક આશા હતી. એનો પરમ મિત્ર ઍન્ટોનિયો – વેનીસ શહેરનો મોટો વેપારી – મિત્ર માટે માથું આપે તેવો હતો. બેસાનિયોની આર્થિક સ્થિતિ તેણે અનેક વાર સદ્ધર કરી આપી હતી. બેસાનિયો એને મળ્યો. મિત્રે થોડીક મજાક કરી લીધી. એ યુવતીનો પરિચય પૂછ્યો. 'એકપક્ષી પ્રેમ તો નથીને?' એવી ટકોર પણ કરી લીધી. બેસાનિયો એ રૂપસુંદરીની પ્રશંસા કરતાં કવિ બની ગયો. 'એનું નામ પોર્શિયા. રૂપમાં એનો જોટો જડે તેમ નથી. એનાં પલક પલક થતાં સુંદર નેત્રોમાં મેં વારંવાર મૂગા પ્રેમસંકેત નિહાળ્યા છે. એના સોહામણા સ્મિતમાં મેં સ્નેહનું નિમંત્રણ જોયું છે. એ જરૂર મારા પ્રેમનો પ્રતિભાવ પાડશે. પણ મને છાજે એવી શ્રીમંતાઈ વિના હું એના પ્રેમનો ઉમેદવાર બની તેના સમક્ષ શી રીતે ઉપસ્થિત થાઉં?'

ઍન્ટોનિયો ખુશ થઈ ગયો. પણ એની પાસે ય હમણાં હાથવગાં નાણાં નહોતાં. એનાં વહાણ વેપારી સફરે હતાં. છતાં મિત્રને ખાતર એણે પોતાની શાખ પર પહેલી વાર ઉછીના પૈસા લેવાનો નિશ્ચય કર્યો.

વેનીસમાં એક યહૂદી શરાફ હતો. એનું નામ શાયલૉક. આ શરાફને ઍન્ટોનિયો પ્રત્યે હાડવેર હતું, કારણ કે ઍન્ટોનિયો વગર વ્યાજે પૈસા ધીરતો, આ યહૂદીની છડેચોક મજાક કરતો, એના દુષ્ટ સ્વભાવ માટે એનો ફિટકાર કરતો. એ શાયલૉક પાસે બંને મિત્રો નાણાં વ્યાજે લેવા ગયા. દુશ્મનને લાગમાં આવેલો જોઈ યહૂદીનો આત્મા હરખાઈ ઊઠ્યો. એણે ઍન્ટોનિયોનાં બધાં અપમાન, મેણાંટોણાં મનોમન યાદ કરી લીધાં અને સંકલ્પ કર્યો કે આ ખ્રિસ્તી પર જો વેર ન લઉં તો મારી આખી યહૂદી જમાત પર ઈશ્વરનો શાપ ઊતરો!

ઍન્ટોનિયોએ એની પાસે ત્રણ હજાર 'ડયુકેટ' ની માગણી કરી. શાયલૉકનો આત્મા હાલી ઊઠ્યો. છતાં જરા કાલાઘેલા વેપારીની જેમ તેણે ઍન્ટોનિયોને એના અપમાનજનક વહેવારની યાદ આપી. આ બાપડા યહૂદી સાથે તેણે કેવો તોછડો વર્તાવ રાખ્યો હતો તે પણ સંભારી આપ્યું. પણ ઍન્ટોનિયોને અત્યારે એ બધી વાતો સાથે કશી નિસ્બત નહોતી. એની ઘૃણા તો આ શરાફ પ્રત્યે કાયમ હતી. શાયલૉકને એણે રોકડું પરખાવતાં કહી દીધું: 'મારો તારા વિશેનો અભિપ્રાય હજી કાયમ જ છે. મારે તારી પાસેથી દાન નથી જોઈતું, વ્યાજે પૈસા લેવા છે. તારે માગવું હોય તે વ્યાજ માગી લેજે. મહેરબાની જરા પણ કરતો નહિ, સમજ્યો! સમયસર તારી રકમ હું પરત ન કરું તો તને ફાવે તે દંડ લેજે.'

ઍન્ટોનિયોનાં આ વચનોથી શાયલૉકને અંતરમાં તો ઝાળ લાગી ગઈ; પણ ગમ ખાઇને ગદ્ગદ થતો એ બોલ્યો: 'મારા સાહેબ, તમે ભલે મને ધિક્કારજો. હું તો તમારી મમતાનો ભૂખ્યો છું. મારે તો તમારો સદ્ભાવ જોઇએ. તમે માગેલા ત્રણ હજાર ડયુકેટ હું જરૂર તમને ધીરીશ – અને તે પણ વગર વ્યાજે. મારે તમારી મૈત્રી જોઇએ છે અને માટે તો હું નિમિત્ત શોધું છું. ચાલો મારી સાથે વકીલને ત્યાં. આપણે કરારપત્ર તૈયાર કરીએ.' બંને મિત્રો શાયલૉકની આ ભલાઇ જોઇ જ રહ્યા. મીઠું મલકતો શાયલૉક ફરી કહેવા લાગ્યો: 'ત્રણ હજાર ડયુકેટ – વ્યાજની કોડી પણ હરામ! બસ થયું ને? તમારો પ્રેમ મળે પછી મારે બીજું શું જોઇએ? પણ હા. મિત્રની એક મજાક હું જરૂર કરી લઇશ. કરારખત પર એક શરત – કેવળ મજાક ખાતર જ હોં! – મૂકવી પડશે. તમે જો નિશ્ચિત મુદતમાં નિયત સ્થળે મારાં નાણાં ભરપાઈ ન કરો તો તમારા શરીરના કોઇ પણ ભાગમાંથી બરાબર એક રતલ માંસ કાપી લેવાનો હું હકદાર થાઉં.' અને શાયલૉક ફરી હસી પડ્યો: 'કેવી મજાક છે? વ્યાજ બિલકુલ નહિ, – માત્ર બેઘડી મીઠી મજાક!'

શાયલૉકની આ ભલમનસાઈથી અને એનાં આવાં લાડઘેલાં વચનોથી ઍન્ટોનિયો પ્રસન્ન થઈ ગયો. પણ બેસાનિયો ચેતી ગયો. એને આ શરતમાં શરાફનો કંઈક પ્રપંચ ગંધાયો. એણે ઍન્ટોનિયોને આવા કોઇ દસ્તાવેજમાં સહી કરવાની ચોખ્ખી ના પાડી. 'હું ભલે ધન વિનાનો રહીશ પણ તને તારા જીવતરનો સોદો તો નહિ જ કરવા દઉં.'

શાયલૉક અટ્ટહાસ્ય કરી ઊઠ્યો: 'જોયું? આનું નામ ખ્રિસ્તી! કમળો હોય તેને પીળું જ દેખાય! અરે ભલા માણસ, મારી આ મજાક પણ તમે સમજી નથી શકતા? મારે તો તમારી મહેરબાનીની માયા-મમતા જોઇએ છે. તમે સમયસર નાણાં ભરપાઇ નહિ કરો તો શું હું ખરેખર શરીરમાંથી માંસ કાપી લેવાનો હતો? અરે ઢોરનું માંસ હોય તો કંઇક ખપમાં પણ આવે. માણસનું માંસ મને શા કામનું? મેં તો મૈત્રીદાવે ગમ્મત ખાતર આ શરત મૂકી છે. જરા ગમ્મત તો સમજો! વગર વ્યાજે હું પૈસા ધીરું છું, છતાં આ ન જેવી શરત પણ જો તમને આકરી પડતી હોય તો મારા સાહેબ, હું લાચાર છું. આપ બીજે તજવીજ કરો.'

બેસાનિયો આ સોહામણાં વચનોથી ભરમાયો નહિ. એને એમાં કાવતરાની જ ગંધ આવી. પણ દિલાવર દિલના ઍન્ટોનિયોને આ શરાફની સચ્ચાઈ પર એટલો વિશ્વાસ બેસી ગયો કે એણે તરત ખત પર સહી કરવાની હા પાડી દીધી. એને વિચાર આવ્યો કે આ યહૂદી આવો ભલો થઇ શક્યો! જરૂર એ વહેલોમોડો ખ્રિસ્તી થઈ જવાનો!

પોર્શિયા સાથે લગ્નની ઇચ્છા ધરાવનાર અનેક ઉમેદવારો હતા. પરંતુ પોર્શિયાની નજર ખાસ કોઇના પર હજી ઠરી ન હતી. હા, બેસાનિયો તરફ એનું હૃદય ઢળ્યું હતું ખરું. બધા ઉમેદવારોમાં એ કંઈક જુદો તરી આવતો હતો. એ જુવાન એનો જીવનસાથી બની શકે તો? પણ પોર્શિયા પરાધીન હતી. લગ્નસ્વાતંત્ર્યનો એને અધિકાર ન હતો. એના

પિતાએ મૃત્યુ સમયે વિલ કર્યું હતું. એમાં એક વિચિત્ર શરત હતી. એમના ભંડારમાં સોનાની, રૂપાની અને સીસાની એવી ત્રણ પેટીઓ હતી. એમાંથી એકમાં પોર્શિયાની તસવીર હતી. જે ઉમેદવાર એ ત્રણમાંથી યોગ્ય – પોર્શિયાની તસવીરવાળી – પેટી શોધી શકે તેને જ પોર્શિયા પરણે. પિતાની આ અંતિમ ઈચ્છાનું પોર્શિયાએ પાલન કરવું જ રહ્યું! સમય વીતતો હતો. અત્યાર સુધીમાં અનેક જુવાનો પોર્શિયાના હાથના ઉમેદવાર બનીને આવી ગયા હતા. પણ યોગ્ય પેટીની પસંદગી કોઇ કરી શક્યું ન હતું. પોર્શિયા નિરાંતનો શ્વાસ લેતી હતી. થોડાક દિવસો બીજા વીત્યા. એનો પ્રેમી બેસાનિયો એક દિવસ એને આંગણે આવી ઊભો. એ પણ ઉમેદવાર જ હતો. પોર્શિયાને ફડક પેઠી. કદાચ બેસાનિયો પણ પેટીની પસંદગીમાં નિષ્ફળ નીવડશે તો? એના સ્નેહજીવનનાં સ્વપ્નાં ડામાડોળ થવા લાગ્યાં. પણ એ પિતાની શરતને અધીન હતી. પોર્શિયાની સખી નેરીસાએ બેસાનિયોનું સ્વાગત કરી લગ્નની શરત તેને સમજાવી તેની સમક્ષ ત્રણ પેટીઓ રજૂ કરી. એકએકથી ચડિયાતી, રૂપેરંગે સુંદર, એવી ત્રણે પેટી સામે બેસાનિયો નીરખી રહ્યો. પોર્શિયાનો જીવ શીકે તોળાઈ રહ્યો. એનું હૃદય પ્રાર્થના કરી રહ્યું હતું: 'હે ઇષ્ટદેવતા, એને જિતાડજો–મને જિવાડજો.'

બેસાનિયોએ સોનાની પેટી પર નજર નાખી. એના ઉપરનું લખાણ વાંચ્યું. પેટી મઝાની ચકચકિત હતી. પણ બેસાનિયોનું ન જાણે કેમ મન ઠર્યું નહિ. સોનાના રંગથી એને મોહ ઉપજ્યો નહિ. એણે રૂપાની પેટી તપાસવા માંડી. રૂપાળો એનો રંગ હતો. બેસાનિયો થોડીક પળ એને નીરખી રહ્યો. પણ રૂપું અને સોનું તો ચંચળ. એને શું કરવાનું? રૂપાની પેટી પણ એને રુચિ નહિ. એણે સીસાની પેટી લીધી. એ સાદી છતાં આકર્ષક હતી. બને ત્યાં સુધી એને કોઇ પસંદ ન કરે. પણ બેસાનિયો કશીક અંતઃપ્રેરણાને વશ થઇ એ પેટી પર ઝૂક્યો. એને મનમાં એવી ભાવના થઇ કે આ પેટીમાં જ એનું ભાગ્ય નિર્માણ થયું છે. પોર્શિયાનો શ્વાસ અદ્ધર થઈ રહ્યો હતો. એનું ભાગ્ય કેવું હશે? પણ આંખના પલકારામાં બેસાનિયોએ એ સીસાપેટી ઉઘાડી નાખી. સુખદ આશ્ચર્ય વચ્ચે એણે જોયું તો એમાં પોર્શિયાની મનોહર તસવીર હતી. આનંદના અતિરેકથી પોર્શિયાએ આ નિર્માણને વધાવી લીધું. બેસાનિયોના હર્ષનું તો પૂછવાનું જ શું? બંનેનાં ભાગ્ય ફળ્યાં.

બેસાનિયો સમક્ષ ઊભીને ગદ્‌ગદ કંઠે એણે કહ્યું: 'તમે જીત્યા. થોડીક પળો પહેલાં આ વિશાળ ઈમારતની હું સામ્રાજ્ઞી હતી. હવે મારી તમામ માલમિલકત અને હું પોતે–સૌ તમારાં છીએ. પ્રેમના–લગ્નના સંભારણા રૂપે આ મારી વીંટી અંગીકાર કરો. એને કદાપિ વિખૂટી કરશો નહિ. એ પ્રેમ અને વિશ્વાસનું પ્રતીક માનજો.' બેસાનિયોએ વીંટી આંગળીએ પહેરીને શાશ્વત પ્રેમનો પોર્શિયાને કોલ આપ્યો.

આ આનંદમાં જાણે વધારો કરતા હોય એમ બીજી એક મંગલ ઘટના બની. બેસાનિયોના અનુચર ગ્રેશિયાનોએ પોર્શિયાની દાસી–સખી નેરીસા સાથે લગ્નથી જોડાવાની સંમતિ માગી. પોર્શિયાએ નેરીસા સામે જોયું. એની મુગ્ધલજ્જાએ બધો જ ઘટસ્ફોટ કરી દીધો. એ બંને વચ્ચે પણ સેવનન સંબંધ હતો! બંને 'અનુચરો' સાર્થક નીવડ્યાં! બંનેને લગ્નની સંમતિ મળી. વાતાવરણમાં લગ્નમંગલ વાજી રહ્યાં. પ્રેમનો કલશોર મચી રહ્યો.

ત્યાં અચાનક એક દૂત આવી પહોંચ્યો. એની સાથે ઍન્ટોનિયોએ બેસાનિયોને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે એક પત્ર બીડ્યો હતો. ઉમંગમાં બેસાનિયોએ પત્ર ફોડ્યો. પણ એ વાંચતાં એના ચહેરાનો રંગ ઊડી ગયો. એને ભારે આઘાત થયો. એમાં દુઃખદ સમાચાર હતા. બેસાનિયોએ પોર્શિયાને પોતાના પરમ મિત્રની સઘળી વાત કહી. એ મિત્ર–ઍન્ટોનિયો કરજે લીધેલાં નાણાં શાયલૉકને સમયસર ભરપાઇ કરી શક્યો નહોતો. કમનસીબે એનાં વહાણ ખરાબે ચડયાં હતાં. શાયલૉકે મુદત વીતી કે તરત જ 'યહૂદી-ઉઘરાણી' કરીને ઍન્ટોનિયોને જેલમાં નંખાવ્યો હતો. હવે એણે પોત પ્રકાશ્યું હતું. ઍન્ટોનિયોની કે બીજા કોઈની એક પણ વાત હવે એ સાંભળવા ઈચ્છતો ન હતો. પૈસા તો એને ખપતા જ નહોતા. એ તો બસ ઍન્ટોનિયાના શરીરમાંથી એક રતલ માંસ કાપવાની જ જીકર લઈને બેઠો હતો. ઍન્ટોનિયોએ જીવનની આશા છોડી હતી. મરતાં અગાઉ તેણે બેસાનિયોને છેલ્લી વાર મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

બેસાનિયો, ઍન્ટોનિયો અને શાયલૉક (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)



આ બધી વાત સાંભળી પોર્શિયા પણ ચિંતાતુર બની ગઈ. પોતાના પતિને ખાતર એ દાનો મિત્ર ખતરામાં મુકાયો એથી એ ખિન્ન થઈ ગઈ. બેસાનિયો પણ બેચેન બની ગયો. મિત્રને મળવાની એને તાલાવેલી લાગી. પોર્શિયાની સંમતિ લઇને એ તત્કાળ વેનીસ ઊપડી ગયો. પોર્શિયા સચિંત વદને વિચારમગ્ન થઈ એને જતો જોઈ રહી.

વેનીસના એક પ્રતિષ્ઠિત વેપારીને શાયલૉકે કેદમાં નંખાવ્યો તેથી આખા નગરમાં સન્નાટો ફેલાઇ ગયો. એણે ઍન્ટોનિયોની એક પણ વાત કે વિનંતિ કાને ધરવાની ઘસીને ના પાડી અને એને ચોખ્ખું સંભળાવી દીધું:

'હવે મારે પૈસા નજોઈએ. ખતમાં લખ્યું એ જ સાચું. હું સોગંદ ખાઈને કહું છું કે હું જરા ય પીગળવાનો નથી. તમે મને વારંવાર અપમાન્યો છે. મને તમે કૂતરો કહ્યો હતો! હવે મારા દાંત કેવા કાતિલ છે તે હું દેખાડી આપીશ.' નગરના મહાજનોએ તેને સમજાવી જોયો. મૂળ રકમ કરતાં પણ વધારે રકમ આપવાની તૈયારી દેખાડી. વેનીસના ડ્યૂકે પણ તેને દયા દર્શાવવાની વિનતિ કરી. પણ બધું નિષ્ફળ ગયું. બૅસાનિયોએ પણ તેને મનાવી જોયો. નાણાંની મોટી રકમ તેની સામે ધરી છતાં શાયલૉક જિદ્દને વળગી રહ્યો.

કોર્ટમાં બધાની વિનતિથી અકળાઈ એણે બૂમરાણ કરી મેલ્યું: 'તમે બધા શાને મારી પાછળ લાગ્યા છો? મારે એક રતલ માંસ જ જોઈએ છે. એ મારી મુનસફીની વાત છે. તમે કારણ પૂછો છો તો સાંભળી લો. આ ઍન્ટોનિયોને હું હૃદયથી ધિક્કારું છું. અને માટે તો આ ખોટ ખમવા તૈયાર થયો છું. એના શરીરમાંથી હું પૂરું એક રતલ માંસ કાપીશ જ. બીજું હું કશું કહેવા માગતો નથી. હું કોઈને કશા ખુલાસા કરવા બંધાએલો નથી. કોર્ટમાં મારે "લખ્યું છે એ જ વંચાય" એટલો ઇન્સાફ જોઇએ છે. માત્ર ઈન્સાફ, બીજું કશું જ નહિ.'

શાયલૉકનો મુદ્દો સાચો હતો. કાયદો એના પક્ષે હતો. કોર્ટ ચિંતાતુર હતી. કેસ ચલાવતાં પહેલાં ડ્યૂકે છેલ્લી વાર તેને વિનતિ કરી: 'ભલા માણસ જરાક તો રહેમ રાખ. તું બીજા પર રહેમ નહિ કરે તો ખુદા તારા પર શી રીતે કરશે?' શાયલૉક છંછેડાઈ ઊઠ્યો: 'બધા જ લોકો મને શા માટે પજવો છો? મેં ખુદાનું શું બગાડ્યું છે કે તે મારા પર રહેમ નહિ કરે? મને તમે ખ્રિસ્તીઓ દયાનો ઉપદેશ આપવા નીકળ્યા છો. પણ તમે તમારા ગુલામો પર કેટલી દયા-માયા દેખાડો છો! એમને તમે તમારી મિલકત ગણો છો ને એમની સાથે ફાવે તેમ, બેફામ વર્તો છો. ઍન્ટોનિયોના શરીર પરનું એક રતલ માંસ એ મારી મિલકત છે. મારો એ મિલકત પર હક છે. તમે મને શી રીતે રોકી શકો! હું તે આરોપી છું કે ફરિયાદી? ઈન્સાફ ન કરી શકો તો ના કહી દો. જગતમાં વેનીસની કોર્ટની નામોશી થશે, મારે શું?'

કોર્ટના તમામ માણસો શાયલૉકને ફિટકાર આપવા માંડ્યા.



પોર્શિયાનો જીવ શોકે તોળાઈ રહ્યો. (ચિત્રકાર: ગૉર્ડન બ્રાઉન)

ઍન્ટોનિયોએ હવે જીવવાની આશા મૂકી. ત્યાં બૅસાનિયો વચમાં જ કૂદી પડ્યો: 'નહિ પ્રિય ઍન્ટોનિયો. હું તને નહિ જ મરવા દઉં. તારા દેહમાંથી લોહીનું એક ટીપું પડે તે પહેલાં હું આ યહૂદીને મારું તમામ લોહી માંસ અને હાડકાં સુદ્ધાં આપી દઈને સંતોષીશ.' પણ ઍન્ટોનિયોએ તેને વાર્યો: 'નહિ મિત્ર. હું ભલે મરું. તું જીવતો રહે. તારે તો મારી કબર ઉપર આલેખ લખવાનો છે.' કોર્ટમાં સહુની આંખ ભીની થઈ. શાયલૉક એની છરીને ધાર કરવામાં ગુલતાન હતો. સહુ લાચાર બની ગયા હતા.

વેનીસના ડ્યૂકે આ કેસ ચલાવવા માટે એક ખાસ વકીલ નીમ્યો

હતો. ત્યાં બહારગામથી એક નવો વકીલ પોતાના મદદનીશ સાથે બરાબર સમયે કોર્ટમાં દાખલ થયો. આશા બંધાઇ, સૌને આવનાર વકીલે ડયૂક સમક્ષ ખુલાસો કર્યો કે ધારાશાસ્ત્રી મિ. બેલારિયો અચાનક કામમાં રોકાવાથી આવી શક્યા નથી. ને તેની અવેજીમાં પોતે કેસ માટે હાજર થયા છે. સૌકોઇ આ જુવાન વકીલને જોઇ રહ્યા. 'આ...?' એના મુખ ઉપર કોમળતા હતી. એનો અવાજ મૃદુ હતો. એ વકીલે વાદી, પ્રતિવાદી, સાક્ષી વગેરેનો તરત પરિચય કરી લીધો. પછી થોડીક ઊલટ તપાસ કરી કહી દીધું: 'કેસ સ્પષ્ટ છે. ઍન્ટોનિયો કરજે લીધેલી રકમ નિશ્ચિત મુદતમાં ભરપાઇ કરી શક્યા નથી. શાયલૉક એક રતલ માંસ માટે પૂરા હકદાર છે.'

સહુનાં મોં પડી ગયાં. ધારાશાસ્ત્રીએ ઉમેર્યું: 'અલબત્ત કાયદો શાયલૉકની તરફેણમાં છે, પણ એમને દયા દર્શાવવાની હું અપીલ કરીશ. દયા દૈવી બક્ષિશ છે એ શાયલૉકને સમજાવવાનું ન હોય. દયા લેનાર ને દેનાર બંનેને એ પાવન કરે છે. શાયલૉક દયાનો મહિમા સમજે તો સારી વાત છે, નહિતર કોર્ટ કાયદાનો અમલ કરશે જ. ઍન્ટોનિયોએ શિક્ષા ભોગવવી જ પડશે. શાયલૉક કાયદેસર હકદાર છે.'

બેસાનિયો એકદમ આજીજી કરી ઊઠ્યો: 'નામદાર, આ ક્રૂરતા છે, કાવતરું છે. કાયદો આવી ક્રૂર સજાનો અમલ કરશે? આપ, જરૂર કાયદાને હળવો કરી એક નિર્દોષ વ્યક્તિને ઉગારશો એવી પ્રાર્થના છે.'

પણ ધારાશાસ્ત્રીએ ડોકું ધુણાવ્યું: 'સ્થાપિત કાયદાને મચડવો એમાં ઇન્સાફની ઇજ્જત નથી. કાયદો ભલે જડ હોય, ક્રૂર હોય, પણ કાયદો એ કાયદો છે.' ધારાશાસ્ત્રીની આ વાણી પર શાયલૉક વારી ગયો: 'વાહ, કેવી ઉત્તમ સમજ છે! શાણપણ તો બસ વકીલસાહેબનું જ!'

વકીલસાહેબે શાયલૉકને ફરી અપીલ કરી: 'તમે હજુ વિચાર કરો. માત્ર ઈન્સાફ ન માગો. તમને અનેકગણાં દામ મળે છે.'

'નહિ સાહેબ. શાયલૉકે ખોંખારીને કહ્યું: મેં તો સોગંદ ખાધા છે. મારે તો ખતમાં લખેલું બરાબર એક રતલ માંસ જ જોઇએ. હું સોગંદ તોડીને પાપમાં નહિ પડું. બદલામાં આખું વેનીસ શહેર મને મળતું હોય તો પણ તે મને ન ખપે. ઈન્સાફ, સાહેબ, ઈન્સાફ જોઇએ.'

'તો પછી' વકીલે ગંભીરતાથી કહ્યું: 'તમે એક રતલ માંસ માટે હકદાર છો. ઍન્ટોનિયોને હું એ માટે સજ્જ થવાનો હુકમ કરું છું. પણ શાયલૉક, હજુ મારું માનો. ઈન્સાફનો જડ આગ્રહ છોડો અને આ દસ્તાવેજ મને ફાડી નાખવા દો.'

'નહિ સાહેબ,' શાયલૉક જુસ્સાથી બોલી ઊઠ્યો: 'મારા નિર્ણયમાંથી મને કોઈ હટાવી શકશે નહિ. ખતમાં લખ્યું છે તેનું અક્ષરશઃ પાલન થાય એ જ મારી ઇચ્છા છે.'

વકીલની સૂચનાથી ઍન્ટોનિયો આગળ આવ્યો. કોર્ટ કંપી ઊઠી. શાયલૉક હરખી રહ્યો. 'ઠીક શાયલૉક, રતલ માંસ જોખવાનાં ત્રાજવાં લાવ્યા છો કે?' વકીલના પ્રશ્નના જવાબમાં શાયલૉક તરત ત્રાજવાં લઇને આગળ ધસ્યો. તેના બીજા હાથમાં તીક્ષ્ણ છરી હતી. વકીલે તેને અટકાવતાં કહ્યું: 'જરા થોભો. તમે માંસ કાપશો તો આ બિચારા આરોપીના શરીરમાંથી પાર વિનાનું લોહી વહી જશે. એની સારવાર માટે તમે ડૉકટરની વ્યવસ્થા કરી છે?'

'ડૉકટર? હું શાનો વ્યવસ્થા કરું? દસ્તાવેજમાં એવો કરાર છે જ ક્યાં? નહિ નામદાર, એ ફરજ મારી નથી.'

'ફરજ નહિ પણ એટલી માનવતા તો હોવી ઘટે ને?'

'નહિ જી, હું ડૉકટર લાવવા બંધાએલો નથી. કરારમાં એવું નથી.'

વકીલે ઍન્ટોનિયોને એની અંતિમ ઇચ્છા પૂછી. સહુની આંખો આંસુથી છલકાઈ ગઈ. ઍન્ટોનિયોએ બેસાનિયોના હાથ પ્રેમથી દબાવ્યા. એની પત્નીને સુખી દામ્પત્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

વકીલે નિર્ણય જાહેર કર્યો: 'વેનીસના વેપારી ઍન્ટોનિયાના શરીરના કોઈ પણ ભાગમાંથી બરાબર એક રતલ માંસ કાપવાનો વાદી શાયલૉકનો અધિકાર કોર્ટ માન્ય રાખે છે.' શાયલૉક ઉમળકાથી આગળ ધસી આવ્યો. વકીલે ફરી તેને રોક્યો: 'એક મિનિટ થોભો. આ કેસમાં એક બીજો મુદ્દો મારે કહેવાનો છે.'

આખી કોર્ટ સ્તબ્ધ થઈ સાંભળવા તત્પર થઈ ગઈ. 'જુઓ મિ. શાયલૉક, તમને આ પ્રતિવાદીના શરીરના કોઈ પણ ભાગમાંથી બરાબર એક રતલ માંસ કાપવાનો હક છે. પણ જુઓ તમારે માત્ર માંસ જ કાપવાનું છે, જો તેમ કરતાં તમે લોહીનું એક ટીપું પણ પાડશો તો તમારી તમામ માલમિલકત વેનીસના કાયદા પ્રમાણે જપ્ત થશે!'

શાયલૉકનાં ગાત્ર ગળી ગયાં. આખી કોર્ટમાં ઉત્સાહ છવાઈ ગયો. બેસાનિયાનો મિત્રી ગ્રેશિયાનો વિવેક વિસરીને શાયલૉકનાં ચાંદુડિયાં પાડવા લાગી ગયો. શાયલૉક કંપી ઊઠ્યો: 'લોહીનું ટીપું પણ પાડ્યા વિના માંસ કેમ કપાય? આવો તે કાયદો હોઈ શકે?'

'એ હવે ખબર પડશે.' વકીલે કહ્યું, 'તમારે તો ઈન્સાફ જોઈએ, માત્ર ઈન્સાફ. તમને જરૂર તે મળશે. તમે બરાબર એક રતલ માંસ કાપી લો. કોર્ટને વિલંબમાં ન મૂકો.'

ડઘાઈ ગએલા શાયલૉકને ઉદ્દેશીને વકીલે ફરી કહ્યું: 'સાંભળો મિ. શાયલૉક. હજુ ઈન્સાફ બાકી છે. એક રતલ માંસ કરતાં જરા પણ– વાળપૂર પણ–વધતુંઓછું માંસ કાપશો તો તમને મૃત્યુદંડ મળશે.'

શાયલૉક રડી ઊઠ્યો: 'નામદાર, હું ગરીબ માણસ; દયા કરો. મારે માંસ નથી જોઈતું, હું રકમ લેવા તૈયાર છું.'

'નહિ, તમને ઈન્સાફ જ મળશે. તમારે તો એ જ જોઈએ ને?'

શાયલૉક મૂળ રકમ લેવા પણ તૈયાર થયો. બેસાનિયો તૈયાર જ હતો. પણ વકીલે તેને રોક્યો. તેણે શાયલૉકની માલમિલકત જપ્ત કરવાનો હુકમ આપ્યો.

આખરે ડયૂકની દયાથી અને ઍન્ટોનિયોની વિનતિથી શાયલૉકને માફી બક્ષવામાં આવી. એની મિલકત એની દીકરીને મળે એ શરતે તેને પાછી સોંપવામાં આવી. એની દીકરી કોઈ ખ્રિસ્તી સાથે પરણી હતી તેથી શાયલૉકે તેને વારસામાંથી રદબાતલ કરી હતી.

કોર્ટ વિખરાઈ. બેસાનિયો–ઍન્ટોનિયો વગેરેએ વકીલ સાહેબનો ખૂબ આભાર માન્યો. કંઈક ઈનામ લેવાનો અતિ આગ્રહ પણ કર્યો. વકીલ સાહેબે મદદનીશ સામે જોયું. પછી અચાનક બેસાનિયોના આગ્રહને વશ થઈ ને કહ્યું 'ભલે, તમને નારાજ નહિ કરું. મૈત્રીના સ્મરણ તરીકે આ તમારી વીંટી મને આપી દો.'

બેસાનિયોનું મોં પડી ગયું. પણ છેવટે વકીલ સાહેબને રાજી રાખવા કેસ જીત્યાની ખુશાલી રૂપે પોતાની વીંટી તેને આપી.

પોર્શિયા આતુરતાથી પતિની વાટ જોતી હતી. બેસાનિયો પોતાના મિત્ર ઍન્ટોનિયોની સાથે વધામણી લઈને તરત આવી પહોંચ્યો. પોર્શિયાએ ઍન્ટોનિયોનું મધુરું સ્વાગત કર્યું. બેસાનિયો કોર્ટમાં જુવાન વકીલે દાખવેલી કુશળતાની વાત ઉત્સાહપૂર્વક પોર્શિયા પાસે વર્ણવતો હતો. પોર્શિયા આનંદથી ખુશખુશાલ મુક્ત હસતી હતી.

પણ એકાએક ગ્રેશિયાનો અને નેરીસા ત્યાં ઝગડવા માંડયાં. બધાંને નવાઈ લાગી. નેરીસાએ ગ્રેશિયાનોને લગ્નભેટ તરીકે જે વીંટી આપી હતી તે તેણે કોર્ટમાં વકીલના કારકુનને ખુશાલીમાં આપી દીધી હતી. નેરીસા એ વાત માનવા બિલકુલ તૈયાર ન હતી. એણે તો પ્રેમના વિશ્વાસઘાતનું આળ મૂકીને પતિને ઉધડા જ લેવા માં-

ડયા. પોર્શિયાએ પણ તેનો પક્ષ લઈ ગ્રેશિયાનોને ઠપકો આપતાં કહ્યું: 'પ્રેમનું પ્રતીક તમે બીજાને આપી જ કેમ શકો? તમારો પ્રેમ ત્યારે ફટકિયો જ સમજવોને? મારા પતિ મારી વીંટી કદી કોઈને કોઈ સંજોગોમાં ન આપે એવો મારો દૃઢ વિશ્વાસ છે.'

ગ્રેશિયાનોએ તરત કહ્યું: 'એમણે પણ પોતાની વીંટી વકીલ સાહેબને આપી દીધી છે.'

પોર્શિયા બેસાનિયોની સામે વેધક નજરે તાકી રહી. કાપે તો લોહી ન નીકળે એવી એની સ્થિતિ થઈ. ખિન્ન થઈને પોર્શિયાએ કહ્યું: 'વિશ્વાસઘાત એ વિશ્વનું સહુથી મોટું પાપ છે. તમે પ્રેમનો વિશ્વાસઘાત કર્યો. એ વીંટી વિના આપણો સંબંધ ફોક. તમે હવે છૂટા છો.'

બેસાનિયોએ પોતે કેવા સંજોગોમાં વીંટી વકીલને આપી તેની સોગંદપૂર્વક વાત કહી. પણ પોર્શિયા એ સાંભળવા તૈયાર નહોતી.

સહુથી વધારે વિકટ સ્થિતિ ઍન્ટોનિયોની હતી. એને તો એમ જ લાગ્યું કે પોતાને કારણે જ આ સોનાનો સંસાર તૂટયો. એનો જીવતા રહ્યાનો આનંદ પણ ઓસરી ગયો. એણે આગ્રહભરી વિનતિ પોર્શિયાને કરી: 'આ તકરારનું મૂળ હું પોતે જ છું. મારા જેવો કમનસીબ બીજો કોણ હશે? પણ મારી એક વિનતિ સ્વીકારો. એક વાર બેસાનિયો માટે મેં મારું જીવન હોડમાં મૂકયું હતું. આજે ફરી વાર જિંદગીની હોડ કરું છું. હવે પછી એ તમારી વીંટીનો કદી ત્યાગ કરશે નહિ. મારો તમને કોલ છે.' પોર્શિયા સહેજ મલકી: 'ઠીક, ત્યારે. તમારી જામીનગીરી માન્ય કરવામાં આવે છે. આ વીંટી તમારા મિત્રને આપો. એ ફરી જાય નહિ એટલી શિખામણ એમને આપજો.'

ઍન્ટોનિયોએ વીંટી લઈને બેસાનિયોને આપી. બેસાનિયો ચકિત થઈને એ વીંટી જોઈ જ રહ્યો: 'અરે, આ તો પેલી જ વીંટી છે. આ જ વીંટી મેં વકીલસાહેબને આપી હતી.'

પોર્શિયા ખડખડાટ હસી પડી. ઍન્ટોનિયો આશ્ચર્યમુગ્ધ બની ગયો. બેસાનિયો એકાએક અજાયબીથી ઊછળી પડયો: 'ત્યારે તું જ ત્યાં વકીલ બનીને આવી હતી એમ ને? મેં તને ઓળખી યે નહિ?'

શતરંજ

કોયડા નં. ૫નો ઉકેલ

સ્થિતિ: 8/1B2K3/8/4kbR1/8/1N-2B3/3PR3/3q4/

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

ચાવી: 1 Q–R5! (૨ માર્ક)

ધમકી: કંઈ નથી. ચાવીની ચાલ waiting-move છે. (૧ માર્ક)

વિકલ્પો: —૩ માર્ક

1..., Q×P; 2 B×Q mate.

1..., Q–QR8; 2 B–KR6 mate.

1..., Q else; 2 P–Q4 mate.

Direct mate કોયડાઓના બે ખાસ વિભાગ પાડી શકાય: ૧) જેમાં ચાવીની ચાલ પછી કંઇ ધમકી ઊભી થતી હોય અને ૨) જેમાં ચાવીની ચાલ એ રાહ જોતી ચાલ હોય.

તેમાં વળી પાછા બે પ્રકાર છે: ૧) જેમાં મૂળ સ્થિતિ એવી હોય કે ગમે તે ચાલે (જો તેની ચાલ હોય તો) પણ સફેદ તુરત તેને મ્હાત કરી શકે તેમ હોય. આવી સ્થિતિને Complete Block કહે છે. ૨) જેમાં મૂળ સ્થિતિ એવી હોય કે જો કાળો અમુક ચાલ ચાલે તો તેની સામે સફેદ મ્હાત કરી શકે તેમ હોય પણ અમુક (એકાદ-બે) ચાલ સામે ન હોય. Incomplete Block કહે છે. આ કોયડો બીજા પ્રકારનો છે. કારણકે મૂળ સ્થિતિમાં જો કાળાની ચાલ હોય તો તે 1 Q–QR8 સિવાય ગમે તે ચાલે તો મ્હાત થાય છે.

જ્યાં Complete Block હોય ત્યાં સફેદને એવી ચાવી મળે કે સ્થિતિમાં અગત્યનો ફેર પડે નહિ અને પછી કાળો ગમે તે ચાલે તો પહેલાં થતો હોય તેવી રીતે મ્હાત થાય. પણ આમાં કંઇ રસ પડે નહિ એટલે સાધારણ રીતે એવી કોઇ ચાલ હોતી જ નથી કે જેમાં દરેક 'મ્હાત' જેમની તેમ રહે. ચાલ પછી સ્થિતિ બદલાઇ જાય છે. અને પરિણામે કાળાની અમુક ચાલ પછી તો પહેલાની રીતે મ્હાત ન થઇ શકે:અને તેથી નવી રીતે મ્હાત થાય. આને Changed mate કહેવાય અને આવા કોયડાને Mutate કહેવાય છે.

જ્યાં Incomplete Block હોય ત્યાં ચાવીની ચાલ મૂળ સ્થિતિમાં કાળાની જે ચાલ પછી મ્હાત ન હોય તે સામે મ્હાત પૂરી પાડતી હોવી જોઇએ. આવા મ્હાતને Added mate કહે છે અને આવા કોયડાને Added Mate waiter કહે છે.


આ કોયડામાં 1..., Q–QR8 સફેદ મ્હાત કરી શકે તેમ નથી. જો (K3 ઉપરનો) સફેદ ઊંટ ચાલે તો હાથીનો શેહ આવે અને જો એવી કોઇ જગ્યા ઊંટ માટે હોય કે જ્યાંથી તે KB4 ઉપર કાબૂ રાખી શકે તો મ્હાત થઇ શકે. મૂળ સ્થિતિમાં એવી કોઇ જગ્યા નથી, પણ ચાવીની ચાલ પછી ઊંટનો રસ્તો લાંબો થાય છે તેથી તે KR6 ઉપર જઇને મ્હાત કરે છે. આવી ચાવીની ચાલ જેમાં એક મહોરું બીજા મહોરાને ત્યાં આવવા કે ત્યાંથી પસાર થવા માટે રસ્તો આપે તેને Clearance Key કહે છે. આ કોયડો P. Wenmanનો છે.

ઉકેલ મોકલનારનાં નામ તથા તેઓએ મેળવેલા માર્ક

૧) ઈન્દ્રવદન મોદી, ભાવનગર; ૨) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ; ૩) સુરેશ દવે, અમદાવાદ; ૪) ડૉ. કે. એન. ગાંધી, રાધનપુર; ૫) મહેન્દ્ર મહેતા, ભુજ; ૬) હિમાંશુ વૈદ્ય, બાંટવા; અને ૭) નારણજી જોશી, રાણાવાવ; એ સૌને ૬ માર્ક.

૮) પ્રભુરામ જોશી, વિરમગામ ૪½ માર્ક; ૯) ભૂપેન્દ્ર દોશી, મુંબઈ—૩½; ૧૦) નીલકંઠ અંતાણી, રાજકોટ; ૧૧) પી. સંતાનમ્, અમદાવાદ; ૧૨) હરીશ દલાલ, મુંબઇ; ૧૩) હરીશ મકવાણા, મુંબઇ; ૧૪) ઝીણાભાઇ માંડળિયા, ભાવનગર; ૧૫) દીપક ભટ્ટ, ભાવનગર; અને ૧૬) અશ્વિન દવે, માલવણ એ સૌને એકે માર્ક મળતો નથી.

કોયડો સાતમો



White to play and mate in two.

8/2p5/p1R2p2/P4P2/3Pk2B/2p2p2P/2N1N3/1Q1K/

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

આ કોયડામાં Set-play (ચાવીની ચાલ પહેલાંની રમત) એટલે કે જો પહેલાં કાળો ચાલે તો સફેદ પહેલી જ ચાલે કેમ મ્હાત કરે તે બતાવવું પૂરા માર્ક મેળવવા માટે આવશ્યક ગણાશે. મોકલવાની તારીખ: ૭-૩-'૬૪.

સરનામું: સુરેશ એમ. મોદી ૬/૯ કંદહારી કૉલોની, ચેમ્બુર, મુંબઇ-૭૧ (એ.એસ.)

આત્મકથાનક ૨૬

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક આલેખક
રવિશંકર રાવળ



શ્રી રવિશંકર રાવળ ઈ. ૧૯૦૭માં જ્યારે તેમણે પ્રથમ પાઘડી પહેરવી શરૂ કરી.

૧૧૩ બાનું સૌજન્ય અને વ્યવહારદૃષ્ટિ

અમારા ડહેલાની મુખ્ય વસતિ મોઢ-વણિક કુટુંબોની હતી. બધા ચુસ્ત વૈશ્નવ સંપ્રદાયના અનુયાયીઓ હતા. રોજ સવારમાં વૃદ્ધ સ્ત્રીઓ અને પ્રૌઢો કોઈ ને કોઈ હવેલીમાં દર્શન કરી આવતાં. જેમના ઘરમાં વહુવારુઓ કામ ઉપાડી લેનારી હોય, છોકરાઓ ધંધો અને બજાર સંભાળતા હોય તેઓ બેત્રણ હવેલીમાં દર્શન કરી આવતાં. મારાં બાએ પણ નીલકંઠ મહાદેવમાં અથવા ખારને દરવાજે આવેલા જગન્નાથજીના મંદિરમાં વાર-તહેવારે કે વ્રતના દિવસે જવાનો નિયમ રાખ્યો હતો. પણ તેમનો રોજનો એક ખાસ નિયમ એ હતો કે સવારમાં ઊઠીને નાહ્યા પછી હરતાં-ફરતાં જ્ઞાન-કક્કો ગાતાં અથવા આત્મા અને કાયાના ભેદ બતાવતું કોઈ પદ ગાતાં. તે સાંભળી ઘણી પડોશણોને તેની લે' લાગી અને રોજ રાત્રે ફળીમાં એકઠી થઈ તેમની પાસેથી જ્ઞાન-કક્કો અને પદોની કડીઓના બોલ મુખપાઠ કરતી થઈ. થોડા મહિના પછી તો કેટલાં ય ઘરોમાં કામ કરતી સ્ત્રીઓને આખા 'કક્કા'નું રટણ થઈ ગયું. 'કક્કા કર સદ્‌ગુરુનો સંગ'થી માંડી દરેક અક્ષરની કડીઓ તેઓ પાઠ કરી જતી.

મારાં ભાભીએ તેમને ઘરનાં સર્વે કામની ચિન્તાથી મુક્ત કર્યાં હતાં, એટલે તેમના સ્વભાવ પ્રમાણે કોઈને ત્યાં કંઈ ભીડ જણાય તો વિના વિલંબ તેમાં દાની પાસે કે દુખિયાની પાસે પહોંચી જતાં. પડોશમાં એક આંધળાં નિરાધાર ડોશી હતાં તેની કોઈ સંભાળ લેતું નહોતું. મારાં બા ઘણી વાર તેમને કંઈ આપવા જતાં તો કહેતાં કે 'બ્રાહ્મણનું કંઈ મફત ન લઉં. નહિ, મને કંઈ કામ આપો.' તેની આવી ટેક જોઈ તેમને વાસણ માંજવાનું કામ આપ્યું. રોજ સવાર-સાંજ બા તેમને હાથ પકડી ઘરમાં લઈ આવે અને પાસે બેસી વાસણ મંજાવે. ખવડાવે અને ઉપરથી કંઈક રકમ આપે. એ ડોશી કેટલા ય આશીર્વાદ આપતાં. મારાં બાનો પરગજુ સ્વભાવ એટલો જાણીતો થઈ ગયો કે વઢવાડિયાં બૈરાં પણ રાત્રે ઓટલા પર ભજનો-ગીતો ગવાય ત્યારે આવીને બેસે અને દિવસના પણ તેમની હાજરીમાં પોતાનો સ્વભાવ કાબૂમાં રાખે.

મારા પિતાશ્રીને તો ડિસ્ટ્રિક્ટમાંથી ઘેર આવે ત્યારે ભાગ્યે જ શહેરના કોઈ સંબંધી કે મિત્રને ત્યાં જવા વખત હોય; તેથી વહેવારનાં બધાં ઘરનો સંબંધ બા પૂરા સાચવતાં તેનો પિતાશ્રીને ભારે સંતોષ હતો. અને ઘરની અંદરના કામમાં કદી પણ ખૂંચ-ખાંચ કરતા નહિ. એમની વચ્ચેના કોઈ વિરોધ-વાંધા અમને જાણવા-જોવા મળતા નહિ. સગાંવહાલાં અને મહેમાનોની આગતાસ્વાગતા બરોબર થયા કરતી.



↓ બા તેમનો હાથ પકડી ઘરમાં લઈ આવે

પિતાશ્રી ઘેર આવે ત્યારે તેમના અંગત નોકર-રસોઈયો ઘરનું રાંધવાનું ઉપાડી લે, અને તે દિવસે ભાભી છૂટાં થઈ ઘરમાં બીજી ગોઠવણો કરે. ભાભી અને મોટાભાઈ વચ્ચે કોઈ વાર ચકમક ઝરતી ત્યારે હું મધ્યસ્થ બની જતો. એમાં ઘણે ભાગે ભાભીનો જ પક્ષ સાચો અને દયાપાત્ર હોય તેથી હું પ્રામાણિકપણે તેમની વહાર કરતો અને 'બાને બધી વાત કહી દઈશ' એવો મોટાભાઈને રોફ પણ દેખાડતો. છતાં મોટાભાઈ મારા પર ગુસ્સે થતા નહિ. બહુ તો મને 'ચાડિયો' કહીને ચીડવે. ભાભીએ બેનને પણ ભવિષ્યની તાલીમ આપવા રસોઈ અને વાનીઓ કરવાનું શીખવવા માંડ્યું હતું. નાનો ભાઈ તો સૌનો એટલો લાડકો હતો કે મારાથી પણ તેને કંઈ કહેવાતું નહિ.

૧૧૪ ડહેલાના મિત્રો

સ્ટેશન-બંગલાના મિત્રમંડળમાં હું જોડાયો ત્યારથી મેં ફુરસદનો સમય ને રજાના દિવસો ત્યાં જ ગુજારવા માંડ્યા. ત્યાંના વાતાવરણમાં નવી વાતો ને તરકીબો હું પહોંચાડતો તે બધાને ગમતું. ડહેલાના જૂના મિત્રોમાં જે પાકા નઠોર હતા તેમાંના કેટલાક ભણતર મૂકી નોકરી કરવા ચાલ્યા ગયા હતા. કેટલાક દુકાને બેસી ગયા હતા. બેચાર જણનું ભણતર ચાલુ હતું તે પણ છઠ્ઠી કે મૅટ્રિક પાસે આવતા ગયા તેમ ખડતા ગયા. બેચાર જે મૅટ્રિકમાં પહોંચ્યા તે મારા મોટાભાઈ પાસે કોઈ વાર આવતા-મળતા. મોઢ જ્ઞાતિ રાત્રિશાળા અને લાયબ્રેરીએ કેટલાકને સેવા અને સન્માર્ગે તરફ વાળ્યા હતા. તેઓમાં કોઈ ભણી ન શક્યા તો પણ ધંધા ને ઘરની પ્રતિષ્ઠાની દરકાર કરનારા થયા.

અમારા ઘરની સામેના પરમાનંદ દેસાઈ નોકરી માટે મુંબાઈ ગયા હતા. ત્યાંથી બીમારી લઈ આવ્યા. તેના પુત્ર દામોદરદાસ બુદ્ધિમાન ને સુદૃઢ શરીરવાળા, નિયમિત દેવસેવા કરનાર ને ચારિત્ર્યશીલ યુવાન હતા. પિતાશ્રીનું અવસાન થતાં તેમને છઠી ચોપડીથી અભ્યાસ છોડી જીવણલાલ કંપનીમાં નોકરી કરવા દૂર કલકત્તા જવું પડ્યું. ત્યાંથી બે નાના ભાઈ ને માતાના નિભાવ માટે તે ખર્ચ મોકલતા. તે પૈકી મોટા

કેશવલાલ એક વર્ષ મારાથી પાછળ હતા, છતાં અમારી વચ્ચે દોસ્તી થઈ.

બીજું એક મોઢ બ્રાહ્મણ કુટુમ્બ પાછળની શેરીમાં રહેતું હતું. મોઢ વણિકોની એ ગોર-જ્ઞાતિ હતી, પણ તેમાંથી શ્રી સુખદેવ પીતાંબર દવે તથા તેના ભાઈ મણિશંકર ભણ્યા હતા. અમે રાજકોટમાં હતા ત્યારે મણિશંકર દવે ટ્રેઈનિંગ કૉલેજમાં સીનિયર થવા અભ્યાસ કરતા હતા ત્યારનો અમારા કુટુમ્બ સાથે તેમને કંઈક મનમેળ હતો, તેથી તે આવતા-જતા હતા. ભાવનગર ગુજરાતી શાળામાં તે શિક્ષક હતા. મોટા સુખદેવભાઈ મુંબાઈમાં નોકરી કરતા પણ તેમનાં બાળકોને ઘેર ભાવનગરમાં જ રાખ્યાં હતાં. તે પૈકી મોટા રેવાશંકર મારા મોટા ભાઈ સાથે મૅટ્રિકમાં હતા. કાકાનો તેના પર ભારે ધાક હતો. મારા મોટા ભાઈના ગમ્મતી સ્વભાવ અને નાટકી ટીખળોમાં તેને મજા પડતી. રેવાશંકરને તથા તેના કાકાને ઘણી વાર તેમના યજમાનોને ત્યાં લગ્નપ્રસંગોના લાગા કે દક્ષિણા લેવા નીકળેલા ટોળામાં હું જોતો. રેવાશંકરથી નાના બીજા ત્રણ ભાઈઓ હતા તેમને પણ ઘણી વાર સાથે જવું પડતું, કારણ કે વ્યક્તિ દીઠ દક્ષિણા અપાતી.

૧૧૫ દવે સુખદેવકાકા

યજમાનવૃત્તિ કરતી નાની જ્ઞાતિમાં જન્મ છતાં સંસ્કાર-બળે તે અંગ્રેજી છ ચોપડી સુધી ભણ્યા, પણ કુટુમ્બને નિભાવવા તથા ભાઈને ભણાવવાની ચિંતાને લીધે રૂ. ૧૦ના પગારથી ભગવાનજી રઘુભાઈના સ્ટોરમાં નોકરી લીધી. તેવામાં ધનજી કાશી નામના મોઢ વણિકને ત્યાં કોઈ અંગ્રેજ મહેમાન આવ્યા, એટલે તેની સાથે વાતચીત કરવા તેમને બોલાવ્યા. ધનજી કાશી મુંબાઈમાં માનશંકર વજેશંકરની પેઢીમાં મુનીમ હતા. એમણે મુંબાઈની પેઢીમાં રૂ. ૪૦ની નોકરી સુખદેવભાઈને અપાવી ને શેરબજારમાં દલાલી કરવા રોક્યા.

એવામાં પારીસથી આવેલા ઠક્કર ભગવાનજી રઘુભાઈના પરિચયથી ઝવેરાતના ધંધા તરફ મન ગયું, એટલે રંગૂન પહોંચ્યા. ત્યાં પહોંચતાં ક્વૉરેન્ટાઈનનો ડાક્ટર દરેક ઉતારુ પાસેથી રૂ. ૧૦ પડાવી ઊતરવા દેતો. સુખદેવભાઈનો સાચકલો સ્વભાવ ઉશ્કેરાયો ને વેપારીઓની સહાય લઈ તેના પર કેસ કર્યો. પરિણામે ડાક્ટર બરતરફ થયો.

તે પછી તે બ્રહ્મદેશમાં ઉત્તરે મોગોક ગયા અને ત્યાંથી માંડલેમાં આફિસ કરી. દરમિયાન મુંબાઈ છોડતી વખતે શેરબજારનું કાર્ડ પોતાના એક મિત્રને રળી ખાવા આપેલું, તેણે સટ્ટો કર્યો તેમાં લગભગ રૂ. ૧૦ હજારનું નુકસાન થયું. મુંબાઈ આવી મિત્રોની સહાયથી દેવું પતાવી પાછા બ્રહ્મદેશ ગયા ને ત્યાંથી તેમનાં પત્ની અને ત્રણ નાના પુત્રોને બોલાવી લીધાં, એટલે અહીં રેવાશંકર એકલા કાકાની સાથે રહેવા લાગ્યા. ૧૯૦૬-૭માં સુખદેવભાઈના ધંધામાં પાછી મંદી આવતાં તેમણે કુટુમ્બને ભાવનગર મોકલી આપ્યું. રેવાશંકરથી નાના ભાઈઓ નર્મદાશંકર, મગન અને હેમુ ત્રણે ભણવામાં આગળ રહેતા. નર્મદાશંકર મારા સમવયસ્ક હતા. સુખદેવભાઈ શેઠ મેઘજી પરમાનંદની ભાગીદારીમાં ધંધો સુધરે એવી આશાથી પારીસ ગયા.

સુખદેવભાઈને હું પ્રથમ મળ્યો ત્યારે શાંત ને વિચારવંત જણાયા. પહેરવેશમાં પણ બહુ ચોક્કસ. સ્વભાવે ઘણા મૌન, પણ વાત કરતાં વિવેકી અને વિચારમાં પૂરા દેશાભિમાની હતા. ભારતમાં પ્રવર્તતા સામાજિક અન્યાયો સામે તેમની લાગણી તીવ્ર હતી. પરદેશોના પ્રવાસ તથા ત્યાંની સંસ્કૃતિના પરિચયથી તેમનામાં આ વિચારોનો ઉદય થયો હશે. એમણે પરદેશગમન કર્યું એટલે તેમના કુટુંબને નાતીલા તરફથી ઘણી અગવડ વેઠવી પડતી.

સુખદેવભાઈને બ્રહ્મદેશમાં ભારતના દેશભક્તોનો થોડોઘણો પરિચય થયો હતો. ગોખલેજીના મંત્રી દેવધર તેમને ત્યાં જ ઊતરતા. લોકમાન્ય તિલક મહારાજને માંડલેની જેલમાં રાખવા ત્યાં મોકલ્યા ત્યારે તેમનાં દર્શન કરવા સ્વ. છગનભાઈ ગળિયારા સાથે તે સ્ટેશન પર હાજર થયા હતા. જેલમાં તેમની જરૂરિયાતની ચીજો માટે ગળિયારા તેમજ તેઓ ધ્યાન રાખતા એટલા માટે તેમના પર સરકારી જાસૂસી રહેતી. પારીસમાં તેમને શામજી કૃષ્ણવર્મા તેમજ સરદારસિંહજી રાણા (જે ઝવેરી પણ હતા) સાથે પરિચય થએલો.

ન્યૂ યૉર્કમાં તેમને લાલા લજપતરાય સાથે સારો સંબંધ થએલો. તેઓ બંને ઘણું કરીને સાથે જ જમતા અને રોજ મળતા.

બાબા ભારતીનો પણ તેમને ન્યૂ યૉર્કમાં જ પરિચય થયો. એમનું શ્રી કૃષ્ણ વિષેનું પુસ્તક God of love તેમને ઘણું પ્રિય હતું. એ પુસ્તકથી તેમની ધાર્મિક માન્યતામાં પરિવર્તન આવ્યું હતું.

તેમના પારીસના મિત્રો તરફથી મળેલું સ્ટીરિયોસ્કોપ (ચિત્રો મોટાં જોવાના કાચવાળું યંત્ર) અને યુરોપનાં તેમજ બીજા દેશોનાં દશ્યોનાં ફોટો-કાર્ડો મને એમને ત્યાં જ જોવા મળ્યાં હતાં. તે જોવા હું વારંવાર તેમને ત્યાં જતો તેથી તેમના બીજા પુત્રો નર્મદ મગન હેમુ વગેરેની મૈત્રી થઈ અને આગળ ઉપર હું તેમને સ્ટેશનબંગલાના મંડળમાં પણ ખેંચી ગયો. આ કુટુમ્બના મગન તે જ આજે ન્યૂ યૉર્કમાં ભારતના અનેક વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ, રાજાઓ અને શ્રીમંતોના યજમાન બની ચૂકેલા 'મગનકાકા' હતા. તે કેવી રીતે ત્યાં પહોંચ્યા તે વાત આગળ જોઈશું.



વકીલ ગુલાબરાય દેસાઈ



દવે સુખદેવકાકા

સ્વ. ગુલાબરાય દેસાઈ ભાવનગરના અગ્રણી પ્રખર ધારાશાસ્ત્રી, સંસ્કારપૂત વિદ્વાન, સામાજિક નેતા તેમજ ૧૯૦૮ની સ્વદેશી હીલચાલના આગેવાન લોકસેવક હતા. સ્વ. દાદાસાહેબ માવળંકરનું અમદાવાદમાં હતું તેવું જ સ્થાન ભાવનગરમાં સ્વ. ગુલાબરાયભાઈનું હતું એમ કહી શકાય. તેમના નાના સુપુત્ર રામરાય મારા શાળાજીવનના સહાધ્યાયી હતા અને આજે તેઓ પણ તેમના પિતાશ્રી જેવી બુદ્ધિમત્તા, સ્વાભિમાન અને દેશસેવાની લાગણી ધરાવે છે.

૧૧૬ સ્વદેશી પ્રવૃત્તિ

ભાવનગરમાં સ્વદેશી માલ વાપરવાની ઝુંબેશ શરૂ કરનારા કેટલાક પ્રૌઢજનો હતા તેમાં એક બીખાભાઈ ગાંડાભાઈ વકીલ હતા અને તેના પ્રમુખ અગ્રગણ્ય વકીલ ગુલાબરાયભાઈ હતા. તેમની તરફથી ઘોઘા દરવાજે શ્રીમાળીની વાડીમાં વખતોવખત વ્યાખ્યાનો થતાં તે સાંભળવાનો મને રસ લાગ્યો હતો. સ્વદેશીની વાત અધિકારીઓને તેમજ વિદેશી માલના વેપારીઓને જરા પણ પસંદ નહોતી. કોઈ વેપારીને ત્યાં કપડાં માટે મને સાથે લઈ જાય ત્યારે હું કોટ માટે સ્વદેશી કાપડ માગતો, તે વખતે વેપારી જ સામેથી કહેતો કે તમારા-

થી એ કપડાં નહિ પહેરાય, વડીલો પણ દબાણ કરતા. ત્યારે મારી આંખમાં આંસુ આવી જતાં ને કહેતો કે મેં સ્વદેશીનું વ્રત લીધું છે. છતાં ઘણી વાર મારું ચાલતું નહિ. મારા મોટાભાઈને ઊંચા કાપડનો બહુ શોખ હતો અને તે તો ઘણી વાર મોટાઓની મરજી ઉપરાંત શોખનું કાપડ લેવડાવતા.

મને કેટલાક બીજા સ્વદેશી-પ્રેમીઓ મળી ગયા. એ કોઈ મોટા ઘરના નબીરા નહોતા. ચંદ્રશંકર દવે અને રેવાશંકર પંડ્યા દરબારી છાપખાનાના કંપોઝિટર હતા.એમાં ખાનગી છાપખાનામાંથી રાવ કરી-ને દક્ષિણી આવી મળ્યા. અમે સ્વદેશી વ્રત લેવું-લેવડાવવું, રાષ્ટ્ર-ભક્તિ કેળવવી, અંગ્રેજોને દુશ્મન ગણવા વગેરે ધ્યેય રાખ્યાં હતાં.

રાવ નિયમિત 'કેસરી' વાંચનારા હતા અને તિલક મહારાજના ઉદ્દામ વિચારો ધરાવતા. બંગાળના શહીદો અને તિલક મહારાજની જેહાદ આખા ભાવનગરમાં અમારા પર જ વરસી પડી હતી. અંબાજી-ના વડ આગળ એક મેડો રાખી ત્યાં રોજ સાંજે મળવાનું રાખ્યું હતું અને 'સ્વદેશપ્રેમી મંડળ' નામનું પાટિયું લગાવી દીધું હતું.

આ વખતમાં યશોનાથના ચોગાનમાં ધાર્મિક વ્યાખ્યાનો પણ ચાલતાં તેમાં ઘણા લોકો જતા. વૈષ્ણવોમાં ધર્મ-જાગૃતિ લાવવા ગોં-સાઈ શ્રી દેવકીનંદન મહારાજ કેટલાક પંડિતોને લઈ ત્યાં સભાઓ ભરતા અને પંડિતો ગર્જના પોકારી ભાષણો કરતા. ઘણા વૈષ્ણવોએ તેમની પાસેથી સમર્પણદીક્ષા લીધી હતી. વૈષ્ણવ પંડિતોનું મુખ્ય કાર્ય આર્યસમાજની પ્રવૃત્તિનો વિરોધ કરવાનું રહેતું. પણ સ્વદેશીનો જુવાળ ચાલ્યો એટલે આર્યસમાજને ભારતભૂમિમાં શૌર્ય અને જાગૃતિ લાવવાનો મોકો મળી ગયો. બ્રહ્મચર્યની આવશ્યકતા, ગુરુકુળનો અભ્યાસ અને શ્વેતલી મૂર્તિપૂજાનો વિરોધ એ તેમનાં ધ્વજસૂત્રો હતાં. સ્વદેશીની હિલચાલ સાથે તેમનાં ભાષણો સુસંગત હતાં.

૧૧૭ કવિ મહારાણીશંકર

કવિ મહારાણીશંકર તે વખતે ભાવનગર આવ્યા અને સ્વદેશી-મંડળ તેમજ આર્યસમાજના અગ્રગણ્યોએ તેમની વ્યાખ્યાનસભાઓ શ્રીમાળીના વંડામાં ગોઠવી. એમની વક્તૃત્વ શક્તિ અને દેશભક્તિનાં તેમનાં ગીતોએ શ્રોતાઓ પર જબરી અસર કરી.

સ્વદેશીના પ્રશ્નો પર કોઈ પ્રેરક વ્યાખ્યાતા આવે ત્યારે પ્રમુખ તરીકે શ્રી ગુલાબરાયભાઈ વકીલ આવતા અને ઘણી હિંમતભરી વા-ણીમાં પ્રજાને જાગૃતિનો સંદેશ આપતા. અંગ્રેજ સરકાર કે દેશી રા-જ્યના વહીવટની ઉઘાડી ટીકા કરતા. તેનાથી રાજ્યના અધિકારીઓ ડરતા કારણ કે તેમની તેજસ્વી વાણીમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય, કાયદા અને વિવેકની સંપૂર્ણ મર્યાદા જણાતી. તેમ કવિ મહારાણીશંકરની સભામાં પ્રજાને અધિકાધિક આકર્ષણ થયું કારણ કે તેમનામાં આ-વેશપૂર્ણ વક્તૃત્વ અને શૌર્યપ્રેરક કાવ્યશક્તિ હતી. જાણીતાં નાટકોનાં ગીતોના રાહ પર તે કવિતા રચતા. લોકો તેમની કવિતાની ચોપડી-ઓ ખરીદીને મુખપાઠ કરતા. તેમણે કરેલું સ્કૉટના અંગ્રેજી કાવ્યનું કાવ્યબદ્ધ ભાષાંતર વિદ્યાર્થીઓમાં બહુ પ્રિય થઈ ગયું હતું:

Breathes there the man with soul so dead,
Who never within him has said,
This is my own, my native land.

(ઢાળ : સદા સંસારમાં સુખદુઃખ સરખાં માની લઈએ)
જીવે શું હિન્દમાં એવા કો મૂઢાત્મા હરામી,
ન બોલ્યા મુખ 'મારો દેશ આ મુજ માતૃભૂમિ.'

એમનાં ભાષણો સ્વદેશપ્રેમથી સંપૂર્ણ રંગાએલાં જુસ્સાદાર હતાં, છતાં અંગ્રેજ રાજ્ય પ્રત્યે આદરભાવની તેમાં ઝાંખી થતી. તેથી બંગાળ-



ગાનપ્રવીણ કવિ મહારાણીશંકર શર્મા
જન્મ ૮ ફેબ્રુઆરી ઈ. ૧૮૮૭ અવસાન : ઈ. ૧૯૧૬

ના રાષ્ટ્રોદ્રેક સાથે તે મેળ લઈ શક્યાં નહિ અને જલદી ભુલાઈ ગયાં.

એમનું વિસ્તૃત જીવનચરિત્ર એમનાં સાધ્વી પત્ની શ્રી ઇચ્છાદેવી મ૦ શર્માએ લખેલું છે. તે જૂનાગઢની ગિરનારા બ્રાહ્મણ જ્ઞાતિના અભિજાત વૈષ્ણવ કુટુમ્બમાં જન્મેલા. વડીલો વૈષ્ણવમંદિરના કીર્તન-કાર હતા એટલે ગાયનકળા તેમને વારસામાં મળી હતી. ૧૩-૧૪ વર્ષની વયે તેઓ ગાયન-પ્રવીણ હતા તેમજ કવિતાઓ રચી શકતા. તેમનું લગ્ન ૧૯મે વર્ષે થયું ત્યારે તેમનાં પત્ની નવ વર્ષનાં હતાં, પણ કવિશ્રીએ તેમને અભ્યાસ કરાવી ખૂબ સંસ્કારી અને દૃઢ બનાવ્યાં હતાં. મૅટ્રિક પસાર કરી કવિ મુંબઇમાં તેમના મસીઆઈ કાકા દયા-શંકર વસનજી જે મુંબઈ ગુજરાતી નાટક કંપનીના મૅનેજર હતા તેમની પાસે પહોંચ્યા અને ત્યાં રહી તેમણે નાટકોનાં ગાયનો તેમજ નાટક લખવાનો વ્યવસાય સ્વીકાર્યો. પહેલું 'નંદ બત્રીસી'નું નાટક લખ્યું. એ અરસામાં મહર્ષિ દયાનંદજીનું 'સત્યાર્થ પ્રકાશ' તેમને હાથ ચડી ગયું અને તેમને ગુરુ માની વૈદિક શિક્ષણ લેવા પંડિત બાલકૃષ્ણ પાસે બે વર્ષ મુંબઈમાં જ રહ્યા. પછી હરદ્વાર કાંગડી ગુરુકુળમાં જઈ બે વર્ષ શુદ્ધ બ્રહ્મચર્ય પાળી અભ્યાસ કર્યો, અને પોતાનાં જ પરિણીત પત્ની સાથે આર્યવિધિ પ્રમાણે ફરી લગ્ન કર્યું!

બંગભંગ ચળવળમાં જોડાઈ 'ભારતોદ્ધાર ભજનામૃત' લખ્યું અને મુંબાઈ, ગુજરાત, કાઠિયાવાડમાં વ્યાખ્યાન-ગાયનોનો પ્રવાસ કર્યો. ભારતમૈયાના ગાનતાનથી તે લોકોને રડાવી મૂકતા. એમની એ ચોપડી પાછળથી જપ્ત થઇ હતી.

૧૯૧૪માં મુંબાઈ આર્યસમાજને પોતાની સેવાઓ અર્પણ કરી ઉપદેશ માટે તેમણે આફ્રિકામાં પરિભ્રમણ કર્યું. તેમના પ્રવાસોમાં તે ગુરુકુળના ઉપદેશકનો ખાસ પરિવેશ (હાથમાં દંડો અને પીળી પિછોડી) રાખતા. દરમિયાન તેમણે સમ્રાટ અશોક, રુક્મિણીહરણ, વીર દુર્ગા-દાસ વગેરે નાટકો લખ્યાં. ઈડર અને વડોદરાની આર્યસમાજ શાખાઓને સેવા આપી. આર્યસમાજના ચુસ્ત પ્રભાવક અને અથાક શ્રમિક વ્યાખ્યાતા તથા પ્રચારક તે હતા. પરિણામે તેમને ફેફસાંનો વ્યાધિ થયો હતો. અંતિમ અવસ્થામાં પ્રભુનું સાન્નિધ્ય શોધવા તે ગિરનારનાં જંગલોમાં જઈ યોગસાધના કરતા. એવામાં એકાંતે જંગલની વાવના કિનારે તેમણે દેહ છોડયો; જે મૂર્છિત અવસ્થામાં પાણીમાં તરતો મળી આવ્યો હતો. તેમણે પોતાના યુગમાં પ્રખર દેશસેવા કરી નામના કરી હતી. (ચાલુ)

હરિન શાહ

કોરિયાને મોરચે હિંદી ખમીર

બીજા વિશ્વયુદ્ધને અંતે દુનિયા થાકેલી ને હારેલી હતી. શાંતિ હજુ કાચી હતી. યુદ્ધ વિરામ જ પામ્યું હતું અને શાંતિના કોલકરાર પણ બાકી હતા. લડાઇનો ભંગાર હજુ દુનિયામાં ચારે કોર અસુખના ઉહકારા કાઢી રહ્યો હતો.—અને ત્યાં કોરિયાની લડાઇ આવી પડી.

કોરિયા નાનું હતું પણ લડાઈ જબરી હતી. બે ડઝનથી વધારે દેશોની ફોજો એમાં પડી હતી. લગભગ બધી જ મહાસત્તાઓ સીધી કે આડકતરી રીતે એમાં ભરાઇ પડી હતી. કોરિયાની લડાઇએ શાંતિ પર આટલો જલદ ફટકો મારીને જેમ દુનિયાની નજરે ગજબ કર્યો હતો તેમ બે ઉપકારક ઓળખાણો પણ એણે કરાવી હતી.

દુનિયાના દેશોનું એક મહાજન ઊભું કરીને, અન્યાય સામે ન્યાયને પક્ષે, ગુલામીની સામે સ્વાતંત્ર્યને પક્ષે, હુમલાખોર સામે રક્ષણના પક્ષે એની શેહ પાડવાના પ્રયત્નો તો પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારથી લીગ ઑવ નૅશન્સ દ્વારા ચાલુ હતા. પરંતુ ત્રીસ વર્ષની મથામણ પછી પહેલી જ વાર દુનિયાના દેશોની ફોજોનું એક સંયુક્ત યૂનો–દળ કોરિયાની લડાઈ વખતે જ પહેલી વાર આકાર પામ્યું હતું, કોઈ લડાઈ ઠોકી બેસાડે તો 'ખબરદાર' કહેવા દુનિયાના દેશોની ફોજો બેઠી હોય તેવો આ પહેલવહેલો પરચો હતો.

બીજી નવી અને સુભગ ઓળખાણ હવે સ્વતંત્ર બનેલા ભારતના પ્રજાસત્તાકની નવી સેનાની હતી. હિંદના સિપાહીની મર્દાનગી તો ગૅલીપોલી અને મર્સામુત્રાનાં યુદ્ધોમાં બન્ને વિશ્વયુદ્ધ વખતે મશહૂર બનેલી હતી. પરંતુ સ્વતંત્ર બનેલા ભારતના નવા યુગના હિંદી સૈન્યનો સૈનિક નવી કામગીરી પર પહેલી જ વાર કોરિયાને મોરચે નીકળ્યો હતો.

ભારત કમર કસીને વિશ્વશાંતિ અને સહઅસ્તિત્વની ધ્યેયપ્રાપ્તિ માટે કામ કરી રહ્યું હતું. લશ્કરી કરારો અને સંધિઓની ઉશ્કેરણીજનક જૂથબંધીથી દૂર રહીને તેણે બિનજોડાણની વિદેશનીતિ અપનાવી હતી. એ નીતિ કૈં અમુક કચેરીઓમાં જ વિહરતી રહેવાની નહોતી. કોઇક દિવસ કોઇક રણાંગણમાં પણ એનાં પારખાં થવાનાં હતાં જ. કોરિયાની લડાઇમાં હિંદી ટુકડીઓને લડાઇ મચાવવા નહિ પરંતુ શાંતિને સંગીન બનાવવાની કામગીરી પર જવાનો આદેશ મળ્યો હતો.

લડાઈમાં રાજનીતિના અને રાજનીતિમાં લડાઇના કેવા અટપટા રંગો પુરાએલા હોય છે તેનો કોરિયાને મોરચે હિંદના થોડાક હજાર સૈનિકોને જ્યારે ઉપયોગી સાક્ષાત્કાર થયો હતો ત્યારે હિંદના થનારા સેનાપતિ જનરલ થીમૈયાને પણ એ મોરચાએ દુનિયાના રાજપ્રવાહોનો અસાધારણ પરિચય આપ્યો હતો. યૂનોના તેડયા જે છ હજાર હિંદી સૈનિકો યુદ્ધવિરામ બાદ ત્યાં ગયા હતા તેઓ હિંદની શાંત વિદેશનીતિના શાંતિપ્રિય ધ્વજધારી તરીકે જે અનુભવ લાવ્યા તેણે હિંદનાં સંરક્ષણ દળોની દુનિયા અંગેની સમજ ઘડવામાં મોટો ફાળો પુરાવ્યો.

એક બીજો ઉપયોગી મોકો પણ હિંદના સૈનિકોને ત્યાં લાધ્યો હતો. એક દસકા પછી જેનું ત્રાટક સાવ અણચિંતવ્યું આપણી નેફા–લડાખની સરહદો વીંધીને આવવાનું હતું તે સામ્યવાદી ચીનાઓના અપલખણાપણાનો ત્યાં પહેલો પરિચય મળ્યો હતો. સત્તા પર આવ્યાને હજુ એક જ વર્ષ થયું હતું ત્યાં તો મદદથી ઊછળી રહેલાં સામ્યવાદી ચીની લશ્કરો કોરિયાની લડાઈમાં કૂદી પડ્યાં હતાં. ને એમ સામ્યવાદી ચીનના હજારો સૈનિકો સાથે હિંદના સૈનિકોને એ યુદ્ધવિરામી મોરચે કોરિયામાં નાતો પડયો હતો.

કોરિયાની લડાઈ, એ હજુ પાંચ જ વર્ષની થએલી વિશ્વયુદ્ધ પછીની શાંતિનો પ્રથમ કકળાટ હતો. પોતાને 'નીરવ પરોઢની ધરતી' (લૅન્ડ ઑવ ધ મૉર્નિંગ કામ) તરીકે ઓળખાવતા એ દેશનો ઇતિહાસ તો છેક ઈસુના સંવત પહેલાં સત્તાવન વર્ષથી – એટલે કે બરોબર બે હજાર અને વીસ વર્ષથી માનવચોપડે ચાલ્યો આવે છે. ઊભરાતી શક્તિ અને માંસલ મહત્ત્વાકાંક્ષાવાળા જાપાને કોરિયાને શાહી સંસ્થાન બનાવી દીધું હતું. જાપાની શાસકોએ ઉત્તર કોરિયામાં દેશના ૮૦ ટકા ઉદ્યોગો નાખ્યા હતા. વિશ્વયુદ્ધમાં વિજયનાં દર્શન ક્ષિતિજ પર થવા લાગ્યાં ત્યારે ૧૯૪૩માં મિત્રરાજ્યોના ચાર વડાઓએ કેરો પરિષદમાં નિર્ણય કર્યો કે કોરિયાની ત્રણ કરોડની પ્રજાને સ્વાધીન થવાનો હક્ક છે. એમ કોરિયાના પ્રજાસત્તાકના શ્રીગણેશ ત્યાં નક્કી થયા.

પરંતુ ૮૫,૨૬૬ ચોરસ માઈલના આ દેશને, વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે સામસામી અદાવત ધરાવતા ઉત્તર કોરિયાના સામ્યવાદી અને દક્ષિણ કોરિયાના બિનસામ્યવાદી કોરિયન લશ્કરોએ દાઢ મારી દીધેલી હતી. તેમાંથી એક અખંડ કોરિયાની સ્થાપના શાંતિ અને સુમેળથી થાય તેટલા માટે યૂનોએ (સંયુક્ત રાષ્ટ્રસંઘે) એક કમિશન નીમ્યું હતું. કોરિયાના ઉત્તર દક્ષિણ બન્ને વિસ્તારોમાં જઇને, ત્યાં મુક્ત ચૂંટણીઓ યોજાય અને તેમાંથી કોરિયાની લોકશાહી સરકાર રચાય તેની દેખરેખ અને જાળવણીનું કામ આ યૂનોના કોરિયન કમિશનને સુપ્રત કરવામાં આવ્યું હતું. એ કમિશનના પ્રમુખસ્થાને હતા હિંદના તે વખતના ચીનના એલચી શ્રી કે. પી. એસ. મેનન. પરંતુ સામ્યવાદી સંચાલિત ઉત્તર કોરિયાએ કમિશનને ધરાર દાદ ન દીધી ને પોતાના વિસ્તારમાં તેને દાખલ થવાની પણ મનાઈ ફરમાવી. આમ યૂનોની ઉમેદ રખડી પડી. આખરે ૧૯૪૮ના મેમાં લોકશાહી પદ્ધતિમાં માનનારા દક્ષિણ કોરિયાનું જુદું પ્રજાસત્તાક રચાયું. દક્ષિણ કોરિયા અથવા કોરિયા પ્રજાસત્તાક ઠરીઠામ થાય તે પહેલાં માંડ બે વર્ષ થયાં હતાં એવામાં ૧૯૫૦ની ચોવીસમી જૂને રાત્રે બે વાગ્યે સામ્યવાદી ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા પર લશ્કરી આક્રમણ આદર્યું; બે કોરિયા વચ્ચેની અવિધિસરની સરહદ સમી ૩૮મી (અક્ષાંશ) રેખા ભાંગીને સાઠેક હજારના ઉત્તર કોરિયન લશ્કરે ટૅન્કો સાથે ધસારો શરૂ કર્યો.

આ આંચકામાંથી બહાર આવતાં યૂનોને ત્રણ દહાડા લાગ્યા, અને યૂનોની સલામતી સમિતિએ જૂનની ૨૭મીએ અસાધારણ સભા ભરીને આ નગ્ન લશ્કરી આક્રમણ સામે દક્ષિણ કોરિયાના પ્રજાસત્તાકની વહારે ધાવા માટે યૂનોનાં સભ્ય-રાષ્ટ્રોને અપીલ કરી. ઉત્તર કોરિયાનો ધસારો એવો પ્રબળ હતો કે પાંચ દહાડામાં તો દક્ષિણ કોરિયાના પાટનગર સીઓલનું ઉત્તર કોરિયન લશ્કરના હાથે પતન થયું.

યૂનોની હાકલ સાંભળીને જુદાજુદા દેશો કટિબદ્ધ થયા અને યૂનોની મુક્તિફોજ માટે પોતપોતાની ટુકડીઓ મોકલવા લાગ્યા. લડાઇ શરૂ થયા બાદ ત્રણ મહિને, સપ્ટેમ્બરની પંદરમી તારીખે દક્ષિણ કોરિયાના બાકી રહેલા પ્રદેશમાં ઇંચોનના બંદરે અમેરિકાનાં દળોએ યૂનોના ધ્વજ નીચે પ્રથમ ઉતરાણ કર્યું. આક્રમણખોર ઉત્તર કોરિયાનાં લશ્કરોની પીછેહઠનો હવે વારો આવ્યો. ૧૯૫૦ના ઑક્ટોબરની વીસમી તારીખે સામ્યવાદી પાટનગર પ્યોંગયાંગ પડ્યું; અને નવેમ્બરની ૨૬મી તારીખે સામ્યવાદી ચીન યાલુ નદીની સરહદ ઓળંગીને બે લાખના જંગી લશ્કર સાથે કોરિયાના જંગમાં કૂદી પડ્યું. એક વર્ષની ખૂનખાર

લડાઇ બાદ ૧૯૫૧ના જુલાઈની ૧૦મી તારીખે કાસોંગ અને પાનમુનજૉમ ખાતે યુદ્ધવિરામ માટેની વાટાઘાટો શરૂ થઇ. પરંતુ લડાઈ તો ચાલુ જ હતી અને બીજાં બે વર્ષ સુધી તેનો અંત ન આવ્યો. છેક ૧૯૫૩ની ૨૭મી જુલાઇએ યુદ્ધવિરામના કોલકરાર થઇ શક્યા અને કોરિયાની લડાઈ બંધ પડી.

ભારતને ખાતરી થઇ હતી કે ઉત્તર કોરિયાનાં સામ્યવાદી લશ્કરોએ આક્રમણની શરૂઆત કરી હતી. એ આક્રમણ સામે ટક્કર લેવાના યૂનોમાં પસાર થએલા ઠરાવને હિંદે ટેકો પણ આપ્યો હતો. પરંતુ પોતાનાં લશ્કરો કેવળ પોતાની સલામતી અને શાંતિ માટે જ હોવાનો આગ્રહ રાખીને યૂનોની સંયુક્ત ફોજોમાં પોતાની લશ્કરી ટુકડીઓ મોકલવાની તેણે સવિનય ના પાડી હતી. જોકે પોતાના નૈતિક ટેકાના પ્રતીક તરીકે રણમોરચે ઘવાએલાઓની સેવાશુશ્રૂષા માટે એક મોટી લશ્કરી ઇસ્પિતાલની ટુકડી તેણે મોકલી આપી હતી.

કોરિયાની લડાઇનો ભડકો માંડમાંડ કાબૂમાં આવ્યો; અને યુદ્ધવિરામ પછીની વ્યવસ્થા માટે યૂનોએ જે કમિશનો નીમ્યાં તેમાં બન્નેમાંથી એકે પક્ષ તરફથી બંદરો પર લશ્કરી હિલચાલ થાય નહિ તેનું ધ્યાન રાખવા માટે તટસ્થ રાષ્ટ્રોનું એક 'દેખરેખ પંચ' પણ નીમ્યું હતું. એ ઉપરાંત ત્યાં એક અનોખી સમસ્યા પણ વણાઈ ગઇ હતી. ઉત્તર કોરિયા, સામ્યવાદી ચીન અને યૂનો, લડાઇના આ ત્રણ પક્ષકારોના હાથમાં હજારો યુદ્ધકેદીઓ આવ્યા હતા.

લડાઇના સામાન્ય શિરસ્તા પ્રમાણે યુદ્ધવિરામ થતાં આ યુદ્ધકેદીઓ જે તે દેશને પાછા સોંપી દેવાવા જોઇતા હતા. પરંતુ આ લડાઇમાં પ્રશ્ન એ ઊઠયો હતો કે કેટલા યે હજાર કોરિયનોને તેમની મરજી વિરુદ્ધ લડાઇમાં હોમવામાં આવ્યા હતા, અને તેથી તેઓ જે શાસનને પોતે ધિક્કારતા હતા તેની નીચેના પોતાના ઉત્તર કે દક્ષિણ કોરિયામાં કે સામ્યવાદી ચીનમાં પાછા જવા તેઓ તૈયાર નહોતા.

સામસામા આક્ષેપો થયા કે ધાકધમકી અને દબાણ કે લાલચને કારણે એ યુદ્ધકેદીઓ પોતાને દેશ પાછા ન જવાની વિચિત્ર વાત કરતા હશે. ત્યારે માનવતાનું ત્રાજવું કયા તટસ્થ કાંડાને પકડાવવું, અને કોણ નક્કી કરે કે દરેક ચીના અને કોરિયન યુદ્ધકેદીની અંતિમ ઇચ્છા શી છે? આ ધર્મસંકટભર્યાં કામ માટે, યુદ્ધકેદીઓને ઇચ્છા મુજબ તારવીને રવાના કરવા સારુ પાંચ રાષ્ટ્રોનું એક 'તટસ્થ પંચ' નીમવામાં આવ્યું અને તેના પ્રમુખસ્થાને ભારતની નિમણૂક કરવામાં આવી. સ્વિટ્ઝર્લૅન્ડ, સ્વીડન, ચેકોસ્લોવાકિયા ને પોલંડ એ ચાર સભ્યો હતાં.

કામ ભારે ભગીરથ હતું. યુદ્ધકેદીઓની છાવણીઓની જાગૃત ચોકી રાખીને અંદરોઅંદર સામસામી ટોળીઓ ધાકધમકી કે મારઝૂડ કરે કે ખૂનામરકી ફેલાવે તેની સામે પહેરો રાખવાનો હતો અને એ યુદ્ધકેદીઓ પર કોઈ પણ પક્ષ તરફથી કોઇ પણ પ્રકારનો સિતમ ન થાય તેની તકેદારી રાખવાની હતી. સાથે ચીનાઓ, ઉત્તર કોરિયનો અને દક્ષિણ કોરિયન પ્રતિનિધિઓની હાજરીમાં એકે એક યુદ્ધકેદીને જુદાજુદા તંબૂમાં બોલાવીને તેના મનની ઇચ્છા પ્રગટ કરવા માટે હજારો ઇન્ટરવ્યૂ આ તટસ્થપંચે લેવાના હતા અને નિર્ણય આપવાનો હતો. એ ચકાસણી વખતે કેટલી યે વાર એવાં દશ્યો ઊભાં થતાં કે વિફરાટભર્યો અને દાઝથી બળતોઝળતો ચીની કે કોરિયન યુદ્ધકેદી સામ્યવાદી કોરિયાને કે સામ્યવાદી ચીનને બેફામ ભાંડવા માંડે. કેટલીક વખત બન્ને સામ્યવાદી દેશોના પ્રતિનિધિઓ પર યુદ્ધકેદી તૂટી પડે તેવું પણ બનતું! આ બધાં વચ્ચે ભારે ધીરજથી, સંપૂર્ણ ન્યાયપૂર્વક, પક્ષાપક્ષીથી પર રહીને હિંદી સૈનિકોને કામ કરવાનું હતું. ખુદ હિંદી સૈનિકો પર પણ હુમલાઓ કરવાનો પેંતરો કેટલાક ચૂક્યા નહોતા.

આખરે ૧૯૫૩ના ઑગસ્ટની પાંચમી તારીખે યુદ્ધકેદીઓને પોતાને વતન પાછા મોકલવાનું શરૂ થયું. યૂનોનાં દળોએ ૭૦,૧૫૯ કોરિયન સૈનિકોને અને ૫,૬૪૦ ચીના સૈનિકોને છોડયા. ઉત્તર કોરિયાએ ૭,૮૫૦ દક્ષિણ કોરિયન સૈનિકો અને ૩,૫૯૭ અમેરિકન સૈનિકોને છોડયા. અને ૨૨,૬૨૮ ઉત્તર કોરિયન માજી સૈનિકો તો એવા હતા કે જેઓ કરગરીને કહેતા હતા કે અમને ઉત્તર કોરિયાના સામ્યવાદી શાસનની ધૂંસરીમાં જીવવા પાછા ન મોકલો! પરંતુ છતાં યે યૂનોએ સ્વીકારેલા સિદ્ધાંત નીચે, દેખરેખ પંચની આજ્ઞા અનુસાર તેમને પાછા ઉત્તર કોરિયા મોકલવામાં આવ્યા.

કોરિયા-મોરચા પરની હિંદી સૈનિકોની આ કામગીરી અસિધારા–વ્રત જેવી હતી. છતાં એમાં જે કુનેહ અને ધીરતા હિંદી સૈનિકોએ બતાવી હતી તેનો યૂનો પર ને આખી દુનિયા પર એટલો ભારે પ્રભાવ પડયો કે તે પછી દુનિયામાં ઊભા થએલાં ઘર્ષણનાં કેટલાં યે સ્થળોએ હિંદના સૈનિકોની સહાય યૂનોએ માગી હતી. ઇજિપ્ત–ઇઝરાએલ વચ્ચે ગાઝાની દેખરેખમાં અને કૅાંગોમાં પણ એ જ હેતુ માટે હિંદી સૈનિકોની ટુકડીઓ મોકલવામાં આવી હતી. હિંદી ચીનનું યુદ્ધ પૂરું થતાં લાઓસ, કંબોડિયા અને વીએટનામમાં પણ સુલેહની દેખરેખ માટેના યૂનોના પંચે હિંદી સૈનિકોની જ મદદ માગી હતી. હિંદી સૈનિકોએ બાંધેલી માયા એટલી ઊંડી હતી કે કેટલાક કોરિયન યુદ્ધકેદીઓએ શેષ જીવન ગાળવા બીજે ક્યાં ય જવાને બદલે હિંદમાં કાયમી વસવાટની માગણી કરી હતી! આવા એકાદ ડઝન કોરિયનો–જેને હવે આપણે કોરિયન હિંદી કહેવા પડશે–આજે પણ દિલ્હી કૅન્ટોન્મેન્ટમાં સુખચેનથી રહે છે ને પોતપોતાનાં કામકારીગરી કરી રહ્યા છે.

હિંદનો સૈનિક શાંતિનો સૈનિક છે એની ઊજળી પ્રતીતિ જગતને કોરિયાને મોરચેથી સર્વપ્રથમ મળી હતી. કોરિયાના મોરચે ચીનના અનેક યુદ્ધકેદીઓને હિંદી સૈનિકોએ મને-કમને પાછા ચીનને હવાલે કર્યા હતા. અને એ જ કોરિયન યુદ્ધના કેટલાક ચીના સૈનિકો નીફા અને લડાખના આક્રમણમાં હિંદ પર તૂટી પડવામાં પણ ઝળક્યા હતા એ વિધિની એક વિચિત્રતા હતી!

(સૌજન્ય : આકાશવાણી અમદાવાદ)

નિધન નોંધ

જનરલ રાજેન્દ્રસિંહજી: ભારતના એ ભૂતપૂર્વ સેનાધિપતિનો જામનગરના રાજકુળમાં સન ૧૮૯૯ની ૧૫મી જૂને જન્મ થએલો. બ્રિટનની સૅન્ડહર્સ્ટની લશ્કરી કૉલેજમાં શિક્ષણ લઇ તેઓ લશ્કરમાં જોડાયા હતા. ૧૯૪૧માં ઇજિપ્તમાં જર્મન લશ્કર સામે એમણે દાખવેલી બહાદુરી બદલ ડી. એસ. ઓ.નો ખિતાબ મેળવનાર તેઓ પ્રથમ હિંદી હતા. '૪૨-'૪૩માં ખાસ પ્રતિનિધિ તરીકે અને '૪૫-'૪૬માં લશ્કરી સલાહકાર તરીકે તેઓ અમેરિકા પણ ગએલા. ત્યાર પછી ઉત્તરોત્તર બઢતી મેળવતા જઈ જનરલ કરીઅપ્પાને સ્થાને તેઓ ભારતીય દળના સેનાધિપતિ બન્યા હતા. દક્ષિણ હૈદરાબાદ પરના ત્વરિત લશ્કરી વિજયમાં એમનો પણ હિસ્સો હતો. '૫૫માં નિવૃત્ત થઈ તેઓ જામનગરમાં ખેતી સંભાળતા હતા. ચીની આક્રમણ વખતે એક લશ્કરી સલાહકાર તરીકે એમને પણ લેવામાં આવ્યા હતા. ગયા મહિને જાન્યુઆરીની પહેલી તારીખે, કોલાબાની લશ્કરી ઇસ્પિતાલમાં ૬૪ વર્ષની વયે એમનું અવસાન થયું.

સાહિત્યસંપર્ક

શેક્સ્પીઅરનાં નાટકોનાં હેતુ અને હાર્દ

શેક્સ્પીઅરની ૪૦૦મી જયંતીના આ વર્ષમાં ગયા માસથી શરૂ કરેલી, તેનાં નાટકોના સંક્ષિપ્ત કથાસારની માળાની સાથોસાથ તે તે નાટકનાં હેતુ, હાર્દ અને પ્રબોધ વિષે ટૂંકમાં પ્રો૦ વસંત જોષી દર મહિને લખશે. તદનુસાર ગયા તથા આ અંકમાં આવેલી કથાઓ વિષે:

મૅકબેથ

ઇ. ૧૬૦૬-૧૬૧૧ દરમિયાનના ગાળામાં લખાએલા (અને ૧૬૨૩માં પ્રસિદ્ધ થએલા) આ નાટકને શેક્સ્પીઅરના શ્રેષ્ઠ કરુણાન્ત નાટક તરીકે તેમજ સૌથી ટૂંકી કારુણિકા તરીકે ગણાવી શકાય. શેક્સ્પીઅરની પ્રતિભાના ઉત્કૃષ્ટ વિલાસના કાળના આ સર્જનમાં કવિની ભવ્ય શૈલીનું દર્શન થાય છે. આમ છતાં આ નાટક બહુ ભજવાતું નથી એનાં બે કારણ હોઇ શકે: ૧) નાયક મૅકબેથના પાત્રને સંપૂર્ણ ન્યાય કરી શકે એવો કલાકાર મેળવવાની મુશ્કેલી, અને ૨) આજના પ્રેક્ષકોને એમાં આવતી ડાકણોની વાતમાં રસ ન પડવાનો સંભવ.

મૅકબેથના પતનમાં વિધિ મોટો ભાગ ભજવે છે. ભવિષ્યવાણી સાંભળીને એ માને છે કે પોતે કશા પ્રયત્ન નહિ કરે તો યે એને રાજપદ મળવાનું છે, વિધિનું ધાર્યું થવાનું જ છે. પણ એટલામાં જ આ નાટકનું કે એના નાયકનું કારુણ્ય રહેલું નથી. રાજા એને ઘેર રાતવાસો કરે છે ને લેડી મૅકબેથ પતિને એનું ખૂન કરવા પ્રેરે છે ત્યારે મૅકબેથ તેમ કરવા તૈયાર થતો નથી. એ ભલે મહત્ત્વાકાંક્ષી હોય, પણ ઔદાર્ય, સૌજન્ય આદિ જેવા ગુણ એનામાં છે. ખૂન જેવું હિચકારું કાર્ય એ કેમ કરે? લેડી મૅકબેથ એને ભીરુ તરીકે ધુત્કારી, જાનવરસાથે સરખાવે છેત્યારે આખરે પત્નીનું કહ્યું માની એ ખૂન કરે છે. નાયકનું સ્વભાવપરિવર્તન વિધિનિર્માણને સાચું ઠરાવે છે.

આ છે 'મૅકબેથ'નું હાર્દ. કોઇ પણ વસ્તુ કે ગુણ તેની મર્યાદામાં જ શોભે. એનો અતિરેક થયો કે વિનાશ નોતરાયો જ છે. મૅકબેથ પોતાના સ્વભાવ કે પ્રકૃતિની મર્યાદા ઓળંગીને, અંતરાત્માને ઠોકરે મારીને હિચકારાં કૃત્યોમાં લપસે છે. લેડી મૅકબેથ મહત્ત્વાકાંક્ષાની મારી પોતાની સ્ત્રીસહજ શાલીનતા અને માર્દવને નેવે મૂકીને પતિને ખૂનને રસ્તે લઇ જાય છે. એનું મગજ આ ભાર સહી શકતું નથી, એ નિદ્રાનાશથી પીડાવા માંડે છે અને અંતે એમાં જ એનું અવસાન થાય છે. માણસમાં સારાસારની વિવેકબુદ્ધિ રહેલી જ છે. તેને અવગણીને, પોતાના ધર્મ, કર્તવ્ય, સ્વભાવ કે મર્યાદાનું ઉલ્લંઘન કરે તો મૅકબેથની જેમ એ પણ નાશને પંથે જ પળવાનો.

મર્ચન્ટ ઑવ વેનીસ

રંજનના ઉદ્દેશથી લખાએલા લાગતા શેક્સ્પીઅરના આ નાટકમાં એ ઉપરાંત થોડું વધુ તત્ત્વ પણ છે. છેવટના ભાગમાં સુખાન્ત થતા આના મૂળ નાટ્યરૂપમાં કરુણ ભાવ પણ આલેખાયો છે, અને લક્ષ્મીના સદુપયોગ-દુરુપયોગ તથા પ્રણય અને પરિણયનાં તત્ત્વોનું પ્રબોધક નિરૂપણ પણ છે. વેરની વસૂલાત માટે ખૂની આગ્રહ રાખતો શાયલૉક અને તેની સામે ચાતુરીથી કામ લેતી શાણી ને સુંદર પોર્શિયા વચ્ચેનો મુકાબલો એ આ નાટકનું સૌંદર્યકેન્દ્ર છે.

ઈ. ૧૫૯૪-૧૫૯૭ના ગાળામાં લખાએલું આ નાટક લોકપ્રિય હોવા છતાં શેક્સ્પીઅરનાં શ્રેષ્ઠ નાટકોમાં ગણાય એવું નથી. પ્રેક્ષકોને જોઇતું હોય તે આપવા ઉપરાંત શેક્સ્પીઅર પોતાના દરેક નાટકમાં બીજું પણ ઘણું આપે છે. એ જમાનામાંયહૂદીઓ માનવતા વિનાના અને હૃદયહીન રાક્ષસો જેવા ગણાતા. એમને ગામના અમુક જ લત્તાઓમાં રહેવું પડતું, અમુક વિશિષ્ટ પ્રકારની જ પાઘડી પહેરવી પડતી ને બધાની ઘૃણાને પાત્ર તેઓ ગણાતા. માર્લોને મુકાબલે શેક્સ્પીઅરના નાટકમાં તો શાયલૉક અનુકંપાને પાત્ર બને છે. એ વેર લેવા માગે છે તે અંગત કારણસર નહિ પણ આખી યહૂદી જમાત પર થતા અન્યાયનો બદલો લેવા ખાતર, જેનો એ ફરીફરી ઉચ્ચાર એમાં કરે છે. માણસ અમુક વર્ણ કે ધર્મમાં જન્મે એટલે એણે બધું સહન કર્યા જ કરવું? લોકો એને ધુત્કારી એનો તિરસ્કાર કરી આનંદ ભોગવે એ એણે ચલાવી લેવું જ રહ્યું? આમાં નાટકકાર વર્ણદ્વેષ તરફ આપણું ધ્યાન ખેંચે છે.

પોર્શિયા વકીલ તરીકે ન્યાયમાંથી છટકવાનો રસ્તો બતાવે છે એમાં શબ્દચ્છલ નથી લાગતો? એ વેશાંતર કરી આવે છે અને છતાં એને કોઈ ઓળખી શકતું નથી! એ જમાનામાં સ્ત્રીઓ તખ્તા પર કામ કરતી નહિ અને સત્તર-અઢાર વર્ષના છોકરા સ્ત્રીપાત્ર ભજવતા. શેક્સ્પીઅરનાં ઘણાં નાટકોમાં આવાં વેશાંતરો આવે છે. પણ બેસાનિયો પોતાની પત્નીને ઓળખી ન શકે અને લગ્નની વીંટી એને આપી દે એટલી જાડી બુદ્ધિનો હશે? —વસંત જોષી

શબ્દકથા: 'કોયલ — કુવેલ'

ઉર્ફાકતે ભલે નરકોકિલ વસંતનો ગાયક—વસંતવૈતાલિક હોય, લોકોએ તો એ જશ હમેશાં કોકિલાને આપ્યો છે. એટલે જ તો પ્રાકૃત વગેરેમાં (તેમ તે પછી) સ્ત્રીલિંગ શબ્દો જ વપરાય છે.

પ્રાકૃતમાં 'પિયમાહવી' (='પ્રિયમાધવી': એટલે કે જેને મધુ કહેતાં વસંત પ્રિય છે) એ કોયલનું હુલામણું નામ છે. તેમ તે 'કાયપિઉચ્છા' (='કાક-પિતૃષ્વસા' એટલે કે 'કાગડાની ફૈઈ')ને ટીખળી નામે પણ ઓળખાઈ છે. પરિચિત પ્રકૃતિને પોતાના જીવન વડે રંગતો સાધારણ જન બિલ્લીને વાઘની માશી, ઉંદરને મામા અને સિંહને વનરાજ કહે જ છે ને?

'કોકિલા' પરથી કાળક્રમે 'કોઈલ્લા' દ્વારા આપણને 'કોયલ' મળ્યો છે, તે સાથે કવિઓને ગમી ગએલો, કાંઈક પુરાણો, 'કુવેલ' કે 'કુવેલડી' પણ મળ્યો છે. 'કોઇલ્લ' પરથી 'કુઈલ,' 'કવેલ,' 'કુવેલ'. સત્તરમી શતાબ્દીના હિન્દી કવિ ઠાકુરની, વાસંતી રંગરસનું મનોરમ ચિત્ર દોરતી પંક્તિઓમાં આ શબ્દ મળે છે:

> 'બૌરે રસાલન કી ચઢિ ડારન કૂકત **કવૈલિયા** મૌન ગહૈ ના,
> ઠાકુર કુંજન કુંજન ગુંજત ભૌંરન ભીર ચુપૈબો ચહૈ ના;
> સીતલ મંદ સુગંધિત બીર સમીર લગે તન ધીર રહૈ ના,
> બ્યાકુલ કીન્હો બસંત બનાવ કૈ, જાય કૈ કંત સોં કોઊ કહૈ ના.'

મ્હોરેલાં આમ્રવૃક્ષોની ડાળે ચઢીને કૂ કૂ કરતી કુવેલો કેમેય મૌન ધારણ નથી કરતી. કુંજકુંજ ગૂંજતાં ભ્રમરનાં ટોળેટોળાં ચૂપ રહેવા ચાહતાં નથી. શીતળ, મંદ, સુગંધી સમીરનો તનને સ્પર્શ થતાં ધૈર્ય ગળી જાય છે. આ વસંતે તો વ્યાકુળ કરી મૂકયા. અરે, જઇને કોઈ કંથને કહી આવતું પણ નથી!

હરિવલ્લભ ભાયાણી

સંગીત, રાસ, ગાયન અને કવિતા વિષયક નવાં પુસ્તકો

'સંગીતચર્ચા'ના કર્તા શ્રી રમણલાલ છો. મહેતા ઉચ્ચ કક્ષાના ગાયક અને સંગીતના ઊંડા અભ્યાસી છે. એમની સૂક્ષ્મ ને વિવેકપૂત દૃષ્ટિને કારણે તેઓ શાસ્ત્રજડતાથી નિર્લેપ અને પૂર્વગ્રહોથી મુક્ત રહી, સ્વતંત્ર રીતે વિષયવસ્તુની તલસ્પર્શી ચર્ચા કરી શકે છે.

'સંગીતચર્ચા'માંનો (અલગ પુસ્તિકા રૂપે પણ બહાર પડેલો) 'ગુજરાત અને સંગીત: છેલ્લાં સો વર્ષનું વિહંગાવલોકન'—એ લેખ ગુજરાતમાં સંગીતનું સ્થાન, દેશી રાજાઓ ધનાઢ્યો વગેરેનો સંગીતવિકાસમાં ફાળો, ગુજરાતમાં થએલા-રહેલા ગાયકોની સંગીતસેવા, ગુજરાતનું સંગીતવિષયક સાહિત્ય વગેરેની ઐતિહાસિક દૃષ્ટિથી માહિતી પૂરી પાડે છે. 'શાસ્ત્રીય સંગીત'માં 'શાસ્ત્રીય'ને સ્થાને 'શુદ્ધ' વિશેષણના તેઓ હિમાયતી છે. શુદ્ધ સંગીતના ઉદ્‌ભવ-વિકાસની ટૂંકી ભૂમિકા પણ એમણે આ લેખમાં આપી છે.

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ ગાયક શ્રી રામકૃષ્ણ વઝે કૃત 'સંગીત-કલા-પ્રકાશ' નામક મરાઠી ગ્રંથની સમીક્ષા કરીને એમણે ભારતીય એકતાના સંદર્ભમાં આંતરપ્રાંતીય કલાસંબંધો આ રીતે વિકસાવવાનું અને આપણે ત્યાં સામાન્ય રીતે ઉપેક્ષિત એવી વિવિધ કલાઓની સમ્યગ્ મીમાંસાની પ્રવૃત્તિ ચલાયમાન કરવાનું બહુમૂલ્ય કાર્ય કર્યું છે. આ પુસ્તકની સમીક્ષા કરતાં નોટેશનની પદ્ધતિ, રાગ અને નાયિકાનો સંબંધ, કેટલાક રાગોના સૂક્ષ્મ ભેદ-પ્રભેદો વગેરેના ચર્ચાસ્પદ મુદ્દાઓ ધ્યાનમાં લઇને એમણે સારી છણાવટ કરી છે. એમના સંગીતના ઊંડા જ્ઞાનનો અહીં પરિચય થાય છે.

વળી સાહિત્ય અને સંગીતના સંબંધની ચર્ચા 'શબ્દનિષ્ઠ અને સ્વરનિષ્ઠ લય'ની ભૂમિકા પર એમણે જે કરી છે એમાં એમની તત્ત્વાન્વેષી દૃષ્ટિનો પરિચય થાય છે. 'સાહિત્યકળા અને સંગીતકળા'માં સાહિત્યિકોમાં સંગીતના ઉપાદાન વિષે પ્રવર્તતી ગેરસમજને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. 'સંધિઓ અને માત્રા'માં ગુજરાતી ગેયરચનાઓના લયઢાળોમાં સંધિઓ ને માત્રાઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે. 'કોઇને ગુજરાતી ભાષા શીખવી હોય તો હું તો તેને ગુજરાતી ગરબીઓ ને લોકગીતો સાંભળી-સાંભળીને શીખવાનું સૂચવું'એ એમનું વિધાન પણ સમજવા જેવું છે. શ્રી રા૦ વિ૦ પાઠકને પત્ર રૂપે આ લેખ લખતાં તેને અનુરૂપ સાહિત્યિક શૈલીની મર્યાદાઓ પણ લેખકે જાળવી છે. ભારતીય સંગીત અને તેમાં ખાંસાહેબ અબ્દુલ કરીમખાંએ આપેલા કિંમતી ફાળાની નોંધ લેતી તેમની 'એક અંજલિ' એક સાચા સંગીતકાર માટે સંગીતપ્રેમીને હોઇ શકે એવો ઊંડો જ્ઞાનપૂત સ્નેહાદર ધ્વનિત કરે છે, સાથે અબ્દુલ કરીમખાંની ગાયકીની વિશેષતાઓની પણ નોંધ કરે છે. 'સંગીતનાટક'માં ઑપેરા, બૅલે, સંગીતનાટક આદિની સ્વરૂપચર્ચા ઉપરાંત સંગીતનાટકની સફળતા માટે શી આવશ્યકતાઓ છે તેનો નિર્દેશ જોવા મળે છે. 'લોકસંગીત'ની વિશિષ્ટતા અને તેનું મહત્ત્વ આ શુદ્ધ સંગીતના જાણકારના ધ્યાન બહાર નથી. સંસ્કારઘડતરની દૃષ્ટિએ શિક્ષણમાં સંગીતાદિ લલિતકળાઓનું સ્થાન હોવું જોઇએ એમ 'લલિતકલાનું શિક્ષણ' લેખમાં તેઓ દર્શાવે છે. ૭૨ પાનાંની આ લઘુ પુસ્તિકાનું ઇ.સ. ૧૯૬૩ના વર્ષનાં નોંધપાત્ર ગુજરાતી પુસ્તકોમાં નિઃશંક અગત્યનું સ્થાન છે.

શ્રી શાન્તિબહેન ચૂનીલાલ બરફીવાળા દ્વારા સંપાદિત '**રાસકુંજ** (ભાગ બીજો)માં ૫૫ અર્વાચીન અને ૩૯ પ્રાચીન કવિઓની અનુક્રમે ૧૮૮ અને ૧૧૯ ગેય રચનાઓનો સમાવેશ છે. ગુજરાતના લગભગ બધા જ પ્રસિદ્ધ કવિઓની રચનાઓ 'રાસકુંજ'ના બે સંગ્રહોમાં આવી જાય છે. આ સંગ્રહમાં સામાન્ય રીતે કવિવાર ગીતોના ગુચ્છોની ગોઠવણી થઈ છે. રાસોની પસંદગી, સંપાદિકા બહેન જણાવે છે તેમ, સાહિત્યિક અને ગેયતાની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને થઈ છે. વળી ગુજરાતના ઉત્સવ—પ્રસંગો વગેરેનો ખયાલ પણ તેમાં રાખ્યો જણાય છે.

સાહિત્યકૃતિઓના સંપાદકમાં ઊંડી અને કેળવાએલી રસવૃત્તિ અત્યાવશ્યક છે. એમાં યે રાસ જેવા સાહિત્યરૂપનું સંપાદન કરનારમાં લય-તાલાદિની ઊંડી જાણકારી પણ અપેક્ષિત છે. ઉપરાંત રાસ-નૃત્યનો જાતઅનુભવ એમાં હોય તો તે વધુ આવકાર્ય બને. 'રાસકુંજ'ના સંપાદન દ્વારા શ્રી શાન્તિબહેને એમની સંપાદિકા તરીકેની યોગ્યતા સિદ્ધ કરી આપી છે. લોકોમાં સામાન્યરીતે પ્રસિદ્ધ એવાં સુ-ગેય ગીતો તેઓ સારા પ્રમાણમાં અહીં આપી શક્યાં છે. ગેયત્વ અને કાવ્યત્વ બંનેને નજર સમક્ષ રાખ્યાં હોવા છતાં કેટલેક ઠેકાણે ગેયત્વને વિશેષ પ્રાધાન્ય મળ્યું હોય એવું જોઇ શકાય છે. રાસરસિક જનતાને આથી સારા રાસ સુલભ બન્યા છે. રાસ અંગે કેટલીક માહિતી આપતો શ્રી મંજુલાલ મજમુદારનો લેખ પણ આ સંગ્રહનું મૂલ્ય વધારે છે.

સાઠેક જેટલાં મૌલિક નાટકો લખી ગુર્જર રંગભૂમિની ચાર દસકા સુધી અવિરત સેવા કરનાર સ્વ. પ્રભુલાલ દ્વિવેદીની ગદ્ય અને પદ્ય રચનાઓનો 'વાણી ને વીણા' નામક સંગ્રહ તેના કર્તાના સાહિત્ય ને સંસ્કારપ્રેમનો દ્યોતક છે. આરંભના 'વાણી' વિભાગમાં કેટલાંક, પ્રેરક-બોધક રસપ્રદ દષ્ટાંતો અને ટુચકાઓની કોટિમાં મુકાય એવાં પ્રસંગચિત્રો છે. આ વિભાગમાં શુદ્ધ સાહિત્યદૃષ્ટિ કરતાં સંસ્કારદૃષ્ટિનું પ્રાધાન્ય જોવા મળે છે. લેખકની સરળ પ્રવાહી શૈલી સામાન્ય વાચકોને પણ સચોટતાથી સ્પર્શે એવી છે.

'વીણા' વિભાગમાં એમનાં નાટકો માટે લખાએલાં ગીતો-ગઝલોનો સમાવેશ છે. એ રચનાઓમાંની કેટલીક તો ઠીકઠીક લોકપ્રિયતા પામી છે. બધી જ રચનાઓ સુગમ અને પ્રાસાદિક છે. દુનિયાદારીનું ડહાપણ ને ઊંડી ધર્મનિષ્ઠા એમની કૃતિઓમાં તરી આવે છે. સામાન્ય જનસમુદાયને સદ્ય આકર્ષે એવી એની લખાવટ છે. જીવનના અનેકવિધ હળવા-ગંભીર પ્રસંગો એમના ગાનનો વિષય બન્યા છે, જેમાં પ્રેમવિષયક કૃતિઓ કવિતાતત્ત્વના સ્પર્શથી ઊજળી બની છે. એમની કવિતામાં ધ્વનિતત્ત્વ કરતાં બોધતત્ત્વ આગળ તરી આવે છે. આવી રચનાઓનું પ્રાસંગિક મૂલ્ય પણ ધ્યાનમાં રાખવું ઘટે.

કવિનું માનસ પ્રાચીનપક્ષી છે એવું કોઇને પ્રથમ નજરે દેખાય, પણ એટલા માટે તે જડ છે એવું નથી. આર્યસંસ્કૃતિના ઉજ્જ્વળ અંશોના તેઓ પક્ષકાર છે. અર્વાચીન યુગમાં સુધારાને નામે જે સ્વચ્છંદો ચાલે છે તેના તેઓ વિરોધી છે. સંગ્રહ એકંદરે સુવાચ્ય છે.

ગુજરાતી એકથી સાત ધોરણ માટે રચાએલી જૂની 'હોપ સીરીઝ' પછી જે સરકારી **'વાચનમાળા'**ના એકથી સાત ભાગ નિયત થયા હતા તેમાં દટાએલી 'કવિતા'ઓનો (હોપ સીરીઝની કવિતાઓ પેઠે) એકત્ર સંગ્રહ પણ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે પ્રગટ કરી એક સ્તુત્ય પગલું ભર્યું છે.

નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ આદિ મધ્યકાલીન, તેમજ નર્મદાશંકર, દલપતરામ, મ. બ. હોરા, બાલાશંકર, નરસિંહરાવ, કલાપી, નાનાલાલ આદિ અર્વાચીન કવિઓની કૃતિઓ આમાં સમાઈ છે.

પાઠ્યપુસ્તકો તૈયાર કરનારે શું આપવું છે, કેટલું આપવું છે અને કોને આપવાનું છે તેનો તો બરોબર વિચાર કરી લેવો જોઈએ. આ વાચનમાળાના તૈયાર કરનારાઓએ વાસ્તવિક પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને, વ્યવહારિક ડહાપણનો ઉચિત ઉપયોગ કરી, બાળકોનાં ભાષાજ્ઞાન અને સાહિત્યરસ ક્રમશઃ વધતાં રહે ને એમનું ચારિત્ર્યઘડતર પણ થાય એ હેતુથી કાવ્યો પસંદ કર્યાં છે. આજના શિક્ષણક્ષેત્રે આ જૂની વાચનમાળાઓનું કેટલું ઊપજી શકે એ કેળવણીકારોએ નિઃસ્વાર્થભાવે વિચારવા જેવું છે. —ચન્દ્રકાન્ત શેઠ

મુકુન્દરાય
વિજયશંકર
પારાશર્ય

સૌજન્યશીલ પ્રભાશંકર

સ્મરણીય વ્યક્તિની સત્ય કથાઓ-૨૧

સૌરાષ્ટ્રમાં મોરબી ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી, મૅટ્રિક સુધીનો અભ્યાસ કરી, સામાન્ય શિક્ષકપદથી પ્રારંભ કરીને ભાવનગર રાજ્યના દીવાનપદ તથા ઍડમિનિસ્ટ્રેટરના પદને શોભાવનાર, હિંદનાં દેશી રાજ્યોના માનવંતા સલાહકાર બનનાર, બ્રિટિશ સલ્તનતનો પરમ વિશ્વાસ મેળવી ઇન્ડિયા કાઉન્સિલ તથા લીગ ઑવ નૅશન્સમાં સ્થાન ભોગવનાર અને દેશના સ્વાતંત્ર્ય માટે પૂ૦ ગાંધીજીના અંગત મિત્ર રહી કાર્ય કરનાર સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની ઇ.સ. ૧૮૯૨થી ૧૯૩૮ સુધીની પોણો સો વર્ષની કારકિર્દીમાં કાર્યસિદ્ધિઓ અસંખ્ય છે. એમની બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ આકર્ષક હતાં; અને તેથી આ દેશના તેમજ ઇંગ્લંડના તત્કાલીન લેખકોએ એમનું જીવનચરિત્ર લખાય એવી ઇચ્છાથી રૂબરૂ ચર્ચા કરેલી ત્યારે સર પ્રભાશંકરે સ્પષ્ટતાથી કહેલું: 'મારું જીવનચરિત્ર લખાય તેવી મારી ઇચ્છા નથી.'

આ વિષે પ્રશ્નોત્તરી વખતે તેમણે કહેલું: 'મારા જન્મ પહેલાંથી આજ સુધીના મારા કુટુંબને તથા મારા આખા જીવનને, મારા જમાનાને અને જે સંયોગોમાં સામાન્યમાંથી આજની સ્થિતિએ હું પહોંચ્યો તેને તથા જે જે મુશ્કેલીઓમાંથી હું જે જે રીતે પસાર થયો તથા તે પ્રત્યેક પ્રસંગે મારા પરિચયમાં આવનાર નાનામોટા, સારાનરસા, મિત્ર કે દુશ્મન વગેરે સાથે હું જે રીતે વર્ત્યો એ સર્વને આપમેળે જે સમજી શક્યા હોય તે જ મારું જીવનચરિત્ર લખી શકે; નહિ તો મારાં કેટલાંક કામોની નોંધ લઇ શકાય, મારી પ્રશંસાનું પુસ્તક કદાચ લખી શકાય, પણ જીવનચરિત્ર લખી શકાય નહિ.


'આપ પોતે એમાં મદદ કરો તો?' એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહેલું: 'એ કદી યે હું ન કરું.'

એક વખત એમના એક સ્વજને એમને પૂછ્યું: 'પેલા અંગ્રેજ, જે આપને પોતાને દુશ્મન ગણીને વર્તતા હતા તે હવે આપને કેમ મિત્ર ગણીને વર્તે છે? આપે તેનું એવું શું કરી આપ્યું?'

'મેં કંઇ કર્યું નથી.'

'એવું તો ન હોય. પણ જો આપ કહો તો એક નોંધપાત્ર પ્રસંગ બને.'

શ્રી પ્રભાશંકરે હસીને કહ્યું: 'કાગળ પરની નોંધ નકામી છે. અને



રેંટિયો કાંતતા સર પ્રભાશંકર (ફોટો - કાન્તિ જોષી ભાવનગર)

જે કામમાં સામાના દોષ ઢાંકી તેના સદ્‌ગુણો વિકસાવવા પ્રયત્ન કર્યા હોય તે કામ જો કોઇ જાણે તો પ્રયત્નનો હેતુ નિષ્ફળ જાય છે. માણસ પોતે માણસ પેઠે જીવીને બીજા (સમાજવિરોધી, ધર્મવિરુદ્ધ આચરણ કરનાર)ને માણસ પેઠે જીવતા કરે એ મુખ્ય વાત છે, ને એ વાત છાની રહે તેમાં જ મઝા છે. તમને ભર્તૃહરિના આ શ્લોકની ખબર હશે:

पापान्निवारयति योजयते हिताय गुह्यं च गूहति गुणान्प्रकटीकरोति।
आपद्गतं न च जहाति, ददाति काले, सन्मित्र लक्षणमिदं प्रवदन्ति सन्तः॥

(અર્થ: પાપ કરનારને તેના પાપાચરણમાંથી વારે છે અને તેના હિતના કાર્યમાં તેને યોજે છે, તેનું અહિત જેનાથી થાય તેવી છાની વાતોને છુપાવી દાબી દે છે અને માણસમાં રહેલા સદ્‌ગુણોનો વિકાસ થાય તેવી યોજના કરે છે, આપત્તિકાળે તેને છોડી દેતો નથી પણ તે તે પ્રસંગે પોતાથી જે કંઇ બને તે આપીને દુઃખમુક્ત કરે છે, આ સારા મિત્રનાં લક્ષણ છે એમ સંતજનો કહે છે.')

એ શ્લોકમાં કહ્યા પેઠે સર્વના મિત્ર તરીકે વર્તવા હું બાળપણથી મથું છું. હવે તો એ સ્વભાવ થઇ ગયો છે. "મિત્ર"ના તખલ્લુસથી હું, કવિતાઓ લખું છું તેનું પણ એ કારણ છે.'

આવા સ્વભાવના શ્રી પ્રભાશંકરનાં, બીજાના દોષ ઢાંકીને કરેલાં થોડાંક કાર્યો જે કોઇ જાણતા તે પણ કાળવશ થતા જાય છે, એટલે તેમનાં એવાં કાર્ય સહિતનું જીવનચરિત્ર લખાય એ અસંભવ લાગે છે. તેમની આશ્ચર્યકારક અનેક સિદ્ધિઓ નોંધી શકાય; પણ તેમના જીવનની ઓછી મહત્ત્વની નહિ તેવી વસ્તુ તેમનો સ્વભાવ હતો, જેનાં સૌજન્ય, નિઃસ્પૃહતા, નિરભિમાનતા તથા પરહિતપરાયણતા વગેરે લક્ષણો હતાં. એમની પ્રત્યેક પ્રવૃત્તિ કે નિવૃત્તિ પરહિતસાધક હતી. એમની સ્વભાવદર્શક ઉપલબ્ધ હકીકતોમાંથી થોડીક અહીં તારવી છે.

ઇ.સ. ૧૮૯૫માં મોરબી રાજ્યના કેળવણીખાતામાં નિરીક્ષકના પદેથી ભાવનગરના મહારાજાના હજૂર સેક્રેટરી પદે એ આવ્યા, તે મહારાજા ભાવસિંહજી સગીર વયમાં રાજકુમાર કૉલેજમાં રાજકોટમાં ભણતા અને શ્રી પ્રભાશંકર ત્યારે તેમની નોકરીમાં હતા ત્યારથી ભાવસિંહજીને શ્રી પ્રભાશંકર પ્રત્યે આદરમાન હતું. એટલે મહારાજા તખ્તસિંહજી દેવ થયા ત્યારે ભાવસિંહજીએ તાર કરીને પટ્ટણીને મોરબીથી તેડાવ્યા. શ્રી પ્રભાશંકરે લખ્યું: 'હું મોરબી બાવાનો નોકર છું, મને તેઓ સારી રીતે રાખે છે, એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી છોડાય નહિ.' આ પરથી શ્રી ભાવસિંહજીએ મોરબીના વાઘજી ઠાકોરને લખી મંજૂરી મેળવી પ્રભાશંકરને બોલાવ્યા. મહારાજા જાહેરમાં પણ શ્રી પ્રભાશંકર માટે આદરમાન બતાવતા, તેથી મશ્કરીમાં તેમ જ અન્યથા, આજકાલમાં મહારાજા તેમને દીવાનપદું આપશે એવી લોકવાયકા ચાલેલી. તદ્દન નવા નોકરીમાં આવી સત્તાપદે વધતા પ્રભાશંકરનું ખૂન કરવા-કરાવવાના યત્ન પણ થએલા. એવા એક પ્રયત્નમાં પોતે પકડેલા મારાને ક્ષમા આપી પાછો વાળ્યો ને વાત દાબી દીધી. તે પછી એ પ્રયત્ન બંધ થયા, પણ એ બનાવ પછી શ્રી પ્રભાશંકરે એક મુક્તક વડે પ્રભુપ્રાર્થના કરી:

'મારી આખી અવનિ પરની જિંદગાની વિષે મેં
રાખી હોયે મુજ રિપુ પરે દૃષ્ટિ જે રીતની મેં,
તેવી યે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ!
તો યે તારો ઋણી થઇને પાડ માનીશ ભારી.'

શ્રી પ્રભાશંકર હજૂર સેક્રેટરીપદે હતા તે વખતે મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રાજીનામું આપી ચોવીસ કલાકમાં ભાવનગર છોડી જવા હુકમ કર્યો અને પછી શ્રી પ્રભાશંકરને બોલાવી, માગેલા રાજીનામા પર મંજૂરીનો હજૂર હુકમ લખવા આજ્ઞા કરી. એ વખતે બધી હકીકત જાણી શ્રી પ્રભાશંકરે પોતાનું રાજીનામું લખી મહારાજાને આપ્યું.

'આ શું?' મહારાજાએ પૂછ્યું. શ્રી પ્રભાશંકરે આ મતલબનું કહ્યું: 'રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાનો બાપ પણ છે. અને નોકર થવાથી કોઇ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ અમલદારની અને એથી વધુ અમલદારોના પણ અમલદાર જેવા રાજાની છે. એને બદલે જો રાજા ઘડીમાં કોપે, અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય એવા કુટુંબના એક માણસે રાજના નોકર તરીકે કંઇ ભૂલ કરી હોય તો તે બદલ તત્કાલ આકરી સજા કરે, તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કોણ સારો માણસ ઇચ્છા રાખે? માટે મેં રાજીનામું આપ્યું છે.' મહારાજાએ વાત સાંભળી બગડેલી બાજી સુધારવા શ્રી પ્રભાશંકરને સર્વ છૂટ આપી.

લૉર્ડ કર્ઝન હિંદના એક મહાન વાઈસરૉય હતા. મહારાણી વિક્ટોરિયાના તા. ૧-૧૧-૧૮૫૮ના ઢંઢેરાથી તાજે વચન આપેલું કે ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે થએલા કરારો તાજ સાથે જ થયા હોય તેવા ગણીને તેની બધી શરતોને જે તે સ્વરૂપે પ્રામાણિકપણે પાળવામાં આવશે. એ પ્રમાણે વધતેઓછે અંશે સરકારે પાલન કરેલું. પણ લૉર્ડ કર્ઝને સાર્વભૌમ સત્તાના અનિરુદ્ધ સ્વાતંત્ર્યના હકના આધારે જે મનસ્વી વર્તન ચલાવ્યું તેમાં ભાવનગર રાજ્ય સાથે તાજને સમાન -બંદરી હકના કરાર હોવા છતાં ભાવનગર રાજ્યની સંમતિ લીધા વગર, ભાવનગર સહિત કાઠિયાવાડનાં બંદરોનો વિકાસ તોડવા, કાઠિયાવાડ અને બ્રિટિશ હિંદની વચ્ચે જકાતની લાઈનદોરી નાખીને ભાવનગર સહિત કાઠિયાવાડનો વેપાર બ્રિટિશ હિંદમાં જતો અટકાવ્યો. કરારભંગનો આ દાખલો તાજની ન્યાયપરાયણતાની નીતિથી વિરુદ્ધ હતો. લૉર્ડ કર્ઝને મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાનો અર્થ પણ બીજી રીતે કર્યો હતો. લોકમતની પરવા કર્યા વગર બંગભંગની યોજના અમલમાં મૂકવા તેણે જે યત્ન કર્યા તેથી સરકારની ન્યાયવૃત્તિ પર જે દૃઢ વિશ્વાસ લોકોનો હતો તેના પર ઘા પડવા શરૂ થયા. ધીમેધીમે બીજી સરકારી વ્યક્તિઓ દ્વારા પણ લોકમતની ને ન્યાયની અવહેલના થવા માંડી. પરિણામે લોકમત બ્રિટિશ વિરુદ્ધ ચળવળમાં પરિણમ્યો.

ઈ.સ. ૧૯૦૨થી શ્રી પ્રભાશંકર ભાવનગર રાજ્યના દીવાનપદે હતા. બંદરી કરારભંગ સામે ભાવનગર રાજ્યે કર્ઝન સરકારને તથા તે પછી મિન્ટો સરકારને ઘણી અરજી કરી પણ દાદ ન મળી. આથી ભાવનગર રાજ્યે ઇન્ડિયા કાઉન્સિલ સુધી અરજ કરી ને તે કામ ઇંગ્લંડમાં શ્રી ભાવનગરી નામના પારસી સદ્ગૃહસ્થને સોંપ્યું. ઇ.સ. ૧૯૧૦ સુધી એ કામ પાર ન પડ્યું. છેવટે શ્રી પ્રભાશંકર પોતે ઇંગ્લંડ ગયા, ને તે વખતના સેક્રેટરી ઑવ સ્ટેટ ફૉર ઇન્ડિયા લૉર્ડ મોર્લીને મળી બધી વાત રૂબરૂ સમજાવી. ન્યાયપ્રેમી લૉર્ડ મોર્લીએ આખો કેસ તપાસી જઇ લૉર્ડ કર્ઝનના પગલાને અન્યાયી કહી તેને રદ કરતો ઠરાવ કર્યો.

ભાવનગર રાજ્યની તરફેણમાં ચુકાદો આવ્યા પછી લૉર્ડ મોર્લી શ્રી પ્રભાશંકરને હર્ષથી મળ્યા અને કહ્યું: 'Congratulations, Mr. Prabhashankar, you have won the case.' (અભિનંદન, શ્રી પ્રભાશંકર, તમે તમારો કેસ જીતી ગયા છો.)

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે કહ્યું: 'No, thanks. It is not Mr. Prabhashankar who has won the case. It is the sense of justice on the part of the British Government that has won the case.' (ના, આભાર. આ વિજય પ્રભાશંકરનો નથી પણ બ્રિટિશરાજ્યમાં રહેલી ન્યાયની ભાવનાનો છે.)

અને ચુકાદાના તારથી ભાવનગર ખબર આપતાં શ્રી પ્રભાશંકરે લખેલું કે આ સફળતાનો યશ શ્રી ભાવનગરીને આભારી છે.

ભાવનગરની તરફેણમાં ફેંસલો આવતાં મહારાજા પાસે હરખ કરવા ગામલોકો આવેલા તેમાં માજી દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈ પણ હતા. તેમણે શ્રી પ્રભાશંકરનો તાર વાંચી મહારાજાને કહેલું: 'પટ્ટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે છતાં પટ્ટણી ભાવનગરીને જશ દે છે તે એની મોટાઈ છે. એ પટ્ટણીથી જ થઇ શકે.'

મહારાજા ભાવસિંહજીને ત્યાં સંતાન ન હતું તેથી શ્રી પ્રભાશંકરે વ્રત કરેલાં. એ પછી ઈ.સ. ૧૯૧૨ના જુલાઈની ૩જી તારીખે સૂર્યોદય સમયે પાટવીકુંવર કૃષ્ણકુમારસિંહજીનો જન્મ થયો ને તત્કાલ શ્રી પ્રભાશંકરને એ વધામણી આપવા મહારાજા ભાવસિંહજી પોતે અનંતવાડી ગયા. તે સમયે હજી શ્રી પ્રભાશંકર જાગ્યા ન હતા. મહારાજા પોતાની મોજડી ઉતારી હળવે પગલે પથારીએ જઇ શ્રી પ્રભાશંકરની સમ્મુખે જાગવાની રાહ જોતા ઊભા રહ્યા, ને જાગ્યા ત્યારે વધામણી આપી. પોતાને ત્યાં પાટવીપુત્રનો જન્મ થયો છે એ આનંદ તો હતો જ, પણ સાથે પ્રભાશંકરનાં વ્રત ફળ્યાં તેનો સંતોષ હતો તેથી વધામણી આપતાં મહારાજા સાહેબ હર્ષથી ગદ્ગદિત થઈ ગએલા.

એ મહારાજા સાહેબ ઇ.સ. ૧૯૧૯માં દેવ થયા ત્યારે શ્રી પ્રભાશંકર ઈન્ડિયા કાઉન્સિલના સભ્ય હોઈ ઇંગ્લંડમાં હતા અને તેમને હિંદના કોઈ પ્રાંતના ગવર્નરપદે નીમવા સરકાર વિચારતી હતી. તે વખતે ભાવનગરનાં પ્રજાજને તથા રાજ્યકુટુંબે બાળ મહારાજાની સંભાળ રાખવા તથા રાજ્યનો વહીવટ કરવા સર પ્રભાશંકરને નીમવા માટે સરકારમાં તાર તથા પત્રથી અરજી કરેલી. સત્તા તથા વૈભવભર્યું ઊજળું ભાવિ છોડી પ્રભાશંકર એ પદ નહિ સ્વીકારે તેમ સરકાર માનતી હતી. બે વચ્ચે પસંદગી કરવાનું શ્રી પ્રભાશંકરને કહેવામાં આવ્યું ત્યારે તરત તેમણે ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું, અને કારણ પૂછતાં સરકારને જણાવ્યું: 'ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે તેમના પાટવીકુંવર મારા હાથ તળે ઊછરે. હાલ જ્યારે એ નામદારની હયાતી નથી ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે આ જ સ્વીકારવું જોઇએ.'

એ પછી તેઓ ભાવનગર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટરના પદે આવ્યા અને હિંદભરનાં દેશી રાજ્યોના એકમાત્ર ઉત્તમ સલાહકાર બન્યા. ઈ. ૧૯૩૦/૩૧માં કાશ્મીરના મહારાણાએ રાજ્યના પ્રશ્ન અંગે સર પ્રભાશંકરને આમંત્રી સલાહ લીધી, જેનું પરિણામ ઘણી સરળતાથી સારું આવ્યું. આથી મહારાણાએ કહ્યુ: 'ભાવનગર ખાબોચિયા જેવું છે, આપને માટે ઘણું નાનું છે. આપ કાશ્મીરને પોતાનું કરો તો હું માસિક પાંચ હજારથી ઓછા નહિ આપું અને આપની યોગ્ય કદર કરીશ.'

શ્રી પ્રભાશંકરે કહ્યું: 'મારા પર આપ વિશ્વાસ ન રાખો તો આવું.'

મહારાણાએ પૂછ્યું: 'એવી શરત કેમ મૂકો છો?'

ત્યારે શ્રી પ્રભાશંકરે કહ્યુ: 'ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ મને આગળ આણ્યો. એ દેવ થયા ત્યારે તેનાં સંતાનો મને સોંપતા ગયા છે. જો હું સત્તા કે ધનના લોભે એ બધું ભૂલી, ફગાવીને કાશ્મીર આવું તો પછી હું આપને કે કાશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં રાખવો ન જોઈએ.'

શ્રી પ્રભાશંકરમાં નિઃસ્પૃહતા તથા નિરભિમાનીપણા સાથે જે

સત્યનિષ્ઠા તથા પરહિતસાધકતા હતાં તેને અંગે તેમના પરિચયમાં જે કોઇ આવતા—તે પછી રંક હોય કે રાજા, નોકર હોય કે બ્રિટનના મહાન અમલદાર, બાળક હોય કે મોટી ઉંમરના, પણ તે દરેકને લાગતું કે પટ્ટણીજી પોતાના જ છે. તેમનું વિશાળ હૃદય અને વાત સમજાવવાની સ્વાભાવિક કુશળતાને લીધે અંગ્રેજ અમલદારોને તેમના ઉપરીઓ તરફથી સલાહ અપાતી : If you have to differ or from fight with Sir Prabhashankar, do it on paper. Never discuss the point with him personally, otherwise he shall turn you to his opinion. ('તમારે શ્રી પ્રભાશંકર સાથે મતભેદ દર્શાવવો હોય અથવા લડવું હોય તો તે કાગળ પર કરજો. કદી પણ તેમને રૂબરૂ મળીને વાત કરશો નહિ, નહિ તો તે તમને પોતાના મતના કરી નાખશે.')

પૂ. ગાંધીજી તથા પ્રભાશંકર રાજકોટ હાઈસ્કૂલમાં સાથે ભણતા ત્યારની એમની પિછાન. ગાંધીજી આફ્રિકા હતા ત્યારે તેમના કાર્યથી શ્રી પ્રભાશંકર વાકેફગાર રહેતા. તેમના હિંદ આવ્યા પછી બન્ને ગાઢ મિત્રો બની ગએલા. શ્રી પ્રભાશંકર ગાંધીજી પ્રત્યે માનથી જોતા છતાં પોતાને સત્ય લાગતી વાત તેમને કહી દેતા. ઈ. ૧૯૨૩માં સત્યાગ્રહની લડતને નામે હિંસક તોફાનો થયાં ત્યારે ગાંધીજીને રૂબરૂ મળીને તેમણે વાત સમજાવતાં કહેલું: 'આવાં તોફાનથી આપના અહિંસક સત્યાગ્રહના મૂળમાં ઘા થાય છે. આપની પ્રતિષ્ઠા ઘટે છે, માન ઘટે છે ને જગતની આંખે આપનું કાર્ય દંભ રૂપે દેખાય તેવું બને છે. એવે વખતે સત્યાગ્રહ પાછો ન ખેંચી લેવો તે "હિમાલય જેવડી ભૂલ" છે.' ગાંધીજીને આ વાત ખરી લાગી, સત્યાગ્રહ પાછો ખેંચી લેવાયો, ને ગાંધીજીએ નવજીવનમાં 'હિમાલય જેવડી' નામે લેખ લખ્યો.

ઈ. ૧૯૨૪ પછી ભાવનગર ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદ બોલાવવા હિલચાલ થઈ ત્યારે શ્રી પ્રભાશંકરે ના પાડીને ગાંધીજીને અમદાવાદમાં આશ્રમમાં કહેલું: 'ભાવનગરમાં હાલ બાળ મહારાજા છે. મહારાજાને બીજાં રાજ્યો સાથે રાજકીય તેમજ કૌટુંબિક સંબંધ છે. એ ભાવનગરને આંગણે પરિષદ મળે ને પરિષદમાં બીજાં રાજ્યો વિરુદ્ધ ઠરાવ થાય તો તે તે રાજ્યોનો ભાવનગર સાથે સંબંધ બગડે. તે માટે હું ના પાડું છું. પણ જો બીજાં રાજ્યોની વિરુદ્ધમાં ઠરાવ ન કરવાના હોય ને આપ પોતે પ્રમુખ થવાના હો તો ખુશીથી ભાવનગરમાં પરિષદ ભરો. હું બધી સગવડ અપાવીશ. અને એ પરિષદમાં ભાવનગરની વિરુદ્ધ જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ છે.'

ગાંધીજી પાસે તે વખતે બીજા માણસો પણ હતા. ગાંધીજીએ શ્રી પ્રભાશંકરને હસીને પૂછ્યું: 'ધારો કે મારા પ્રમુખપદે ત્યાં પરિષદ ભરાય ને તેમાં બીજાં કોઈ રાજ્ય વિરુદ્ધ ઠરાવ થાય તો તમે શું કરો?'

શ્રી પ્રભાશંકરે સામે હસીને કહ્યું: 'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું ને હું આપની સામે બેસું.'

ગાંધીજીએ પ્રમુખપદ સ્વીકાર્યું, પરિષદ ભાવનગર ખાતે ભરાઈ, કોઈ અનુચિત ઠરાવ પસાર ન થયો.

ઈ. ૧૯૨૯માં ગાંધીજી શ્રી પ્રભાશંકરના અંગત મહેમાન તરીકે ત્રાપજમાં રહેલા. તા. ૧૨-૩-૧૯૩૦ના રોજ આશ્રમેથી ગાંધીજી દાંડીકૂચ માટે નીકળ્યા ત્યારે તેમની સાથે સર પ્રભાશંકર પણ હતા.

બીજી ગોળમેજી પરિષદ વખતે કૉંગ્રેસ આગેવાનો તથા સરકારના સત્તાધીશોના આશ્ચર્ય વચ્ચે ગાંધીજીને સમજાવીને શ્રી પ્રભાશંકર તેમને ઈંગ્લંડ લઇ ગએલા. શ્રી પ્રભાશંકરે એ વખતે ગાંધીજીને કહેલું: 'હું જાણું છું કે અંગ્રેજ સત્તાધીશો હાલ સ્વાર્થથી અંધ છે તેથી પરિષદ સફળ નથી થવાની. પણ આપનું ત્યાં જવું નિષ્ફળ નહિ થાય; કારણ કે ત્યાં જવાથી ત્યાંની પ્રજા જે આપ વિષે કે હિંદ વિષે ખરેખર કંઈ જાણતી નથી, માત્ર સરકારે ચાળીને આપેલા ખબર જાણે છે તે પ્રજા સત્યથી પૂરેપૂરી વાકેફ થશે અને આપની માગણી ન્યાયપુરઃસરની છે એમ સમજશે. અને તે હિંદ માટે અનુકૂળ વાતાવરણ ઘડશે.'

ગોળમેજી પરિષદમાં શ્રી પ્રભાશંકરને પણ આમંત્રણ હતું. ત્યાંના એક સત્તાધારીએ શ્રી પ્રભાશંકરને કહેલું: 'તમે સામાન્ય વ્યક્તિ નથી. સરકારને તમારામાં વિશ્વાસ છે ને ઇચ્છે છે કે કોઇથી દબાયા વગર તમે સ્વતંત્ર અભિપ્રાય આપશો.'

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે આ પ્રકારે કહેલું: 'આપ જાણો છો કે કેવળ હિંદના લાભ માટે નહિ પણ ભારોભાર બ્રિટનના અને માનવજાતના હિત માટે શ્રી ગાંધીજી વાત કરે છે. એટલે આપ ગાંધીજીને પૂરા સાંભળવા એવી મારી વિનંતી છે. અમે અમારી અંગત વાત બોલીએ છીએ, જ્યારે ગાંધીજી સમગ્ર હિંદની વાત બોલે છે. આપ બીજાઓને મોટા બનાવી પૂછો છો જેથી સામા માણસને એમ થાય કે હું કાંઇક છું, ને તેથી ગાંધીજીથી જુદા પડી નવી કે આડી વાત બોલે અને તેથી સમાધાન ન થાય, ત્યારે સરકાર કહે કે તમે અંદરઅંદર એકમત નથી ત્યાં અમે શું કરીએ? તો એવી પરિસ્થિતિમાં આપ મને ન મૂકો. હું બ્રિટન તથા હિંદ બન્નેનું હિત ચાહું છું એટલે ગાંધીજી જે કહે તેમાં મારી સંમતિ સમજશો. અને બ્રિટને ગાંધીજીને સાંભળવા, તેના કથનને માન્યતા આપવી તેમાં બ્રિટનનું હિત થશે તેમજ તેનો મોભો વધશે એવી મારી માન્યતા છે.'

શ્રી પ્રભાશંકર સમજતા હતા કે ગોળમેજી નિષ્ફળ જવાની છે પણ ભારતને થોડાં વર્ષોમાં સ્વતંત્રતા મળવાની જ છે. આથી ગોળમેજી પરિષદ વખતે શ્રી પ્રભાશંકરે એક બીજું કાર્ય કર્યું. ગાંધીજી કદી ફોટો પડાવવા ઊભા રહેતા નહિ. પણ શ્રી પ્રભાશંકરે ગાંધીજીને એક વિનંતી કરી અને ગાંધીજીએ તે માની. તે એ કે ઇંગ્લંડના નામી ચિત્રકાર સર ઑસ્વાલ્ડ બિર્લી પાસે ગાંધીજી નિત્ય એક કલાક જઇને સ્થિર ઊભા રહે અને તે ચિત્રકાર તેમનું તૈલચિત્ર તૈયાર કરી



સર ઑસ્વાલ્ડ બર્લીએ કરેલા ગાંધીજીના તૈલચિત્ર સાથે શ્રી અનન્તરાય અને રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન

વર્ષ દરમિયાનના 'કુમાર'ના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે અપાતો આવેલો 'કુમાર-ચન્દ્રક'








ડૉ. હરિપ્રસાદ (૧૯૪૪) પુષ્કર ચંદરવાકર('૪૫) યશોધર મહેતા ('૪૬) રાજેન્દ્ર શાહ ('૪૭) બાલમુકુન્દ દવે ('૪૮) નિરંજન ભગત ('૪૯)








*વાસુદેવ ભટ્ટ ('૫૦) બકુલ ત્રિપાઠી ('૫૧) શિવકુમાર જોષી ('૫૨) અશોક હર્ષ ('૫૩) ડૉ. શિવપ્રસાદ ('૫૪) ઉમાકાન્ત શાહ ('૫૫)

*ઈ. ૧૯૫૦નો ચન્દ્રક શ્રી ચન્દ્રવદન મહેતાને 'બાંધગઠરિયાં' માટે આપવા નિર્ણય થએલો, પરંતુ તેમણે તે જતો કરેલો હોઈ શ્રી વાસુદેવ ભટ્ટને.








ચં. બૂચ 'સુકાની' ('૫૬) જયંત પાઠક ('૫૭) હેમંત દેસાઈ ('૫૮) 'ઉશનસ્' ('૫૯) નવનીત પારેખ ('૬૦) સુનીલ કોઠારી ('૬૧)



લાભશંકર ઠાકર ('૬૨)

ઈ. ૧૯૬૩નો 'કુમાર-ચન્દ્રક' શ્રી પ્રિયકાન્ત મણિયારને →

તેમનાં કાવ્યો માટે આપવાનો નિર્ણય તેના નિર્ણાયકો સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ અને યશવંત શુક્લે કર્યો છે તેને અમે આવકારી નિર્ણાયક સમિતિનો આભાર માનીએ છીએ અને શ્રી પ્રિયકાન્ત મણિયારને અભિનંદન આપીએ છીએ.

વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ વાર્તા માટેનું રૂા. ૩૦નું પારિતોષિક

'તમે ગમગીન છો' વાર્તા માટે શ્રી કનુ અડાસીને આપવાનો નિર્ણય શ્રી અનંતરાય રાવળે આપ્યો છે તે માટે પણ અમારા આભાર અને અભિનંદન



પ્રિયકાન્ત ('૬૩)

આપે. ગાંધીજીએ લાગટ ૮ દિવસ સુધી એ રીતે 'પોઝ' આપ્યો. તે તૈલચિત્ર પોતાને ખર્ચે તૈયાર કરાવી શ્રી પ્રભાશંકર હિંદ લાવેલા. પણ એ પેટી ખોલાવી ન હતી. પોતાનો અંતકાળ નજીક જોઈ તેમણે એ પેટી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી અનન્તરાયને સોંપીને કહ્યું કે 'આમાં પૂ. ગાંધીજીનું લાઈફ સાઈઝનું તૈલચિત્ર છે તે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થાય ત્યારે તેની વડી ધારાસભાને ભેટ આપવાનું છે.'

અને એ રીતે ઈ. સ. ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા સાંપડી ત્યારે શ્રી અનન્તરાયે તે તૈલચિત્ર વડી ધારાસભામાં તા. ૨૮-૮-૧૯૪૭ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ખુલ્લું મુકાવેલું.

આવી દીર્ઘદૃષ્ટિવાળા, લોકહિતસાધક શ્રી પ્રભાશંકરનાં નિઃસ્પૃહ અને નિરભિમાન માનસનો સ્પષ્ટ ખયાલ તેમના નીચેના શબ્દોથી આવશે. તેમનું જીવનચરિત્ર ન લખવાની વાત કરતાં તેમણે કહેલું: 'ખરી હકીકત તો એ છે કે મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઈને મારામાં જે શક્તિઓ હતી તે બહાર આવી. હું માનું છું કે મારા જેવા ઘણા ય છે, માત્ર એને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.' ✿

બે આંતરરાષ્ટ્રીય રંગભૂમિ-કેન્દ્રો

રંગગઠરિયા-૩૮
ચન્દ્રવદન મહેતા



માર્સિયો, એ શિષ્ય તો ગાસત્વર્ડ દેબ્રુસનો; પણ અનેક ઠેકાણેથી એણે પોતાની કળા શીખી સિદ્ધિ મેળવી છે. આ ક્ષેત્રમાં માર્સિયોનો ફાળો જેવોતેવો નથી. એના મતે અને એની રજૂઆતે લાગે કે 'માઈમ' એ કેવળ 'ચાળો' નથી, કેવળ નકલ નથી; એની તો મૌનની એક આંતરરાષ્ટ્રીય ભાષા છે.

અમે એને પારી(સ)માં તો જોયો, પણ પછી એ ભારત આવીને એના ખેલ કરી ગયો ત્યારે પણ જોયો. એમાં જે દેશમાં પોતે જાય ત્યાંના માણસો-વેપારીઓ, દુકાનદારો, ફેરિયા, એવીએવી વ્યક્તિઓને અવલોકી એની પ્રતિકૃતિ રજૂ કરવામાં એની સિદ્ધિ અજબની છે એમ ભારતના વિવેચકોએ પણ કબૂલ કર્યું છે. 'પતંગિયાં પકડવાની તરકીબો', 'જન્મ યૌવન અને ઘડપણ', 'દોરડું ખેંચવાની ક્રિયા', એવી એવી એની લાક્ષણિક કૃતિઓમાં કરુણ ભાવથી માંડી હાસ્યની છોળો ઉડાડવાની કળામાં એના જેવો આજે પૃથ્વીપટે બીજો 'માઈમ' કરી જાણનારો નથી, એમ યુરોપના વિવેચકો કબૂલે છે. ક્યાંય અશ્લીલ નહિ, કશું અજુગતું નહિ, કંઈ જ ઘૃણા ઉપજાવે એવું નહિ. સર્વાંગ સુન્દર, સ્પષ્ટ અને સુરેખ અભિનયનો અદાકાર આ માર્સેલ માર્સિયો છે તો હજી કિશોર ઊછળતો થનગનતો કલાકાર. જમતાં જમતાં વાત કરવાના કિસબનો પણ એ છે જાણકાર.

ઘોંઘાટ વિનાના એક શાંત અને અતિ સ્વચ્છ રેસ્ટોરાંમાં અમે ત્રણ જમતાં હતાં. માર્સિયોએ એક વિધાન કર્યું: 'એક સ્ત્રી એક પુરુષને સાઠ મિનિટમાં સુખી કરી શકે છે, તો બીજી સાઠ સાલમાં પણ ન કરી શકે. માદમ્વાઝેલ, એ બાબતમાં તમે શું ધારો છો?' ત્યાં એટલી જ ઠાવકાઈથી એસ્ટેલાએ કહ્યું: 'અમે કોઈને સુખી કરવા માગતાં જ નથી. પુરુષો અમને સુખી કરે એ જ અમારી વાંછના છે.'

પણ માર્સિયો કંઈ ગાંજ્યો જાય કે? એણે તરત કહ્યું: 'બરાબર છે; સ્ત્રી જે બોલે છે એથી કંઈ પુરુષો એને ચાહતા નથી; પણ પુરુષ એને ચાહે છે એટલે એ જે કંઈ બોલે તે એને ગમે છે.' આટલાથી જ એણે એસ્ટેલાની ઠાવકાઈ તોડી નાખી. અને એસ્ટેલાએ હસતાંહસતાં એક સૂત્ર ફટકાર્યું: 'સારી કેળવણી પામેલો માણસ પોતાની અંગત માન્યતાઓને સામાન્ય વાતચીતમાં કદી લાવતો નથી.' તરત માર્સિયો ચમક્યો અને બાજી ફેરવતાં બોલ્યો: 'ન ન ન માદમ્વાઝેલ, એ મારી અંગત માન્યતા છે જ નહિ.'

'ત્યારે તમે મને ઉદ્દેશીને તો કહ્યું જ ને?'

'જો એમ માનો તો તમારે મને કેળવણી પામેલો માણસ નહિ ગણવો. હું સ્પષ્ટ ભાષામાં કહું છું કે તમે મને ગમો છો એટલે તમે જે કંઈ બોલશો તે મને ગમશે.'

'પણ મંસ્યુ મહેતાને હું નહિ ગમતી હોઉં એ તમે શી રીતે જાણ્યું?'

'મહેતા નાટકકાર છે, નટ છે; એમને શબ્દોનો ઉપયોગ કરવો પડશે. હું માઈમ કરનાર છું, તરત મૌનથી મારો ભાવ વ્યક્ત કરીશ. એટલે હું એમના કરતાં વહેલો તમને કહી શકીશ. ખરું કહું તો મેં આ એપર્ટિવ તમારા ગ્લાસમાં રેડ્યું ત્યારે મારી આંખ તમારી તરફ હતી, ગ્લાસ તરફ નહિ. ત્યારે જ મેં તમને મૌનથી કહી દીધું હતું.'

'અને ગ્લાસમાંથી દુબોને બહાર ઢળ્યું તે તમે જોયું નહિ.'

'એ જાણીજોઈને ઢોળેલું. એ ક્રિયા મારી લાગણીની સૂચક હતી.'

'ભલે એમ; પણ યાદ રાખો કે મંસ્યુ મહેતા અને હું સવારથી સાથે હતાં.' એસ્ટેલા વાત પતાવતાં બોલી.

'એટલે જ મને થયું કે હવે મારો વારો આવશે.' અને એમ કહી એણે મોઢેથી સિસોટી વગાડવી શરૂ કરી. એટલે પેલી ખિજાઈ: 'કેવા છો તમે તો? મંસ્યુ મહેતાને તો કશું બોલવા જ દેતા નથી!'

એટલે હવે મેં ઝુકાવ્યું: 'એપર્ટિવ તો હું જાણું છું, પણ આ દુબોને એ કિયો પ્રકાર છે?' એના જવાબમાં ફરી ઘણી ગંભીરાઈથી એસ્ટેલાએ શરૂ કર્યું: 'ભૂખ લાગે એ માટે તમને ઘણાં એપર્ટિવ પીણાં મળશે, પણ ફ્રાન્સે દુબોને, બિરૂહ, સંત રાફાએલ, કેપ કોર્સ અને વરિયાળીનાં પર્નો ને રિકાર્ડ જેવાં ખાસ પીણાં બનાવ્યાં છે. આ દુબોનેમાં થોડું ક્વિનાઈન ખરું, પણ સ્વાદ તેજીલો. એક ઘૂંટડો પેટમાં જાય કે ભૂખ ઊઘડે,–આપણા માર્સિયો સાહેબની ઊઘડી એમ!'

'નૉન્સેન્સ! મારી તો જીભ ઊઘડી; ને સાથે—સ્યો જવા દો. આ સૂપ આવ્યો તે જમો. ચમચો'ક ચાખો, અને પછી મને કહો.'

સૂપનો સ્વાદ વખાણવા જેવો જ હતો, એટલે મેં એની તારીફ કરી. પછી વળી એકાદ બે સવાલ પૂછ્યા; એટલે ઘડી પહેલાં બંને જણ જે જીભાજોડી કરતાં હતાં તે જાતજાતની ફ્રેન્ચ વાનીઓની બનાવટ વિષે વિવેચના કરવા મંડી પડ્યાં. આપણા એક વઘારની ખામી; બાકી પોર્ટ શેરી મડેયરા વાઈનના વાનીઓ ઉપરના છંટકાવ, એને અગ્નિમાં નાખી એના ભડકામાંથી વાનીઓ ઉપર સિરેહ ઉપસાવવાના કીમિયા, તાજા લીંબુનો કરેલો ખૂબીભર્યો ઉપયોગ, સફરજનની ડાળીનો ઝીણો વહેર ભભરાવવાથી ઊઘડતો થતો સ્વાદફેર, ચીઝને જુદીજુદી રીતે વાપરવાથી સ્વાદમાં આવતી લિજ્જત, એમ ઝીણામાં ઝીણી વિગતોથી બે ઇંચની જીભલડીને લાડ લડાવવા કલાકોની રસોડામાં કરવામાં આવતી તપશ્ચર્યા ઉપર કૈંક વિવેચના થઈ ગઈ. મહેક, સિરહ, ખુશ્બો, પમર, મઘમઘાટ જેવા શબ્દો પણ ફ્રાન્સની રાંધણીનું વર્ણન કરવામાં ઓછા પડે, એટલી રીતે એ બે જણાએ વિવિધ વાનીઓની બનાવટ વિષે ચર્ચા કરી સંભળાવી. છેવટે લિક્યોરની બાબતમાં માર્સિયોએ ડ્રામબુઈ કરતાં મેરી બ્રિઝાર્દ જ ચડે એ ઘટાવવા ત્રણ વાર ટેબલ ઠોક્યાં. ડ્રામબુઈમાં મધ, લીલી વનસ્પતિનાં સુગંધીદાર પત્તાં અને એવું ઘણું આવે એ એસ્ટેલાની વાત એ સાંભળે જ નહિ. રાજા પંદરમા લૂઇને મેરી બ્રિઝાર્દ ગમેલું, અઢારમી સદીમાં માંદાઓની માવજત કરતાં મેરીએ શોધેલું એ જ ઉત્તમ, અને સેંટ બેનેડિક્ટીનં લિક્યોર માફક એનો નુસખો પણ હજી બેપાંચ જણા સિવાય તાળાકૂંચીમાં છૂપો જ છે, એવું પણ એણે જાહેર કર્યું.

આ 'લિક્યોર' એટલે અર્ક; ઘટ્ટ, ઘાડાં, રમ્યરંગી એનાં ટીપાં-બે ટીપાં જીભે સેરવીએ તો ખાધું પચવામાં મદદ કરે. એવા ઘણા અર્ક સંબંધે જાતજાતની આખ્યાયિકાઓ જે પ્રચલિત છે એ બધી માર્સિયોને મોઢે! આપણે ત્યાં કોઈ સંશોધક ઉદયપુર અને જયપુર જઈ

કોઈ જૂના દાઢીબંધા ઢાલ-તલવારી રજપૂતને જઈ પૂછશો તો મહિનાઓ સુધી, વહેલી સવારથી માંડી બપોર સુધી બદામપિસ્તાં અને સાથે વિધવિધ તેજાના ઘૂંટી પીવાના અને આસવ બનાવવાના નુસખાઓ તેમજ એને લગતી પ્રચલિત થએલી કથાઓ જાણવા મળશે.

આઈમ મઠાર્યાં, બાલે બહેલાવ્યાં, ફારસ ચગાવ્યાં, સંગીત સર્જ્યાં, ચિત્રોને રંગીલાં બનાવ્યાં, અને જે કંઈ નાટ્યતત્ત્વવાળું એ સર્વે રંગભૂમિ ઉપર અલૌકિક લાગે એવી રોશનીમાં ઝબકાવ્યું; એ ઉપરાંત પારી(સ)માં આંતરરાષ્ટ્રીય રંગભૂમિનું કેન્દ્ર પણ સ્થપાયું. હવે આપણે ફરી હેલસિન્કી તરફ નજર દોડાવીએ. ઈન્ટરનૅશનલ થીએટર ઈન્સ્ટિટ્યૂટ વિષે આપણે ફિનલૅન્ડમાં હતા ત્યારે જાણી ગયા છીએ. એનું વડું દફતર અહીં પારી(સ)માં. તા. ૨૮મી જૂન ૧૯૪૮ને દિવસે યુનેસ્કોની રાહબરી અને મદદ હેઠળ આ સંસ્થા સ્થપાઈ. ત્યારે ધ્યેયઉદ્દેશમાં જે પહેલી કલમ આલેખાઈ, અને પાયાના મુદ્દા તરીકે પચાસ દેશોએ જેને સર્વાનુમતે કબૂલ રાખી, તે આ: "રંગભૂમિની કસબકલા થકી સમસ્ત માનવજાતનું અંતર વ્યક્ત થઈ શકે છે, એટલે દુનિયાભરનાં પ્રજાજનોમાંથી વચ્ચેમાં વધારે લોકસમૂહને સાંકળી શકવાની એનામાં શક્તિ છે. એવી વિશ્વમાં શાંતિ સ્થાપવાનો હેતુ પણ સિદ્ધ થઈ શકે એમ છે." આ માટે સ્વતંત્ર રીતે સ્થપાએલી સંસ્થા તે આઈ. ટી. આઈ.—ઈન્ટરનૅશનલ થીએટર ઈન્સ્ટિટ્યૂટ!

જે. બી. પ્રીસ્ટલી એના પહેલા પ્રમુખ. ત્યાર બાદ બીજા છ પ્રમુખ થયા. ઝુરિકમાં આંતરરાષ્ટ્રીય નાટકશાળા સ્થાપી. આજે નાટકશાળા કેવી બંધાવી જોઈએ એની યોજના અને નકશા થયા. નાટકશાળા અને શિક્ષણ, નાટકશાળા અને કિશોરો, દેશદેશાવરનાં નાટકોનું સંરક્ષણ, લોકનાટક, નવી નાટકશાળામાં આવતી કાલના લેખકો માટે સ્થાન, નટ નાટકલેખક અને નાટકની રજૂઆત કરનાર એ ત્રણ વચ્ચેનો સંબંધ. ધંધાદારી નાટકશાળાની તાલીમ, એવા એવા અત્યંત અગત્યના વિષયોની જુદાજુદા દેશોમાંનાં શહેરોમાં પરિષદો યોજી ચર્ચા કરવામાં આવી છે. દર મહિને, દર ત્રણ મહિને, અને દર સાલ, એમ ત્રણ પ્રકારનાં નિયમિત પ્રકાશનો કરવામાં આવે છે, જેમાં દેશદેશાવરની નાટ્યપ્રવૃત્તિઓનો પૂરતો ખયાલ આપવામાં આવે છે. અંગ્રેજી તેમજ ફ્રેન્ચ બંને ભાષામાં આ પ્રકાશનો પ્રગટ થાય છે. આ સંસ્થા ઉપર કોઈ પણ સરકારનું કોઈ પણ જાતનું વર્ચસ્વ નથી. એનો વહીવટ એ આપમેળે જ કરે છે. એનો થોડો ખર્ચ યુનેસ્કો દફતર આપે છે અને બાકીનો એની સાથે સંકળાએલાં કેન્દ્રો તરફથી મેળવી લેવામાં આવે છે.

આ સંસ્થાના કામકાજનો અહેવાલ જોઈએ તો છાતી ઠરી જાય. દુનિયાભરના નાટકકારોના નામકોષ બનાવવાનું ભગીરથ કામ એણે હમણાં ઉપાડ્યું છે. યુરોપની મુખ્ય ભાષાઓમાં પ્રચલિત રંગભૂમિ પરત્વેના શબ્દોના કોષ, એટલે કે અંગ્રેજીમાં કર્ટન, તો ફ્રેન્ચ, જર્મન, સ્પૅનિશ, રશિયન, સ્વીડિશ, સ્વિસ, ઈટાલિયન ભાષાઓમાં એ માટે કયો શબ્દ વપરાય છે તે જાણવા માટેનો એક જ કોષ. દર મહિને યુરોપ તથા અમેરિકાનાં ક્યાં નવાં નાટકો જાપાનમાં ભજવાયાં એની યાદી બહાર પડે. એમાં નાટકનો સાર, નાટકકાર, રજૂઆત કરનાર, પાત્રો, તેમાં કેટલાં નર અને નાર અને કયા થીએટરમાં ભજવાયું એનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. આ પણ બંને ભાષામાં. અને દેશદેશાવરમાંથી માહિતી મેળવવામાં એમને ભાષાની મુસીબતો નથી નડતી, ટપાલની અગવડ નથી પડતી.

પણ આપણે આઈ. ટી. આઈ.નું કામકાજ જોવામાં વધારે વખત નહિ ગાળીએ. એના મંત્રી અને પાંચમી પરિષદના પ્રમુખ ઝયાં દરકાન્ત મારા મિત્ર થાય. એ ઓળખાણમાંથી મૈત્રી થઈ. એની કાર્ય કરવાની શક્તિ માટે મને અઢળક માન, એટલે આ સંસ્થા વિષે લખવા બેસું તો છેડો જ ન આવે. સામાન્યરીતે હું કાગળોના જવાબ આપવામાં નિયમિત રહું છું અને વહેલા જવાબો લખું છું, પણ દરકાન્તે એ તો જવાબ વાળવામાં અજબ તત્પરતા બતાવી છે. એની સાથેના પત્રવ્યવહારમાંથી પણ મને ઘણું જાણવાનું મળ્યા કરે છે. કડક માણસ, એકાગ્રહી, શિસ્તમાં માનનાર, અંતર માખણ જેવું નરમ, યોગરદમની પ્રવૃત્તિઓનો જાણકાર, કાર્યદક્ષ, નાટકશાળાની પ્રવૃત્તિઓમાં જ સતતનું એનું લક્ષ.

અને હવે લઈએ થીએટર દ નાસ્યોં—થીએટર ઑવ નેશન્સ, વિવિધ દેશોની નાટકશાળાઓનો સંઘ આ પણ એવી જ સાથે સંકળાએલી સંસ્થા. તે પણ પારી(સ)માં. દર સાલ ઇંગ્લંડ, હોલૅન્ડ, પોલૅન્ડ, ફિનલૅન્ડ, આઈસલૅન્ડ, ઈટલી, જર્મની, સ્પેઈન, એમ દુનિયાભરના દેશોમાં ભજવાએલી-ભજવાતી સારામાં સારી કૃતિને પારી(સ)ના નાટકશાળાના મેળામાં ભજવાવે. જરા ગમ ખાઈને મગજમાં ઉતારવા કૃપા કરી પ્રયત્ન કરો: મે મહિનાથી જૂન-જુલાઈ સુધીમાં આયર્લૅન્ડથી ડબ્લિન થીએટરમાં ભજવાએલું શૉનું 'સેન્ટ જોન', તો બર્લિનથી 'એરિયાના' કે બોકમથી 'જુલીઅસ સીઝર', સ્ટૉકહોમથી એક સાગા, હાઈટીથી એનાં નૃત્યો, જાપાનથી નોહ નાટક, તો ભારતથી 'પંચતંત્ર', એમ પચ્ચીસ-ત્રીસ કૃતિઓને લગાતાર અઢી ત્રણ મહિના, કોઈ આઠ દિવસ તો કોઈ ચાર દિ' પારી(સ)માં ભજવાવ્યા કરે એ કંઈ બચ્ચાંના ખેલ કરવાની વાત નથી. એમાં નાટક પણ હોય, નૃત્યો, સંગીતજલસા કે બાલે નૃત્યો પણ હોય. થીએટર પણ એમને મળે, અને લગાતાર ત્રણ મહિના ભરચક પ્રેક્ષકો પણ મળે જ છે. પારી(સ)ને આંગણે દુનિયાભરની સારીસારી કૃતિઓ ભજવાય એ ત્યાંની શોખીન પ્રજા જોયા વિના રહે ખરી? અને તે દરમિયાન બીજી ત્રણ ચાર ડઝન નાટકશાળાઓ પણ પોતાની કૃતિઓ તો રજૂ કર્યે જાય જ. એમને પણ કશી ખોટ પડતી નથી, એ વાત પણ ખરી.

આ વિવિધ મંડળીઓને નોતરવી, એમને ઊતરવાની સગવડો સૂઝવવી, એમના ખર્ચા ઉપાડવા, ઝીણીઝીણી હજાર વાતોના નિવેડા લાવવા—અને હાથમાં ડંગોરો લઈ કે છાતીએ ફૂલબુટ્ટા વળગાડી સ્વયંસેવકોનાં ટોળાં ફરી વળતાં આપણે જોઈએ છીએ એવા કોઈ સ્વયંસેવકો નહિ, છતાં એનું દફતર વ્યવસ્થિત રીતે, નિયમ મુજબ, વખતસર કામ કર્યે રાખે છે, ને દર સાલ પારી(સ)માં એ જમેલો જામે છે. વળી આ પ્રસંગે પ્રધાનોનાં ઉદ્ઘાટન-ભાષણોની રામાયણ નહિ, ડંફાસોની પારાયણ નહિ. વળી અહીં આવનારી મંડળી, કુદરતીરીતે, પોતાનો ખેલ લંડન યા બર્લિન યા રોમ યા બ્રસેલ્સમાં બતાવવા ઉત્સુક, તો એ માટે થીએટરની તેમજ તેની તારીખોની જોગવાઈ પણ પદ્ધતિસર ગોઠવી આપે. એડિનબરો, હોલૅન્ડ, બર્લિન, સાલ્ઝબર્ગ વગેરે સ્થળે જે વર્ષભરમાં કેક ફૅસ્ટિવલો ગોઠવાય છે, એ બધાથી નોખો પડતો આ સમારંભ યોજાય છે. છ મહિના પહેલાં તારીખોની ગોઠવણ, ભજવાનારી કૃતિની ચૂંટણી, એનાં પાત્રોની યાદી, એના પ્રવાસની સગવડ, ભજવનારાઓના છબાછબી, એવુંએવું બધું નક્કી થઈ જાય છે, અને તે પ્રમાણે રજૂ પણ થાય છે. અને આપણે ત્યાં તો આઠ દિવસ પહેલાં જલસા નાટકનું નક્કી કર્યું હોય છે એક જ ગામમાં, એમાં પણ છેક છેલ્લી ઘડીએ કોઈ માંદુ પડે, કોઈ રિસાઈ જાય, કોઈને સૂતક આવે કે શોક નડે, કોઈને વડીલ ના પાડે, અને કામ કથળી પડે એવા દાખલાઓ તો ઠેરઠેર જડશે; તો ત્યાં ચક્રધારા અનુસાર બધું વ્યવસ્થિત ચાલ્યા કરે છે.

આ સંસ્થાના મંત્રીશ્વરો પણ ભારે ચબરાક. મોંસ્યો પ્લાસોંને

જુઓ તો વીજળીમાંથી ઘડેલી મૂર્તિ લાગે. પુરૂષ છતાં ભારે સુન્દર. કિશોર તો અત્યંત વ્યવહારૂ અને જાણકાર. એમના ભેરૂઓની આંખ હમેશાં પારી(સ)ની બહાર: સદા જાગ્રત, દૂર દૂર ન્યૂ ફાઉન્ડલૅન્ડમાં કે કૅનેડામાં, જાપાનમાં કે જાવામાં, કોઈ અજબ નાટ્યકૃતિ ભજવાઇ રહી છે, તો એમને એ વાતની જાણ થઈ જ હોય; કોઈને ખબર ન પડે એમ છાનામાના બેત્રણ જણ જોઈ આવ્યા પણ હોય. અને એમ પૂરતી કાળજી ચકાસણી પછી જ નોતરાના નિર્ણયો લેવા માંડે.

આ તો દેશદેશાવરથી નાટકો કરવા નોતરવાની વાત થઇ, પણ એ કૃતિઓને ચકાસવા આ સંસ્થા સાથે સંકળાએલું વિવેચકમંડળ પણ છે: એસોસીએશન ઈન્ટરનૅશનલ દ ક્રિટિક દ થીએટર. એના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી વગેરે મળી પંદર સત્તરની કમિટી. તેના સભ્યો જુદાજુદા દેશના, એક દેશ કે મામામાશીના નહિ. એવી ટેકનિશિયનોની સમિતિ, ટેલિવિઝન અને રેડિયોની સમિતિ, અને એ બધાં ઉપરાંત પારી(સ)માં એમની એક ક્લબ. આ સર્વેનો વિચાર કરીએ ત્યારે આપણે આપણી પ્રવૃત્તિઓ જોતાં કેટલા વામણા લાગીએ છીએ. વળી આ વામણા શબ્દ વાપરવા માટે કોઈક મારા ઉપર રોષે ભરાશે. એટલે હવે આ દાસ્તાન પડતું મૂકી થીએટર દ નૅશનલના એકબે સુંદર પ્રયોગો જોઈ ફોલી બેર્ઝેર જોવા જઈએ.

ક્યાં એ અમેરિકાની બગલમાં હાઈટી! નાનાનાના હારબંધ ટાપુઓ, એક બ્રિટિશ તો બીજો ફ્રેન્ચ. એમાં હવાના, ક્યુબા, સાંતઈયાગો, પ્યોઅર્ટોરિકો, ડોમિનિકા, બારબાડોસ, પોર્ટ ઑવ સ્પેન, ટ્રિનિડાડ. એ વકરાતી હારમાળામાં બરાબર વચ્ચે જમૈકા અને નિકટમાં હાઇટી. આ લગાતાર ટાપુઓમાં સ્પૅનિશ ફ્રેન્ચ અંગ્રેજ પોર્ટુગીઝ ઈટાલિયન એવું કંઇક લોહી આપસમાં ભળી માનવમાળખામાં ફરતું ફરે છે. ક્રિકેટના શોખીનોને આ ટાપુઓનાં નામોની ખબર હશે. મોરિસ્યો લ રૉય હાઇટીની નાટકશાળાનો રંગરાણો. ગ્રીક સાહિત્ય તથા ગ્રીક બંધ તો એમણે પચાવી નાખેલાં, પરંતુ લોકનૃત્યમાં હાઈટીના છટપટાટ, છાક, તોર, છણકા, ત્રાગાં, જોમ, તાઝગી અને ખુમારી અપરંપારનાં જોવા મળે છે. વળી ત્યાં યુરોપ ભેળી આફ્રિકાની રીતરૂઢિઓ મળી ગઈ છે, ભાતભાતની સુરાવલીઓ એક થતાં એમાંથી નવી પ્રગટી છે, ભાતભાતની નૃત્યપદ્ધતિઓએ ત્યાં એકત્ર થઈ નવાં સર્જન કર્યાં છે. એમાં ડંબાલા અને મહી નૃત્યો જોઇને તો આપણાં થીજેલાં હાડકાં પણ લોહી ભેગાં ફરવા મંડી પડે! વિરામ પહેલાં વિવિધ નૃત્યો રજૂ કરી પછી એન્ટીગોન અને ક્રીઓલની આખ્યાયિકા નૃત્યમાં બતાવી. હજી તો ૧૯૫૪માં જ આ બકુલ નૃત્ય-ક્લબ સ્થપાઇ, એટલામાં તો એણે દંગ કરી દે એવાં નૃત્યો સરજી બતાવ્યાં. એ લોકોનું 'રારા' અને 'પેત્રો' નૃત્ય તો અભિનય દ્વારા કથા કહેવાની કળામાં ઘણી ઊંચી કક્ષાનું નૃત્ય ગણી શકાય.

પણ હું આ બે લીટી લખું છું એમાં એની રજૂઆતનો આછો સરખો યે ખયાલ નથી આવી શકવાનો એ હું જાણું છું. એટલે સ્ટૉકહૉમનું એક સાગા, સ્વીડનના બાલેમાં મેરિયાના ઑરલૅન્ડોનું મનોરમ નૃત્ય, કે જર્મનીના હૅાફમૅનની કથા ઉપરથી યોજાએલાં નૃત્યોનો ખયાલ આપવા કશો પ્રયત્ન નહિ કરું. સ્પેનના સાન સાબાસ્ટિયનથી આવેલી મશહૂર નર્તકી પિલર લોપેઝનાં ગ્રાનાડાનાં, કાડીઝનાં, મલાગાનાં, કાસ્ટીલનાં નૃત્યો કરતાં એના હાથના પતાકડીના તાલ, અને એની આંગળીની ચીપટીઓ જોઈ-સાંભળીને તાલના તેત્રીસ કટકા થઈ શકે છે, અને એમ નાચી શકાય છે એનો પાકો ખયાલ આવ્યો. ગાર્સિયા લૉર્કા નાટકકારની એક નાની કવિતા ઉપરથી 'ચિનિટાસનું કાફે' નામના નૃત્યમાં તો એણે લૉર્કાના શબ્દેશબ્દ પોતાની નસેનસમાં ઉપસાવી બતાવ્યા.

અમે ફરી વાર જેરોમના અમેરિકન બાલે જોવા ગયા એને વિષે આગળ આપણે ચર્ચા કરી ગયા છીએ. અહીં એના 'જાઝ' ઉપર જરા નજર ફેરવશું. 'જાઝ' યા 'જૅઝ'ની થોકડો રેકર્ડ ભારતમાં હરરોજ વાગતી હશે. ગમે કે ન ગમે, કબૂલ કરો કે ન કબૂલો, પરંતુ ભારતના, ખાસ કરીને સિનેમાના સંગીતમાં તાલે ટુચકે જાઝ પરોવાઈ ગયું છે. જાઝ એ અનિયમિતતાનો નિયમિત તાલ છે. એક વાર મગજમાં એના રણકા દાખલ થઈ ઝમઝમાઝમ કરવા મંડયા કે પછી દાઢી કરતાં, કપડાં પહેરતાં, રસ્તે ચાલતાં, ગમે તે હાથમાં આવ્યું એની ઠોકાઠોક કરતાં, એ તાલ ઠમકવાના જ. અગાયની વાત કરતા બેત્રણ જણાઓને હું ઓળખું છું. જેઓ મોઢેથી જાઝની તાલાવેલી તતડાવતા રહેવાના! મગજમાં ચેલો, યા ડ્રમ, યા ઝાંઝનું ટુરુલ્લુ ટુરુલ્લુ થયા જ કરવાનું! બહુ ચેપી તાલ છે આ જાઝ. જેને મોઢે ચઢ્યો, યા એની લતે જે ચડયા તે આજીવન જાઝમાં જ લપેટાએલા રહેવાના. મારા મિત્રના એક ચિરંજીવી શ્યામ રોજ નહાવા જાય ત્યારે બહાર જાઝની રેકર્ડ વગાડે ત્યારે જ એનો સ્નાનવિધિ બરાબર થાય. કદાચ શરીર પણ જાઝને તાલે ચોળાતું રહેતું હશે! 'ઓ જૅઝ! જૅઝ ઈઝ જૅઝ' એમ ભલભલાને મોઢે મેં સાંભળ્યું છે.

પણ જાઝનું વર્ણન અહીં શા માટે? એટલા માટે કે ફરી વાર જેરોમ અમેરિકન બાલે જોયું ત્યારે જાઝ ઉપરનુ નૃત્ય, આ વર્ણનને સાર્થક કરનારૂં હતું તે કહેવા. ના, એની સાથે સંગીત નહિ. દશબાર પંદરવીશ પોટ્ટાપોટ્ટીઓ, સાદા સ્કર્ટ અને પાટલૂન-શર્ટમાં, વગર સંગીતે જાઝ નાચવા આવ્યાં. પહેલા એક, પછી ત્રણ, પછી સાત, પછી બે, એમ હાર થવા માંડી. એટલામાં ત્રણ પાછળ હઠ્યાં, બે આગળ આવ્યાં, એમ અનિયમિતતામાંથી તાલબદ્ધ શરીરની હલનચલન શરૂ કરી. બીજા બે દાખલ થતાં, પંદરનો મેળ જામતાં, અગિયારના ટાંટિયા રાંટા, ચારમાંથી ત્રણના સીધા, એકનો અદ્ધુકડો! હાથમાં પણ દશની કોણી વાંકી, ચારના હાથ નીચે, એકનો હાથ આસમાન તરફ, અને આંચકેઆંચકે ખસતાં ચાલતાં ક્યાંક એકવાર બધાંના પગ એકસામટા થડડ થડ, ટપપ ટપ, એમ પટકાય ત્યારે લાગે કે હવે શિસ્તબદ્ધ, તાલબદ્ધ કંઈક સુરેખ આકૃતિ ઊપસી આવશે. પણ એટલામાં ચૌદમા શખસે ચૌદમું રતન બતાવી, આઘાપાછા થઈ, એ જ ટપપપ ટપમાં ગોથમડૂ ખાઈને હાર ભાંગી જ છે! એમ હમણાં બધા એકધારા થઈ જશે એવી ઉત્કંઠા જાગે, ન જાગે ત્યાં તો કતાર ભંગાણી જ છે, લય તૂટ્યો જ છે, પણ ચાલવાનો તાલ ચાલુ જ છે! એમ કરતાં બે પાંચ મિનિટમાં તો દરેક જુદાં જુદાં વાદિત્રોનાં હાથ થકી સ્વરૂપો બતાવી જાણે જાઝના સૂરો વાગતા હોય એવો આબાદ આભાસ કરાવી દીધો! હા પડઘમચી પણ ખરાને! પોતાની મદમસ્ત ફંદ ઉપર આંગળીના દાંડિયા એવી રીતે પછાડે કે ધડીંમ ધડીંમ વાગતી પડઘમ જ આપ સાંભળો.

સાદુંસૂતરું, ઘરમાં કરવા જેવું, સસ્તું આ જાઝનૃત્ય કુટુંબ એકઠું થાય ત્યારે કરી જોજો. એમ કરતાં જ એ અઘરું છે એનો ખયાલ આવશે. વાહ જેરોમ વાહ! તારી રંગતને ધન્ય છે. એવી જ રીતે ત્યાંની મેદનીના મોઢામાંથી ધન્ય ધન્યના ઉદ્ગાર ભારતના લિટલ બાલે ટ્રૂપે કરેલી 'પંચતંત્ર'ની કૃતિએ કઢાવ્યા હતા. વૈજયન્તીમાલાના કેટલાક ભરતનૃત્યના ટુકડાઓથી પણ પ્રેક્ષકો ખુશ થઈ ગયા હતા.

આમ જોવા જાઓ તો પારી(સ)માં દુનિયાભરની બેનમૂન કૃતિઓ જોવા મળે. ભાષા જાણો, ન જાણો તો યે તાલ, નૃત્ય, બાલે, સંગીતનાં દશ્યો જોઈને જીવડો તો ખુશ થાય જ. ખુશ શું. કંઈક તો બ્રહ્માનંદ સહોદર ગણાતા અલૌકિક રસમાં તરબોળ થઈ આનંદ મહોદધિમાં લીન પણ થઈ જાય. એવું છે આ પારી(સ).

વિટામિન 'એ'

આહારનું એક અગત્યનું સહકારી ઘટક, જેની ઊણપને કારણે રતાંધળાપણું આવે છે અને શરીર ઠીંગરાઇ જઈ કમકૌવત બની એનો વૃદ્ધિ-વિકાસ અટકે છે

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ખોરાક વગર જેમ દેહ નાશ પામે તેમ વિટામિનના અભાવથી શરીરનો વિકાસ અટકી અનારોગ્યતા અને વારંવાર રોગગ્રસ્ત દશા આવી પડે છે. એકલા આરોગ્ય માટે વિટામિન જરૂરી છે એવું પણ નથી, પણ તે જિંદગી માટે જરૂરી છે, શરીરના દરેક કોષને તેની જરૂર પડે છે. શરીરમાં આંતરસ્રાવી રસો (હૉરમોન)ના જેટલી ખોરાકમાં વિટામિનની ઉપયોગિતા છે.

વિટામિન ઘણી જાતનાં છે. તેમાં સૌ પ્રથમ શોધાએલું 'વિટામિન એ' છે, શરીર પરત્વે ગુણધર્મોમાં પણ તે પહેલું છે. રોગો સામે બખ્તરરૂપ, બળ અને જુસ્સો વધારનાર, કાર્યક્ષમતા અને દીર્ઘાયુ બક્ષનાર 'વિટામિન એ' વૃદ્ધિવર્ધક (ગ્રોથ પ્રમોટિંગ) પણ છે. કલેજું અને બીજી પેશીઓનું 'વિટામિન એ' વપરાઈ જતાં તેના વિનાના ખોરાક ઉપર નભતાં પ્રાણીઓની વૃદ્ધિ અટકી પડે છે. આ ઉપરથી નક્કી થયું છે કે ઊગતી પ્રજાનાં શરીરનાં વૃદ્ધિ અને વિકાસ માટે 'વિટામિન એ' જરૂરી છે. 'વિટામિન એ' અને શારીરિક વૃદ્ધિ વચ્ચે વિશિષ્ટ સંબંધ તો નથી, પણ તેના પૂરતા પ્રમાણ વિના રોગિષ્ટ દશાઓ ઊભી થવાથી વૃદ્ધિ અને વિકાસમાં અંતરાય પડે છે. શર્મનના કથન મુજબ બધી ઉમરે પોષણની ક્રિયાઓ વ્યવસ્થિત નિયમસર રાખવા માટે 'વિટામિન એ' જરૂરી છે. બળ અને જોમને તે વધારનાર છે; અને જ્ઞાનતંત્રની રચના અને ક્રિયાના નિભાવમાં તે ભાગ ભજવે છે. પ્રજનન અને બાળ-ઉછેરની ક્રિયાઓની કાર્યક્ષમતા માટે આહારના એક અગત્યના ઘટક તરીકે મેક્કેરિસન તેને બિરદાવે છે. આ કારણે સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રીઓને તેની મોટી જરૂર છે.

પ્રજનન, વૃદ્ધિ અને વિકાસની ક્રિયાઓ સાથે સંકળાએલા 'વિટામિન એ'નું મોટું મૂલ્ય તો ચેપ સામે શરીરની પ્રતિકાર શક્તિ જાળવવામાં છે. તેની ન્યૂનતાને લીધે ચામડી, આંતરત્વચા, આંખનો અંદરનો ભાગ, ફેફસાં, મૂત્રપિંડો વગેરેનાં આવરણના ઉપસ્તર (એપિથિલિયમ)ના બંધારણમાં ફેરફાર થાય છે. ઉપસ્તરમાં કેશતંતુ (સિલિયા)નો ગુચ્છો હોય છે. ઉપસ્તરના કોષોના સ્રાવમાં જીવાણુઓ ઝડપાઈ જાય છે અને કેશતંતુઓ ઝડપથી હાલે છે, જે કારણે જીવાણુઓ કે રજ વગેરે શરીરનાં બહાર ખૂલતાં છિદ્રો ભણી ધકેલાય છે.

ખોરાક જ્યારે 'વિટામિન એ'ની ઊણપવાળો હોય ત્યારે કેશતંતુઓ ખરી પડે છે અને સ્રાવ બંધ થાય છે. આમ તેમનો વ્યાપાર બગડવાથી જીવાણુઓ ઝડપાતા નથી કે શરીર બહાર ધકેલાતા નથી. પરિણામે શરીરમાં વસેલા જીવાણુઓ રોગદાતા બની પેશીઓમાં ધામા નાખે છે. બસ, આ જ અર્થમાં 'વિટામિન એ' ચેપવિરોધી (એ·ટી-ઈન્ફેક્ટિવ) છે. ચેપ સામેનો પ્રતિરોધ તૂટે એ 'વિટામિન એ'-ની ન્યૂનતાનો પહેલો પુરાવો છે, જે પોષણની ખામીના લીધે જ હોઈ શકે. શરીરની વૃદ્ધિ કરતાં ચેપના અટકાવ માટે એની વધુ અગત્ય છે.

'વિટામિન એ'ની ઊણપથી શ્વસનતંત્ર અને હોજરી-પેટના રોગો ખસૂસ થઈ આવે છે. ઉપરાંત ઝીરોપ્થેલમીઆ, રતાંધળાપણું, સ્ટોમેટાઈટિસ (મોઢાનો દાહ), બધા પ્રકારના દાહયુક્ત સ્રાવો, આંખ અને કાનમાં ફોલ્લીઓ, ગૂમડાં, મૂત્રપિંડ અને મૂત્રાશયમાં પથરી, સૂતિકાજ્વર અને કેટલાક ચામડીના રોગો પણ થાય છે.

'વિટામિન એ'ની ન્યૂનતાના ગંભીર પરિણામોમાં એક નેત્રાવરણ (કન્જક્ટાઈવા) અને કોર્નીઆ (આંખના ડોળા ઉપરનું પારદર્શક પડ)-ની ઈજા છે. રતાંધળાપણું એ પણ આ પ્રકારની હળવી ઈજા છે. ઝાંખા પ્રકાશમાં જોવા માટે નેત્રપટના સળીકોષોનો ઉપયોગ થાય છે, પણ જો તેમાં રોડોપ્સીન (દષ્ટિ જાંબુડિયો) રંગ પેદા થાય તો જ તે ઉપયોગી નીવડે છે. ઝળહળતા પ્રકાશમાં આ રંગ નિખારાય છે. અંધારામાં જોતી વખતે તેની પુનરુત્પત્તિ થવી જોઈએ. આ રંગની બનાવટમાં 'વિટામિન એ'ની જરૂર પડે છે એટલે જે વ્યક્તિના આહારમાં એની ન્યૂનતા હોય છે તે જો દિવસના પ્રકાશમાં બહુ સમય ગાળે તો તેને ઝાંખા પ્રકાશમાં જોવાની અશક્તિથી માંડી રતાંધળાપણું આવે છે. દિવસના તો તે બરાબર જોઈ શકે છે પણ તિમિરના તેજમાં સામાન્ય માનવી ચાલી શકે ત્યાં તે અંધ અને નિરાધાર બને છે. 'વિટામિન એ' સમૃદ્ધ ખોરાક કે ઔષધરૂપમાં તે લેવાથી એ મટે છે.

પણ જો 'વિટામિન એ' ની ન્યૂનતા ચાલુ રહે તો રતાંધળાપણા પછી આંખમાં નેત્રાવરણ સુકાવાથી માંડી કોર્નીઆના નાશની વિકૃતિ આવી પડે છે. પ્રથમ બીટોટસ સ્પોટસ થયા બાદ નેત્રાવરણ અને કોર્નીઆમાં જીવાણુઓનો હુમલો થવાથી ઝેરોપ્થેલમીઆ અને કેરાટોમેલેશીઆની સ્થિતિ આવી પડે છે. જો આ વખતે પણ ઈષ્ટ પ્રમાણમાં 'વિટામિન એ' ન મળે તો કોર્નીઆ ફાટીને સંપૂર્ણ અંધાપો પ્રાપ્ત થાય છે. ઘણું થોડું 'વિટામિન એ' મળવાથી આજે પણ હિંદમાં ઘણાં બાળકો આ રીતે અંધ બને છે. સિલોનમાં પણ આ જ સ્થિતિ છે. કેરાટોમેલેશીઆથી પીડાતાં નબળી શારીરિક સંપત્તિવાળાં બાળકો બ્રોન્કો-ન્યુમોનીઆનો ભોગ બની મરણ પામે છે.

યુદ્ધના દિવસોમાં ડેન્માર્કે નાણાં રળવા માખણ અને પ્રાણિજ●



'વિટામિન એ'ની ઊણપથી અશ્રુગ્રંથિઓનો સ્રાવ બંધ થઈ આંખના કોર્નિયાને નુકસાન થઈ 'કેરાટોમેલેશિયા' (ડાબી બાજુ) નામે સ્થિતિ આવી પડે છે જે આગળ જતાં કાયમી અંધાપામાં પરિણમે છે. ઉપર જમણી બાજુ: એ વર્ષના કેરાટોમેલેશિયાથી અંધાપો પામેલ બાળા છે. માત્ર 'વિટામિન એ' વિનાના ખોરાકનું આ ભયંકર પરિણામ છે.

ચરબી જર્મનીને વેચી દેતું; પરિણામે ઓટમિલ અને સેપરેટ દૂધ ઉપર નભતાં ત્યાંનાં બાળકોને 'વિટામિન એ'ની તાણ પડવાથી કેરાટોમલેશીઆ થયો. આહારની ન્યૂનતાથી આંખના ગંભીર રોગ થવાનું ડેન્માર્કના વિખ્યાત દાક્તર બ્લૉએ જાહેર કર્યું. તેમણે સાબિત કર્યું કે પ્રાણિજ ચરબીવાળા સમતોલ ખોરાક ખાવાથી આ રોગ અટકે છે અને જો તે વધી ન ગયો હોય તો કૉડલિવર ઑઈલથી પણ તે મટે છે.

દાંતની વૃદ્ધિ અને વિકાસમાં 'વિટામિન એ' જરૂરી છે. દાંતના વિકાસના ગાળામાં બાળકને 'વિટામિન એ' ઓછું મળે તો દાંતનું એનેમલ (ઉપરનું ચળકતું પડ) બરાબર ન બંધાતાં તેમાં ખાડાખૈયા રહે છે. આ ખાડાઓમાં ખોરાકના કણ ભરાઈ રહેતાં, વિપાક પામી ઍસિડ પેદા થઈ એનેમલ ખવાવાથી દાંતનો સડો થાય છે. 'વિટામિન એ'થી ભૂખ અને પાચન ઉત્તેજાય છે. લોહીની બનાવટની યોજનામાં પણ એનો હિસ્સો છે. બાલ્યાવસ્થામાં ખોપરીનાં હાડકાં અને કરોડરજ્જુના વિકાસમાં સહનિયમન નથી હોતું જેથી કરોડરજ્જુને નુકસાન થવાની સંભાવના છે, પણ 'વિટામિન એ'થી જ્ઞાનતંત્રનો વિકાસ અને હાડકાંની ગોઠવણીનું સહનિયમન સધાય છે. 'વિટામિન એ'-ની ઊણપથી ચામડીનું પોત બગડે છે. બાળકો આનો ખાસ ભોગ બને છે. તેમની ચામડી સોજી જઈને દેડકાની ચામડી જેવી ખરબચડી બને છે. વૃદ્ધોની ચામડી સૂકી બની એમાં ખણજ આવે છે.

'વિટામિન એ'ની ન્યૂનતાના કારણે એક વાર પેશીઓમાં જીવાણુઓના પ્રવેશથી, પેશીઓની રચના અને વ્યાપારોમાં ફેરફાર થતાં દેખાએલો રોગ પછી 'વિટામિન એ' આવવાથી પણ મટતો નથી. વળી એ પણ જાણવા જેવું છે કે વ્યક્તિની ઉંમર અનુસાર ચેપની ગેરહાજરીમાં 'વિટામિન એ'ના અલ્પ પ્રમાણથી રોગનાં ચિહ્નો જોકે દેખા દેતાં તો નથી પણ તેનું પુષ્કળ પ્રમાણ મળી રહેતાં શરીરની સુખાકારી અનુભવાય એ જ તેના અલ્પાહારની સાબિતીરૂપ છે. 'વિટામિન એ'નું યથાર્થ મૂલ્ય આંકતાં શર્મન કહે છે, 'તેનું પુષ્કળ પ્રમાણ ઘણા પ્રકારના રોગો સામે બખ્તરરૂપ છે, બળ અને જોમ વધારનાર છે અને શરીરના વિવિધ ભાગો અને વ્યાપારોની એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે કે જેનાથી કાર્યક્ષમ અને દીર્ઘાયુ જીવન પ્રાપ્ત થાય છે.'

'વિટામિન એ'ના બે ભાગ છે, 'એ$_1$' વૃદ્ધિઘટક અને 'એ$_2$' ઝેરોપ્થેલમીઆ વિરોધી, રાસાયનિક રીતે આ બંને સરખા હોઈ એમના વચ્ચે કોઈ તફાવત નથી.

વનસ્પતિ–ખોરાકોના પીતરંગી કેરોનિનમાંથી પ્રાણીઓ અને માનવીનાં શરીરમાં 'વિટામિન એ' બને છે. તે ચરબીમાં દ્રાવ્ય હોઈ પ્રાણિજ ખોરાકો જેવા કે દૂધ, માખણ, ઘી, પનીર, ઇંડાંની દાળ, માછલીનાં તેલ અને ચરબીમાંથી પ્રાપ્ત થાય છે. 'વિટામિન એ'નું અતિસમૃદ્ધ કુદરતી સાધન કલેજું છે. તે જોકે વનસ્પતિમાં છે ખરું, પણ કેરોટિનના રૂપમાં. કેરોટિન 'વિટામિન એ'નું પૂર્વરૂપ છે. સૂર્યની ક્રિયાથી વનસ્પતિનાં પાંદડાંમાં તે બને છે અને તે ખાવાથી પ્રાણીઓ અને માનવીનાં કલેજાં કે આંતરડાંમાં 'વિટામિન એ'માં તેનું રૂપાંતર થાય છે. કંદ અને મૂળ કરતાં સૂર્યપ્રકાશ પામતાં લીલાં પાંદડાંમાં 'વિટામિન એ' વધારે હોય છે. લીલાં પાંદડાંમાં પણ કૅબિજનાં અંદરનાં ધોળાં પાન કરતાં બહારનાં લીલાં પાનમાં વધારે કેરોટિન છે. તાંદળજો ને મેથીની ભાજી, કોથમિર, પાનાંપોથાં, કરેપાક, નાગરવેલનાં પાન, પાલખ ને કૅબિજમાં કેરોટિનની વિપુલતા છે. કંદ અને મૂળમાં ગાજર એકલા જ 'વિટામિન એ'થી સમૃદ્ધ છે. કાચાં લીલાં ફળમાં કેરોટિન હોતું નથી પણ જ્યારે તે પાકાં થઈ પીળાં બને ત્યારે જ તેમાં થોડાઘણા પ્રમાણમાં કેરોટિન આવે છે. આવાં ગણનાપાત્ર ફળોમાં કેરી, પપૈયું, ખજૂર, ટમેટાં, ફણસ, સંતરાં અને કેળાં છે. ગાજર, સક્કરિયાં અને મકાઈના પીળા, રતૂમડા પીળા કે નારંગી-પીળા રંગમાં કેરોટિન હોય છે. છોડવાઓના લીલા રંગના દ્રવ્ય સાથે પણ કેરોટિન ભળેલું છે. છોડવાઓની કુમળી ડાળખીઓ અને ટોચોમાં એની વિપુલતા છે. ટૂંકામાં કુમળા છોડવાઓ કે પીળા ને લીલા રંગના છોડવાઓના જાળામાં કેરોટિન છે. પીળી મકાઈ સિવાય બીજાં શૂકધાન્યોમાં 'વિટામિન એ' નથી.

જલ-છોડવાઓમાંથી નાની માછલીઓ અને નાની માછલીઓનું ભક્ષણ કરી કૉડ, શાર્ક, હેલિબુટ વગેરે મોટી માછલીઓ 'વિટામિન એ' મેળવે છે. ખડખાઉ પ્રાણીઓ ઘાસ ને છોડમાંથી કેરોટિન મેળવે છે. માનવી કે પશુએ ખાધેલા વનસ્પત્યાહારમાંથી થોડું કેરોટિન 'વિટામિન એ'માં રૂપાંતરિત થાય છે આ વિટામિન ચરબીમાં દ્રાવ્ય હોઈ તે શરીરની ચરબીમાં આગળી રોજિંદા વપરાશ માટે સંઘરાય છે. એનું મુખ્ય સંગ્રાહક કલેજું છે; ફેફસાં અને મત્રપિંડમાં પણ તે સંઘરાય છે.

બચ્ચાંના વિકાસ માટે માતાઓનાં શરીરમાંથી પ્રાણીઓનાં દૂધમાં, સ્ત્રીઓનાંધાવણમાં અને પક્ષીઓનાં ઇંડાંમાં 'વિટામિન એ' આવે છે. આમ દૂધ, માખણ ઇંડાં પ્રાણીઓની ચરબી ને કલેજું અને માછલીનાં તેલમાં વિટામિન 'એ' તૈયાર રૂપમાં હોય છે.

'વિટામિન એ'નાં બે સાધનો છે. (૧) કેરોટિન ધરાવનારાં લીલાં પીળાં કે નારંગી-પીત રંગનાં વનસ્પતિ ખાદ્યો અને (૨) તૈયાર 'વિટામિન એ' ધરાવનારાં ચરબીયુક્ત પ્રાણિજ ખાદ્યો. જોકે આ બેમાંથી પાછલાં ખાવા માટે સારાં છે, પણ પ્રાણિજ અને વનસ્પતિજ બન્ને સાધનો વાપરવાં શ્રેષ્ઠ હોવાનું મેક્કેરિસન કહે છે. તેના મત પ્રમાણે હેલિબુટ અને કૉડલિવર ઑઇલ, કલેજું, માખણ, મલાઈ, પનીર, ગાજર, પપૈયું, કેરી અને લીલોતરી ભાજી એનાં શ્રેષ્ઠ ધારકો છે.

'વિટામિન એ'નાં મધ્યમ ધારકો: દૂધ, ઇંડાં, પ્રાણિજ ચરબી, ઘી, ચણાના પોપટા, વાલોળ, તાંદળજાની ભાજી, પીતરંગી કંદમૂળ, પીતરંગી મકાઇ, સોયાબિન, ટમેટાં, કોળું, ફણસ, સંતરાં, મોસંબી, જામફળ, કેળાં અને મરચાં.

'વિટામિન એ'નાં કનિષ્ઠ ધારકો: શૂકધાન્યો, અડદ અને કઠોળ, તેલીબિયાં, કવચવાળાં ફળો, સફેદરંગી કંદ, ઘણાં ખરાં ફળ અને ભાજી સિવાયનાં બીજાં શાક, મગફળીનું તેલ, પૉલિશ કરેલા ચોખા, મેંદો ખાંડ અને મધ.

જો આહારમાં આ છેલ્લા વર્ગનાં ખાદ્યો હોય તો એમાંથી આરોગ્ય જળવાય એટલું 'વિટામિન એ' મળતું નથી. એમની સાથે દૂધ, માખણ, પીતરંગી કંદમૂળ ને લીલોતરી ભાજીનો ઉપયોગ જરૂરી છે.

ભારતવાસીઓના આહારમાં તૈયાર રૂપમાં 'વિટામિન એ' આવે એવા ખોરાકો નજીવા પ્રમાણમાં છે. મોટા ભાગે વિવિધ શાકભાજી અને ફળોમાંના કેરોટિનનું 'વિટામિન એ'માં રૂપાંતર થાય છે. વિટામિનમાં રૂપાંતર થવામાં પણ વ્યક્તિગત ફેરફાર રહે છે. ખોરાકમાં તેલ અને ઘીનું ચીકટ હોય તો જ ખાદ્ય દ્રવ્યોમાંનું પોણાભાગનું કેરોટિન શોષાય છે, ચરબી વગર માત્ર અડધું જ. કેરોટિનનું શોષણ થવા માટે ચરબી (અને 'વિટામિન ડી' પણ) જરૂરી છે. શાકના વઘારમાં તેલનું ચીકટ મૂકવાનો આપણો પરંપરાગત રિવાજ સંયુક્ત ને શાસ્ત્રીય હોવાનો આ એક પુરાવો છે.

આપણા આહારમાં તૈયાર રૂપમાં 'વિટામિન એ' મેળવવા માટે દૂધ અને માખણનો વપરાશ ઘણો ઓછો છે જ્યારે ઘી વિશેષ ભાવથી ખવાય છે. ઘી જોકે 'વિટામિન એ'નું ધારક તો છે પણ જો તે તાજું હોય તો જ તેનો લાભ મળે છે. બાકી પોણા બસો દિવસ સુધી

સંઘરેલા ઘીમાં 'વિટામિન એ'નો નાશ થયાનો પ્રાયોગિક પુરાવો છે. ખોરા ઘીમાં 'વિટામિન એ' નાશ પામેલું હોય છે.

સામાન્ય રાંધવામાં 'વિટામિન એ' કે કેરોટિન નાશ પામતું નથી, પણ વધારે તાપથી કે ખોરાકને હવા લાગે એમ ઉઘાડો રાખવાથી 'વિટામિન એ' નાશ પામે છે. વળી તાજો ખોરાક ખાવો સારો કે જેથી 'વિટામિન એ'નો લાભ મળે. તળવાના તાપથી ઘીના 'વિટામિન એ'નો નાશ થાય છે અને એમાં તળાએલા ખોરાકમાં પણ ઘીનું વિટામિન રહેતું નથી. આંતરડાંની ઝડપી ગતિમાં અને જુલાબથી 'વિટામિન એ' ને કેરોટિનનું શોષણ બગડે છે. પ્રવાહી પૅરૅફિન કેરોટિન અને 'વિટામિન એ'ના શોષણમાં અંતરાય આણે છે અને મળ વાટે તેનું વિસર્જન થાય છે. પેટ સાફ લાવવા વારંવાર પૅરૅફિન વાપરનારા લોકોએ આ જાણી લેવું જરૂરી છે.

પુખ્ત વયમાં સ્ત્રી અને પુરુષને રોજ 'વિટામિન એ'ના ત્રણથી પાંચ હજાર 'ઈન્ટરનેશનલ યુનિટ' લેવાની આહારશાસ્ત્રીઓની ભલામણ છે. પણ વ્યક્તિગત જરૂરિયાતો પ્રમાણે આમાં મોટો તફાવત રહે છે. ઉમર કરતાં શરીરના વજન ઉપર તેના પ્રમાણનો આધાર છે. ઊછરતાં બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને ધાત્રીઓને વધારે પ્રમાણની જરૂરત છે. સગર્ભાને જો ઈષ્ટ પ્રમાણમાં 'વિટામિન એ' ન મળે તો બાળક અશક્ત અવતરે છે, ધાવણ ઓછું આવે છે, અને એમાં 'વિટામિન એ' પણ ઓછું હોય છે. આવા ધાવણથી શિશુને બરાબર પોષણ ન મળવાથી તે ગંભીર માંદગીઓમાં પટકાઈ મરણ પામે છે. હિંદમાં આમ ઘણાં બાળકો મરતાં હોવાનું મેક્કેરિસન જણાવે છે.

ધાવણ છોડાવ્યા પછી પણ બાળકને ગાય કે ભેંસનું દૂધ મળવું જોઈએ. શુદ્ધ દૂધ ખાવું ન પરવડે તેમણે સેપરેટ દૂધ ખાવામાં નાનમ કે જુગુપ્સા અનુભવવાની જરૂર નથી. સેપરેટ દૂધમાંનું થોડું પણ 'વિટામિન એ' ઊછરતા બાળકની જરૂરત પૂરી પાડે છે. એ પણ જાણવા જેવું છે કે સૂકા પૂળા અને ખાણ ઉપર નભતાં ઢોરને પૂરતા પ્રમાણમાં કેરોટિન મળતું ન હોવાથી તેમનાં દૂધમાં 'વિટામિન એ' થોડું હોય છે. ચોમાસા અને શિયાળામાં લીલો ચારો અને તાજું ઘાસ પામતાં ઢોરના દૂધમાં 'વિટામિન એ'નું પ્રમાણ વધારે હોય છે.

કિશોર તરુણ પુખ્ત અને પ્રૌઢાવસ્થામાં પણ દૂધ માખણ પનીર અને કેરોટિનયુક્ત વનસ્પત્યાહારનો આગ્રહ રાખવો જોઈએ. જેમને છોછ ન હોય તેમણે 'વિટામિન એ' આપનારા પ્રાણિજ ખોરાકો પણ ખાવા. આની સાથે બીજો સમતોલ આહાર પામનારા લોકોનાં બદન ઊંચાં અને બલિષ્ઠ, દાંત અને હાડકાં મજબૂત, ત્વચા મુલાયમ અને માંસપેશીઓ પુષ્ટ હોય છે. પૂરતું 'વિટામિન એ' ન પામનારાં બાળકોનાં શરીર ઠીંગરાએલાં અને સૂકલાં, ઓછાં વજનવાળાં અશક્ત અને ફિક્કાં હોય છે. તેમની આંખો, દાંત, હાડકાં, ચામડી અને ક્વચિત્ જ્ઞાનતંત્ર પણ જોઈએ તેવો વિકાસ પામેલાં નથી હોતાં. ઇગ્લંડ જેવા સમૃદ્ધ દેશમાં પણ ગરીબ બાળકોને ઈષ્ટ પ્રમાણમાં 'વિટામિન એ' મળે તે માટે શાળામાં રોજ કૉડલિવર ઑઈલ આપવાની યોજના છે. 'વિટામિન એ'ના અપૂરતા પ્રમાણનું સામાન્ય લક્ષણ ઉમર કે કામના પ્રમાણમાં વધારે પડતો થાક છે. મેક્કેરિસન કહે છે 'વિટામિન એ'ના ઓછા પ્રમાણવાળો ખોરાક ખાનારા લોકો કરતાં જિંદગીભર 'વિટામિન એ' સમૃદ્ધ ખોરાક પામનારા લોકો વધારે તંદુરસ્ત હોય છે અને લાંબું જીવે છે.'

ℂ સ્કૉટલૅન્ડની એક પેઢીએ પ્રોટીનનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો મચ્છીનો આટો બનાવવો શરૂ કર્યો છે. તે ખોરાકમાં લેવાથી અ-પોષણનો પ્રશ્ન ઉકેલી શકાશે. આટામાનું ઉચ્ચ પ્રોટીન તત્ત્વ એ જ એનું મહત્ત્વ છે. સ્વાદ બગાડ્યા સિવાય ગમે તે ખોરાકમાં એ ભેળવી શકાય છે.

સાંકેતિક લિપિઓ-૧૦] . . . . અંગપલ્લવી . . . . [સુશીલા આર. પટેલ

અંગપલ્લવીમાં સામુદ્રિક શાસ્ત્રનો પણ ઉપયોગ થયો છે. માનવ શરીરના આઠ વિભાગ કલ્પીને તેમાં અ-ક-ચ-ટ-ત-પ-ય-શ એ આઠ વર્ગોને ગોઠવ્યા છે. એ નિયમ નીચે મુજબ જણાવ્યો છે. अट्ठ वग्गा’सिराजित्र भणे हिययेकडि उरुझाणु च चरण झुयलेंहि। (अर्हंचुडामणिसार)

માથું (૧) નયન (૨) વદન (૩) હૃદય (૪) કેડ (૫) ઊરુ (૬) જાનુ=પગની પીંડી (૭) પગ (૮) એમ આઠ અંગોમાં આઠ વર્ગો સ્થાપ્યા છે. માથા ઉપર સ્થાપેલા 'અ' વગેરે બાર સ્વરોના બે વિભાગ કલ્પવામાં આવ્યા છે.

અ, ઇ, ઉ, એ, ઓ, અં-આ ૬ લઘુ સ્વરો માથાની ડાબી બાજુએ તથા આ-ઈ-ઊ-ઐ-ઔ-અઃ એ ૬ દીર્ઘ કે ગુરુ સ્વરોને માથાની જમણી બાજુ કલ્પવામાં આવ્યા છે.

અંગપલ્લવીમાં 'કુમાર' શબ્દનો સંકેત કરવો હોય તો 'ક' એ બીજા વર્ગનો પહેલો અક્ષર છે. માટે આંખને ટચલી આંગળીનો સ્પર્શ કરીને હ્રસ્વ 'ઉ' સૂચવવા માટે માથાની ડાબી બાજુએ ત્રીજી-મધ્યમા આંગળીનો સ્પર્શ કરવો. 'મા' અક્ષર સૂચવવા માટે ઊરુ એટલે સાથળને અંગૂઠાનો સ્પર્શ કરી માથાની જમણી બાજુએ પહેલી ટચલી આંગળી અડાડવી. 'ર' અક્ષરના સૂચન માટે જાનુને ટચલી પાસેની અનામિકા આંગળીનો સ્પર્શ કરીને માથાની ડાબી બાજુએ ટચલી આંગળી અડાડવી. આ રીતે અંગપલ્લવીમાં 'કુમાર' શબ્દ બતાવી શકાય.

અંગપલ્લવીના નિયમને ટૂંકી રીતે સમજવો હોય તો એમ કહી શકાય કે વર્ગ બતાવવા અંગને અડવું, કયા વર્ગનો કેટલામો અક્ષર છે તે સૂચવવા માથાની ડાબી-જમણી બાજુએ ક્રમિક આંગળીઓનો અને છઠ્ઠા નંબરનો સ્વર જણાવવા હથેળી વડે સ્પર્શ કરવો. શબ્દ-સંકેત કરવાની અને દૃષ્ટિની ચપળતા જેમ વધારે તેમ આ સંકેત-લિપિની ઉપયોગિતા વધે છે.

કેટલાક લેભાગુ સાધુમહાત્મા શિષ્યોની સહાયથી આવી સંકેતલિપિ વડે લોકોને છેતરે છે. પ્રથમ ભક્તની ઇચ્છા જાણી લઇ શિષ્ય એમને મહાત્મા પાસે લઇ જાય છે, અને આવી સંકેતલિપિ વડે તે મહાત્માને ભક્તના મનની વાત વિષે સૂચના આપી દે છે. પછી સાધુ પોતે જાણે ત્રિકાળજ્ઞ હોય એ રીતે ભક્તાની મનેચ્છા પ્રકાશિત કરી તેને પ્રભાવિત કરી દે છે. ભોળા માણસો ને ઘણી સ્ત્રીઓ આમાં સાધુની અગમ શક્તિ સમજી છેતરાય છે ને ખુવાર થાય છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



જળજંગલની જીવસૃષ્ટિનો અભ્યાસજન્ય પરિચય આપતી શ્રી 'વનેચર'ની પેલી જાણીતી લેખમાળા 'વનવગડાનાં વાસી'માં આ મહિને વર્ણવેલી શુક અને સારિકાની જોડી પૈકી સારિકા=મેના=કાબરની કેટલી બધી જાત થાય છે એ જાણો છો ? એને ટૂંકાવીને જોઈ એ :

"આપણી પેઠે જેમને બોલતાં આવડે એવાં પંખીઓમાં પોપટ પ્રથમ પંક્તિનું પાલ્ય પંખી ગણાયો છે. એની વિચક્ષણતાનાં અનેકવિધ દૃષ્ટાન્ત છે. એક વખત ઇંગ્લંડમાં પોપટની વાક્પટુતાની પરીક્ષા કરવા માટે સમારંભ યોજવામાં આવ્યો હતો. ભાતભાતના પોપટ એમની કળાનું પ્રદર્શન કરી ગયા પછી છેવટે એક ઢાંકેલું પાંજરું પરીક્ષકો આગળ મૂકવામાં આવ્યું. એના ઉપરનું આવરણ દૂર કરતાંવેંત જ, આસપાસની વસતિને જોઈ અંદરથી શુકદેવ ગરજી ઊઠયા: 'અલ્યા, આટલા બધા પોપટ શા ?' (by Jove, what a lot of parrots!) એનો એકડો પહેલો ગણાયો એ કહેવાની જરૂર છે ?

આવી એની સ્ફુટ વક્તૃતાનો પડછો કરનાર અન્ય કોઈ પંખી હોય તો તે મેના એકલી જ. બંનેના વાગ્વિલાસ પંખીસૃષ્ટિમાં અજોડ છે. ન્યૂ યૉર્કનાં મ્યૂઝીઅમમાં એક મેના હતી. એને કોઈ ગમે તે કહે તો પણ એ સાંખી લેતી. માત્ર જો એને 'કાળી' કહી તો ભોગ મળ્યા સમજવા તરત સામી ચોપડાવે કે 'તારો બાપ કાળો.' (So's your Ol' man!)

પ્રાચીનતમ કાલથી ગૃહસ્થ ઘરનાં એ બંને ભૂષણ ગણાતાં આવ્યાં છે. એમના આવા નિત્ય સહચારને લીધે પોપટ અને મેના—**शुक अने सारिका**—વરવધૂ પણ મનાયાં છે, આજે પણ ભારતવર્ષમાં સ્થળેસ્થળે મેના-પોપટની બેલડી પંજરાવસ્થામાં નજરે પડે છે.

પણ પોપટ તે પોપટ. એની તોલે મેના ન આવે. કારણ, એક તો પોપટ જેવી વિવિધ જાતો મેનાની નથી. વળી એ પોપટ જેટલું વ્યાપક પંખી પણ નથી, અને પોપટ જેટલી સરળતાથી એ શીખી પણ નથી શકતી.

મેના એ સંસ્કૃત 'મદના'નું ભ્રષ્ટ રૂપ છે. એનું બીજું નામ સારિકા. આપણે જેને 'કાબર' કહીએ છીએ એ પણ 'મેના' જ. આજે પણ ઉત્તર ભારતમાં આ વર્ગનાં બધાં ય પંખી 'મેના' એવા વર્ગવાચક નામે ઓળખાય છે.

મેના એ ચકલીના વર્ગનાં પંખી. એમના બે વિભાગ. પહેલો 'બોલતી' મેનાઓનો. એ વર્ગનાં બધાં પંખી મોટે ભાગે ચળકતા કાળા રંગના દેહવાળાં હોય છે. એમનાં માથાં ઉપર ડાબી-જમણી બાજુએ વાળ વગરની ઊઘાડી પીળી ચામડીનાં લાખાં હોવાથી એ સહેજે ઓળખાય છે. એમનો કંઠ લલિત સુકોમળ અને હળવો હોઈ બોલવામાં સર્વોત્કૃષ્ટ મેનાઓ આ જ વંશની નીવડે છે. આ પંખી મુખ્યત્વે ગીચ ઝાડીવાળા પ્રદેશનાં જ રહેનારાં હોવાથી ઉત્તર ગુજરાતમાં નજરે નથી પડતાં.

બીજો વિભાગ આપણી કાબરોનો. એમનો વર્ણ મુખ્યત્વે ધૂળીઓ હોય છે. વળી એમના શિર ઉપર કોઈ પણ જાતનું લાખું નથી હોતું. આ પંખી પ્રત્યેક સ્થળે—પહાડ, જંગલ પાદર તથા ભર વસતિમાં પણ આરામથી રહે છે. એમના કંઠની કર્કશતા ને તીણાપણાને લીધે એ પંખી પ્રીતિભાજન નથી બની શકતાં.



(૧) કાળી મેના : બધી મેનામાં અત્યંત સુકોમળ અને મધુર સ્વરવાળાં હોવાથી આ પંખી પાળવા માટે શ્રેષ્ઠ ગણાયાં છે. કદમાં કાબર જેવડું, પણ અત્યંત નાજુક. એનો સમગ્ર વર્ણ કાળો, લીલો અને વાદળી રંગની આભાવાળો. મસ્તક પર ઊઘાડી પીળી ચામડીનાં લાખાં. ચાંચ નારંગી રંગની. પગ ચળકતા પીળા. આહારમાં મુખ્યત્વે વનસ્પતિ, છતાં ઊધઈ કે તીડ-ગોલ્લાં જેવાંને પણ ચપટી જાય છે. વસંતઋતુ એમનો પ્રજનનકાળ.

એની અન્ય એક જાત હિમાલયની તળેટીમાં રહે છે. આ પહાડી મેના બોલવામાં ભારે ઉસ્તાદ હોવાથી રસિકજન એના ઉપર ફિદાફિદા થઈ જાય છે. પંજરાવસ્થામાં પણ એ ખૂબ આનંદથી મહાલતી લાંબું આયુષ ભોગવે છે. સંસ્કૃત સાહિત્યમાં જે સારિકાનાં વર્ણન છે તે પંખી આબેમાંથી એક જાતનું હોવું જોઇએ.



(૨) વૈયાં : 'આંબોલ મેના'–એટલે કાબરો-માં પ્રથમ આવે વૈયાં અથવા ગુલાબી મેના : અનાજના પાકને મહાન ઉપદ્રવ કરનારું. દેખાવમાં કાબર જેવડું અને જેવું, પણ માથા ઉપરના ફુલાવેલા કે ઊભા કરેલા વાળના જથ્થાને લીધે ઝટ ઓળખાય છે. એનું માથું, ગરદન, છાતી, પાંખો ને પૂછડી શ્યામ વર્ણનાં: શરીરનો બાકીનો ભાગ ગુલાબી રંગનો. ચાંચ ગુલાબી કે લાલ. પગ મેલા બદામી.

બધી કાબરોમાં સૌથી વધારે 'વગડાઉ'. બધી મેનાઓમાં કોઈનાં મોટાં ટોળાં દેખાતાં હોય તો પણ આ વૈયાંનાં જ; ૨૫ કે ૫૦થી ૧૦૦–૨૦૦ જેટલાં વૈયાં આપણા દેશનાં સ્થાયી વાસી નથી જુલાઈની અધવચ્ચે એ યુરોપ અને એશિયાના મધ્ય પ્રદેશમાંથી ભારતવર્ષમાં ઊતરી પડે છે અને મે મહિનાની આખર સુધીમાં પાછાં ઘરભેળાં થઈ જાય છે.



(૩) તેલિયા મેના : વૈયાં જેવી જ બીજી એક યાયાવર મેના શિયાળામાં આપણે ત્યાં આવે છે. એનું નામ તેલિયા મેના : એનું સમગ્ર શરીર ચમકતા કાળા રંગનું પણ પીંછે-પીંછે અક્ષત જેવા ઝીણા પીળા લિસોટા કે તિલ-રેખા. ચાંચ ભેંસના શીંગડાના જેવા

મેલા રંગની અને પગ ઘેરા બદામી. કદમાં કાબર જેવડું પણ દેખાવે નમણું આ પંખી સાઇબીરિયા ને મધ્ય એશિયાનું વતની. નદી-તળાવ જેવાં જળાશય પાસે એ નજરે પડે છે.



(૪) બામણી મેના : શિર પર (બ્રાહ્મણની શિખા પેઠે) લટકતી મંજરીને લીધે એનું નામ 'બામણી' મેના પડયું છે! કપાળ, ગરદન, માથું બધાં શ્યામ. બંને લમણાં, ગરદન, દાઢી, અને પેટ ગુલાબી. ચાંચ પીળી, પગ ચળકતા પીળા. ભારતવર્ષનું એ સ્થાયી અધિવાસી છે.

(૫) કાબર : 'દેશી મેના', 'ગોરિકા' એવાં વિવિધ નામથી ઓળખાતું આ પંખી કોને



અજાણ્યું હશે? ચકલાં, કબૂતર અને કાબર : આ ત્રણથી બચ્યો એને ભગવાને બચાવ્યો! ત્રણેનાસ્વરની કર્કશતાએકસરખી. રીઝે ત્યારે આછા ધીરા કોમળ સ્વરે કૂજન કરી રીઝવે; મંડે ત્યારે કલબલાટથી માથું પણ પકાવી નાખે.



(૬) ઘોડા કાબર : એને 'ગંગા કાબર' પણ કહે છે. કદમાં સામાન્ય કાબર જેવી લાગતી, છતાં ભૂખરાં શરીર, નારંગી ચાંચ, પીળા પગ અને કાળી પાંખોથી સહેજે ઓળખાઈ જતી આ કાબર રેલવે સ્ટેશનો પર પ્લૅટફૉર્મનાં છાપરાંમાં અડ્ડા જમાવી ભારે ત્રાસ રૂપ થઈ પડે છે. આ પણ આપણું સ્થાયી પંખી છે.

ઘરગથુ ઔષધ .... [૨૬ : સાકર

સાકરને તો ઓળખાવવાની ન જ હોય. અનન્ય મીઠાશવાળી એ ચીજ ઔષધ તરીકે યે ઘણી ઉપયોગી છે. સુશ્રુતે તેના ગુણકર્મો આ પ્રમાણે નોંધ્યા છે : 'શર્કરા નિર્મલ, શીતળ, સ્નિગ્ધ, મધુર, ગુરુ, કામશક્તિ વધારનાર તથા રક્તપિત્ત અને તૃષા શમન કરનાર છે.' ડૉ. વા. ગ. દેસાઇએ તેનાં નીચે મુજબ ગુણકર્મો લખ્યાં છે : 'સાકર શીતળ, પૌષ્ટિક, સ્નેહન (ચીકાશ ઉત્પન્ન કરનાર), મત્રને ઉત્પન્ન કરનાર, ઉત્તેજક, ઉધરસનો નાશ કરનાર પાચન, આશ્વાસકર (આશ્વાસન કરનાર), શ્રમને દૂર કરનાર, જીવનપ્રદ, સડાનો નાશ કરનાર, ઘાને રૂઝવનાર તથા કંઠ માટે હિતકર છે. સાકર હૃદયને પુષ્ટિ આપનાર હોઇ હૃદયરોગોમાં તે આપવી જોઇએ.'

ગળાનો દુખાવો

ગળામાં સોજો આવી ગયો હોય, કાકડા ફૂલ્યા હોય ગળામાં દુખાવો રહેતો હોય, થૂક ઉતારતાં પણ દુખતું હોય તો સાદો પણ ચમત્કારિક અસર કરનાર નીચેનો પ્રયોગ કરવો.

એક નાની ચમચી ભરીને સાકરનું ચૂર્ણ અને એટલું જ હળદરનું ચૂર્ણ ચાના કપમાં ઠંડું પાણી ભરીને એમાં નાખી દેવું. પછી ચમચીથી બરાબર હલાવી નાખવું. પીળા રંગનું આ શરબત સવાર, બપોર, સાંજ ત્રણ વખત પીવું. થોડા દિવસ આ કરવાથી ગળાની તકલીફ મટી જશે.

રક્તસ્રાવ

શરીરમાંથી ઉપર કે નીચેનાં છિદ્રોમાંથી લોહી પડતુંહોય એ રોગમાંસાકરની એક-દોઢ ચમચી ભૂકી એક કપ પાણીમાં નાખીને બનાવેલા શરબતમાં અરડૂસીનાં પાંદડાંનો રસ કાઢી ચમચો ભરીને ભેળવી દેવો. દિવસમાં ત્રણ વખત ચાના કપ જેટલું પ્રવાહી પીવું. ઉત્તમ લાભ થશે. રાજ્યક્ષ્માના દર્દી માટે પણ આ પ્રયોગ હિતકારી છે. કફ છૂટતો ન હોય એવી ખાંસીમાં પણ એ લાભદાયી છે.

સીતોપલાદિ ચૂર્ણ

સાકરનું એક સંસ્કૃત નામ સીતોપલા છે. સાકર અને બીજાં દ્રવ્યોના મિશ્રણથી તૈયાર થતું 'સીતોપલાદિ ચૂર્ણ' ખૂબ જ જાણીતું છે. વૈદ્યેતર લોકો પણ આ અતિ ઉપયોગી ઔષધ ઘેર બનાવીને રાખે એ હેતુથી અહીં આચાર્ય ચરકે આપેલો તેનો પાઠ રજૂ કરું છું.

સાકર તોલા ૧૬, વાંસકપુર તો. ૮, પીપર તો૦ ૪, એલચી તો૦ ૨, તજ તો૦ ૧.

પ્રત્યેકનું અલગ અલગ વસ્ત્રગાળ ચૂર્ણ કરી લેવું. વસ્ત્રગાળ વાંસકપુર એકલું છ કલાક સુધી ખરલમાં સારી રીતે લસોટવું. ત્યાર બાદ બાકીનાં દ્રવ્યોનું વસ્ત્રગાળ ચૂર્ણ એમાં નાખી ફરી છ કલાક સુધી એને ખરલમાં ઘૂંટવું.

૪થી૧૨ રતી ચૂર્ણ મધ ને ગાયના ઘી સાથે મેળવીને ચાટવું. કફપ્રધાન રોગમાં ઘી કરતાં મધ બમણું લેવું. પહેલાં ઘી ચૂર્ણ સાથે મેળવી પછી મધ મેળવવું. કફ સહેલાઈથી નીકળતો હોય તેવી સાદી ખાંસીમાં અનુપાન તરીકે એકલા મધનો જ ઉપયોગ કરવો.

ક્ષયના પ્રારંભમાં સીતોપલાદિ ઘણું જ લાભદાયી છે. ક્ષયની ખાંસીને તે મટાડવા ઉપરાંત રક્તસ્રાવમાં પણ લાભ કરે છે, શરીરને બળ અને પુષ્ટિ આપે છે. ક્ષયની ખાંસી અને તાવમાં સીતોપલાદિ સાથે મોતી તેમજ પ્રવાલની પિષ્ટિનો ઉપયોગ વિશેષ લાભ કરે છે.

સ્ત્રી અને બાળકો

બાળકો જન્મથી જ નબળાં હોય એમને સીતોપલાદિ, પ્રવાલપિષ્ટિ તથા ગોદન્તી ભસ્મ આ ત્રણેનું સમભાગ મિશ્રણ કરી એકથી બે રતીનું પડીકું દિવસમાં ત્રણ વખત ગાયના ઘી સાથે ચટાડવું. થોડા મહિના સુધી આ નિર્દોષ દવાનું સેવન કરવાથી બાળકનો બાંધો ખીલવા માંડશે. તેમ જ પ્રસવ પછી શરીર ક્ષીણ થઇ ગયું હોય એવી કે નબળા બાંધાની સગર્ભા સ્ત્રીને સરાખા પ્રમાણમાં સીતોપલાદિ ચૂર્ણ ગાયના ઘી સાથે આપ્યા કરવું. સાથેસાથે સીતોપલાદિ જેટલા જ પ્રમાણમાં ગોદન્તી ભસ્મ ઉમેરવી. સગર્ભા સ્ત્રીને શરૂઆતના પાંચ-છ મહિના સુધી સતત આ પ્રયોગ કરવામાં આવે તો ઉત્તમ લાભ થાય. પ્રસૂતા સ્ત્રીને પણ પ્રસવ પછી થોડા મહિનાઓ સુધી આ પ્રયોગ કરાવવો જોઇએ.

લાભશંકર ઠાકર

અનુસંધાન] **રવિશંકર મહારાજ** [પૃષ્ઠ ૫૨થી

જેમ સ્વાતંત્ર્યની લડતમાં તેઓ આગળ રહ્યા એમ, રેલસંકટ આવ્યું, હિમસંકટ આવ્યું, પ્લેગ આવ્યો, કૉલેરા આવ્યો કે આમ જનતા ઉપર કોઇ પણ આસમાની-સુલતાની આવી તો એમાં પ્રજાની સાથે ઊભા રહીને પોતાની વિશિષ્ટ ઢબે લોકોને રાહત પહોંચાડવામાં પણ તેઓ હમેશાં મોખરે જ રહ્યા છે. અમદાવાદના હિંદુ-મુસ્લિમ હુલ્લડ વેળા એ નિર્ભય થઇને બધા લત્તામાં ફરતા અને લોકોમાં નિર્ભયતા જગાડતા. ત્યારે મરેલાઓને અગ્નિસંસ્કાર કરવાનું કામ કસોટીરૂપ બન્યું હતું. મહારાજે એ કામ પોતાને માથે લઈ લીધેલું.

સાત વર્ષ સુધી એમણે વડોદરા રાજ્યના પોલીસ વડા શ્રી ઘાડગે સાહેબની માગણીથી મહેસાણા જિલ્લાના કપરા ગણાતા સુનસર ગામમાં રહીને એ ગામના અને એ પ્રદેશના અનેક વિખવાદો મટાડ્યા અને ત્યાંના ઠાકોરોની ચોરીની લત છોડાવી એમના જીવનને ઉન્નત બનાવવાનો ભારે પુરુષાર્થ કર્યો. બનાસકાંઠાના નપાણિયા પ્રદેશમાં એમણે પાતાળ કૂવાઓ ખોદાવ્યા. અને જ્યાં પાણી માટે લોકો તરફડતા હતા ત્યાં પાણીના ધોધ વહેવડાવીને લોકોના આશીર્વાદ લીધા.

સ્વાતંત્ર્ય પછી અને ગાંધીજીના નિર્વાણ બાદ સ્વતંત્ર ભારતને ઝટપટ બેઠો કરવો હોય તો શું કરવું એની શોધમાં એ ચીન પણ જઈ આવ્યા. પણ એમણે જોયું કે ગાંધીજીનો માર્ગ એ જ ઉત્તમ માર્ગ છે; અને એ માર્ગનું ખેડાણ સંત વિનોબાએ ભૂદાનયજ્ઞ મારફત શરૂ કર્યું એટલે ૧૯૫૩માં એ એમને મળવા ચંડીલ ગયા. ત્યારથી એ ભૂદાનયજ્ઞના કાર્યમાં પડ્યા. હજારો એકર જમીન એમણે દાનમાં મેળવી અને અનેક ભૂમિહીનોમાં એ વહેંચી આપી.

ગુજરાતમાં પદયાત્રા કરીને ગામડે ગામડે એમણે વિનોબાનો સંદેશો પહોંચાડ્યો અને લોકોનાં હૃદયમાં પડેલી માનવતાને જગાડી. એમના હૃદયના ઊંડાણમાંથી નીકળતા ભાવો, એમની તળપદી ચરોતરી ભાષા અને એમના આચાર ને વિચારની એકસૂત્રતા લોકોનાં હૃદય ઉપર જાદુઇ અસર પાડે છે. એમનું ત્યાગ તપ અને સંયમપ્રધાન જીવન ભલભલાના જીવનને સ્પર્શી કરી જાય છે. ૧૯૫૫ના જગન્નાથપુરીના અખિલ ભારત સર્વોદય સંમેલનના એ વરાએલા પ્રમુખ હતા.

છેલ્લાં બારેક વર્ષથી ગુજરાતમાં દર વર્ષે ૩-૪ દંત-નેત્ર-યજ્ઞો યોજતી "ગુજરાત દંત-નેત્ર-યજ્ઞ સમિતિ"ના તેઓ પ્રમુખ છે.

આજે એમની ઉમર એંશી વર્ષની થઈ છે, પણ આજે ય કોઈ પણ જુવાનને શોભે એવો સ્વાશ્રય આપણને એમના જીવનમાં જોવા મળે છે. બીજા ઉપર રજભાર પણ બોજા રૂપ ન થવું, એટલું જ નહિ બીજાની થઇ શકે એટલી સેવા કરી છૂટવી એ એમનું બિરુદ છે.

આ ઉમરે પણ તેઓ દિવસે જરા પણ આરામ લેતા નથી કે પથારીમાં આડે પડખે થતા નથી. દિવસભર સતત એમનો કર્મયોગ ચાલુ જ હોય છે. કોઇ પણ જગ્યાએ એ બેઠા હોય ત્યાં એમનો રેંટિયો પણ ચાલતો જ હોય. પોતાની થેલી સરખી બીજા પાસે ઊંચકાવવામાં, પોતાનું લૂગડું સરખું બીજા પાસે ધોવડાવવામાં એમનો જીવ કોચવાય છે, તો પછી બીજી કોઈ સેવા તો એ બીજા પાસેથી ક્યાંથી જ લે?

ઘણા કહે છે એમ, અલબત્ત, તેઓ શાળામાં બહુ ભણ્યા નથી, પણ એમનો અભ્યાસ ઊંડો છે. આજે પણ ત્રણ વાગ્યે તેઓ ઊઠીને ગીતા, ઉપનિષદ, ભાગવત આદિ ધર્મગ્રંથોનું સેવન સવારના ૭ સુધી કરે છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ ચોમાસાના બે મહિના કોઇ સંન્યાસીની માફક એક જ સ્થળે રહે છે. એક અઠવાડિયાના ઉપવાસ કરીને શરીર તથા મનને વિશુદ્ધ કરે છે. આ દિવસોમાં પણ એમનો સ્વાધ્યાય ને રેંટિયો સતત ચાલુ રહે છે. રાત્રે નવ વાગ્યે તેઓ સૂઈ જાય છે.

એમનો સ્વભાવ બહુ પ્રેમાળ છે અને જેમને એમણે પોતાના ગણ્યા એમને માટે કોઈ કષ્ટ એમને કષ્ટ નથી લાગતું. એ ગણાય તો છે સમાજના સેવક, પણ પછાત ગણાતા લોકોનું એમના હૃદયમાં ઊંડું સ્થાન છે. સામાન્ય જનતા, મધ્યમ વર્ગ, શ્રીમંતો, સાહિત્યકારો, પ્રોફેસરો, પ્રધાનો, રાજકારણી પુરુષો, યુવાનો, બાળકો, ભણેલા કે અભણ બધા વર્ગોમાં એમનો પ્રવેશ છે. એમના ટૂંકા સત્સંગથી પણ ઘણા જીવનભરનું ભાથું મેળવી લે છે અને અનેક નિરાશ થએલા આશાવાદી બની જાય છે. દીવો દીવાથી પ્રગટે એમ એમના જીવનથી અનેક લોકોના જીવનની વાટ સંકોરાતી રહી છે.

આજે એંશી વર્ષની ઉમર થઈ, પણ પોતાનો પરિગ્રહ એમણે એક થેલીથી આગળ વધવા નથી દીધો. પાંચ-છ તાકા થાય એટલું સૂતર દર વર્ષે તેઓ કાંતે છે, પણ એમાંથી પોતાને માટે તો માંડ એક તાકો વાપરે છે, અને જ્યાં સુધી કપડાં સંપૂર્ણ જીર્ણ થઇને પહેરવા માટે નકામાં ન થઈ જાય ત્યાં સુધી એને ઉપયોગમાં લે છે. આ ઉમરે પણ એમનું પરિભ્રમણ તો ચાલુ જ રહે છે. રવિપુરા ગામ એમનો મુકામ ગણાય છે, પણ ત્યાં તો તેઓ મહિનામાં બેત્રણ દિવસ માંડ રહેતા હશે. ચીનના આક્રમણ પછી તેઓ આપણી ઉત્તર સરહદે આવેલા પહાડી વિસ્તારની પ્રજામાં પણ એકાદ મહિનો ફરી આવ્યા હતા.

આદર્શપૂત જીવન જીવવાની જેમને ખેવના હોય એમને માટે એમનું જીવન પ્રેરણાના પારસમણિ જેવું છે, અને એવા પ્રેરક પ્રસંગોની એમના જીવનમાં ખોટ નથી, પણ એ બધા કાંઈ અહીં વર્ણવ્યા જાય નહિ. ગુજરાતનું અહોભાગ્ય છે કે ગાંધીયુગના સાચા પ્રતિનિધિ સમો એક સંત્રી આજે પણ આપણી વચ્ચે વિચર્યા કરે છે. આ એંશીમી જયંતીએ આપણાં એમને વંદન હો.





ટિકિટસંગ્રહ નેતાજી સુભાષચંદ્રની ૬૭મી જન્મજયંતી (૨૩મી જાન્યુઆરી) ને આ સરોજિની નાયડુની ૮૫મી જન્મજયંતી (૧૩મી ફેબ્રુઆરી)એ બહાર પડેલી ભારતની બે નવી ટપાલ-ટિકિટો. (નીચે) કૉમનવેલ્થ કૅબલલાઈનના ઉદ્ઘાટન નિમિત્તની ઇંગ્લંડની નવી ટિકિટ (મોકલનાર: રામુ પટેલ–બર્મિંગહામ). નીચે: કેન્યાની પ્રવાસીઓ માટેના વનનિવાસના ચિત્રણની ટિકિટ (એન. કે. દીવાન–મોમ્બાસા) છેલ્લી અમેરિકાની ક્રિસ્ટમસ નિમિત્તની ટિકિટ છે.







કલાવાર્તા

ઇટાલિયન શિલ્પીશ્રેષ્ઠ માઇકલ ઍન્જેલો

(લેખક : ફિરોઝશાહ રુસ્તમજી મહેતા)

આ (૧૯૬૪ની) ૧૮મી ફેબ્રુઆરીએ, સર્વશ્રેષ્ઠ ફ્લૉરેન્ટાઇન શિલ્પી માઇકલ ઍન્જેલોની ૪૦૦મી પુણ્યતિથિ જગતભરનાં મુખ્ય શહેરો ને કલીકેન્દ્રોમાં, કો મહા પર્વ સમ ઊજવાશે.

આ શુભ પ્રસંગસવિશેષ યાદગાર તો ખાસ કરી આ કારણે થશે કે એ મહાન કલાકારનું સર્વોત્તમ ધાર્મિક શિલ્પ પીએટા (Pieta) સ્વ.પોપ જૉન ૨૩માની આજ્ઞા પ્રમાણે તેમના નિવાસસ્થાન 'વૅટિકન'માંથી સૌથી પહેલી વાર બહાર ન્યૂયૉર્કના જગ-મેળામાં પ્રદર્શિત કરવા લઇ જવામાં આવશે.

જેમ 'ધ લાસ્ટ સપર' અને 'મૅડોના ઍન્ડ ચાઈલ્ડ'નાં કલાસર્જન અસંખ્ય થયાં છે, તેમ આ 'પીએટા' વિષયને લગતાં ચિત્રો તથા પ્રતિમાઓ પણ, ઇસુની ૧૩મીથી ૧૮મી સદી સુધીમાં ઘણાં થવા પામ્યાં છે. રફાએલ, ટિન્ટોરેટો, દેલ સાર્ટો, ગીઓટો આદિએ સર્જેલાં 'લાસ્ટ સપર'નાં ચિત્રો કરતાં એ વિષયનું સર્વશ્રેષ્ઠ ચિત્ર જેમ લીઓનાર્દો દ વિન્ચીનું ગણાય છે, તેમ જ કલાકાર માર્ટિની (૧૨૮૩-૧૩૪૪) વાન દર વેદન (૧૪૦૦-૧૪૬૪) બોતીચેલી (૧૪૪૫-૧૫૧૦) માસાસીઓ (૧૪૦૧-૧૪૨૭) લે ટ્રીઆન (૧૪૭૭-૧૫૭૨)



એલ ગ્રેકો (૧૫૪૮-૧૬૨૫) રૂબેન્સ (૧૫૭૭-૧૬૪૦) જોવર્ટ (૧૬૬૪-૧૭૧૭) વગેરેએ સર્જેલી 'પીએટા'ની કૃતિઓમાં સર્વશ્રેષ્ઠ તો માઇકલ ઍન્જેલોની જ.

ભગવાન ઇસુ ખ્રિસ્તના મૃત દેહને વધ-સ્તંભ ઉપરથી નીચે ઉતારવામાં આવે છે, પ્યારા પુત્રની એ લાશ કરુણાના અવતાર સમી માતા મેરીના ખોળામાં લટકતી દેખાય છે, અને એની આસપાસ સ્ત્રીવર્ગ અને હવામાં ઊડતા ફિરિસ્તાઓ નજરે પડે છે, એ આ 'પીએટા'ની કૃતિનો વિષય રહ્યો છે, અને એ ગમખ્વાર ઘટનાને ઍન્જેલોએ આરસમાં એવી તો લાગણીભરી રીતે ઉતારી છે કે ઘણી વાર તો એ શિલ્પ 'સૉરો ઇન સ્ટોન' ('શોકમૂર્ત શિલા')ના નામથી ઓળખાયું છે.

એવી એ 'શોકમૂર્ત શિલા'ના સર્જક માઇકલ ઍન્જેલોનો જન્મ, સને ૧૪૭૫ની ૬ઠ્ઠી માર્ચે ઇટાલીના ફ્લૉરેન્સ શહેરમાં પ્રતિષ્ઠિત મેડીચી કુળ સાથે સંબંધ ધરાવતા 'ફ્લૉરેન્ટાઈન'નામક કુટુંબમાં થએલો. એના પિતા લ્યુડોવિકો બ્યુઓનારોટીના પાંચ પુત્રોમાં માઇકલ બીજો પુત્ર. શરાફી કરવી, વ્યાજે નાણાં ધીરવાં અને ધન એકઠું કર્યા જવું એ જ એ કુટુંબની મનોવૃત્તિ ને વ્યવસાય. આમ છતાં કોણ જાણે ક્યા સંસ્કાર બળે માઇકલે તો બાળવયથી જ છાનામાના ચિત્રણના એકડા ઘૂંટવા માંડેલા.

સને ૧૪૮૯માં, આરસ-શિલ્પકળાને સજીવન કરવા સારુ, લૉરેન્ઝો દ મેડીચીએ એક શિલ્પશાળા ખોલી. તેમાં ચાર વર્ષ સુધી ઍન્જેલોએ સતત શ્રમપૂર્વક શિલ્પકાર્ય કર્યું. એની શક્તિ પિછાની લૉરેન્ઝોએ માઈકલને પુત્ર સમ ગણીને, મેડીચી-મહાલયનો અંતેવાસી બનાવ્યો. એવામાં ઍન્જેલોની ૧૭ના વર્ષે એના આશ્રયદાતા લૉરેન્ઝોનું મૃત્યુ થયું. પિતાના મરણ બાદ લૉરેન્ઝોના પુત્ર પીએરોએ એનાં ફ્લૉરેન્ટાઇન સગાંસ્નેહીઓ જોડે ઉદ્ધત વર્તન ચલાવી તેમનું કંઇ અપમાન કર્યું એથી રોષે ભરાઇ મેડીચી મહાલયમાં તેઓએ લૂંટફાટ ચલાવી. તરુણ માઇકલ આથી બોલોના ચાલ્યો ગયો. એક સાલ બાદ જ્યારે એ વતનમાં પાછો આવ્યો ત્યારે ન તો એની પાસે એકે દમડી હતી ન તો એને કોઈ મુરબ્બી.

પણ હાથે હુન્નર તો હતો જ એટલે નિરાશ ન થતાં, એણે કામદેવ (cupid)ની એક આરસ-પ્રતિમા સર્જી. પિતરાઇઓએ તે થોડો સમય ભોંયમાં દાટી ને પછી બહાર કાઢી પ્રાચીન રોમન શિલ્પ તરીકે વેચવાની સલાહ આપી. એમ કરતાં એ શિલ્પની સારી કિંમત તો ઊપજી, પરંતુ તેના ખરીદનાર કાર્ડિનલ રીઆરિોને આ બનાવટની જાણ થઈ ગઈ. તેણે માઇકલને રોમ બોલાવ્યો પણ શિક્ષા કરવાને બદલે તેની પ્રતિભાને પ્રોત્સાહન આપ્યું.

દરમિયાન માઈકલને જૅકોપ ગાલી નામે એક શરાફ જોડે મૈત્રી થવા પામી. એણે શરાબના અધિષ્ઠાતા ગ્રીક દેવતા 'બૅકસ' (Bacchus)ની મૂર્તિ બનાવવાનું એને સોંપ્યું. આખા કદની પ્રતિમા ઘડવાનો માઈકલનો આ પહેલો પ્રયાસ, સાશંક છતાં નિર્ભયતાથી એણે 'બૅકસ'ને આરસમાં સફળતાથી મૂર્તિમંત કર્યો. એની આ કાર્યસિદ્ધિએ કળાક્ષેત્રે ચકચાર મચાવી. છાકટ રૉફ અને દમામથી લંબાએલા 'બૅકસ'ના હસ્ત, એનું વિલાસી મૃદુ માંસલ સૌંદર્ય તથા એની સુંવાળી ત્વચાની આકર્ષક ચમક જોઈ, પ્રેક્ષકોએ આ પ્રતિમાને 'વિધર્મી' (Pagan) મૂર્તિ ગણી. પરંતુ પછી આ સાવ ભ્રષ્ટ ગણાતા 'બૅકસ'ની મૂર્તિથી તદ્દન ભિન્ન ભાવનાવાળી 'The Pieta'ની પવિત્ર પૂજ્ય પ્રતિમાનું એને હાથે જે સર્જન થયું એ ચમત્કારથી સૌ આશ્ચર્યમુગ્ધ થઇ ગયા.

એકવાર બૅકસની એ પ્રતિમા ફ્રેન્ચ કાર્ડિનલ વિલિયર્સના જોવામાં આવી. એ કલાસુજ્ઞ ધર્માધિકારીએ માઇકલનું શિલ્પ-કૌશલ્ય પ્રીછીને 'સેંટ પીટર'ના મહામંદિરમાં પધરાવવા માટે એવી જ કલાત્મક પણ પવિત્ર ભાવના પ્રકટાવે એવી એક પ્રતિમા બનાવવાનું માઈકલને સોંપ્યું.

સાટું નક્કી થયું કે ટાઈબર નદીને કાંઠે આવેલા ઠંડીગાર આરસશિલાઓથી ભરેલા બે ભંડારમાંથી જોઈતી શિલાઓ પસંદ કરી અને પછી જીસસના ઉચિત ચહેરાની શોધ કાજે એ ટ્રાસ્ટેવરના યહૂદી મહોલ્લામાં જઈ વસ્યો; અને માતા મેરીનું મુખ સર્જવા સારુ એણે રોમનાં ખાનદાન કુટુંબોની યુવાન સ્ત્રીઓમાં શોધ ચલાવી.

વળી, એ શિલ્પના સંયોજનમાં પણ એણે ઈસુને ગૌણ સ્થાન ન આપતાં અગ્ર સ્થાન આપ્યું; અને પૂર્વે માતા મેરીને પ્રૌઢ વયની દાખવવામાં આવતી તેને બદલે યુવાન રજૂ કરી. વળી આગલા 'પીએટા'ઓમાં મૃત જીસસના હાથ-પગ લોહીઝરતા દર્શાવાતા તેને સ્થાને માઈકલે ભગવાન જીસસને રક્ત વિહોણા, માતા મેરીના ખોળામાં નિરવધિ શાંતિથી પોઢેલા નિરૂપ્યા. પોતાના 'પીએટા'માં માઈકલનો આશય ઘવાએલા ક્રાઈસ્ટ દર્શાવીને કોઈ પ્રત્યે ઘૃણા ઉપજાવવાને બદલે ભાવનાપૂર્ણ સહાનુભૂતિ ઊપજે એવું દશ્ય રજૂ કરવાનો હતો. માતા મરિયમને પણ માઈકલે એના ઘાયલ પુત્રને દયાર્દ્ર તથા વિચારગ્રસ્ત





ઈસુખ્રિસ્તને ખોળામાં રાખીને શોકગ્રસ્ત બેઠેલી માતા મેરીના ઍન્જેલોના વિખ્યાત શિલ્પ 'પીએટા'માં તેણે સદા પવિત્ર અને નિર્મળ માતા મેરીને વાર્ધક્ય સ્પર્શે જ નહિ એમ ભાવનાપૂર્વક પુત્ર ઇસુ કરતાં પણ યુવાન-ચિરયુવાન નિરૂપીને ચાલુ ચીલાને તોડયો હતો. (જુઓ ડાબી બાજુ એનો મોટો કરી બતાવેલો ચહેરો)

નજરે જોતી દર્શાવી.

દિવસ કે રાત જોયા વિના, મિત્રો કે સ્નેહીઓથી અળગા રહી, નર્યો એકાંતવાસ સેવી એણે અદ્દ્ભુત એકનિષ્ઠા ને અદમ્ય ઉત્સાહથી સતત શ્રમ વેઠીને આ કાર્ય જ્યારે પૂરું કર્યું ત્યારે કાર્ડિનલ વીલીઅર્સે એ અજબ કૃતિ જોઈ માઇકલને ધન્યવાદ આપતાં પૂછ્યું, 'તેં ભારે સરસ ક્રાંતિકારી પીએટા સર્જ્યો છે. પણ કહે બેટા! તેં મૅડોનાનો ચહેરો કોઈ યુવતી સમો, એના પુત્રથી યે વધુ યુવાન કેમ બનાવ્યો?'

માઈકલે જવાબ દીધો, 'ધર્માત્મા! મને એમ લાગ્યું કે કુમારી મેરી કદાપિ પ્રૌઢ કે વૃદ્ધ ન જ હોય; એ તો સદાય પવિત્ર નિષ્કલંક અને નિર્મળ! એના યૌવનની અખંડિતતા હરહમેશ જેવી ને તેવી જ રહે.'


કાર્ડિનલની ઇચ્છા આ મૂર્તિને ફ્રાંસના રાજાના અંગત દેવળમાં પધરાવવાની'હતી પણ એ પહેલાં એનું અવસાન થયું. અને આ વિષયની આગલી સર્વે કૃતિઓ કરતાં ઍન્જેલોની આ કલાકૃતિ તદ્દન નિરાળી હોઇને પોપ ઍલેક્ઝાન્ડર ૬ઠ્ઠા તેના વૅટિકનમાં કોઇ પણ સ્થળે તેને પધરાવવા દેશે કે કેમ એ પ્રશ્ન હતો. કેમકે કેટલાક સમકાલીન કલાકારો તેની આ પ્રતિમાને 'અધર્મી' માનતા-મનાવતા.

પ્રતિમા નામંજૂર થવાના ડરથી માઈકલ અને એના કારીગર સાથીઓએ, ઇ. ૧૫૦૦ની એક સુમસામ રાત્રે વૅટિકનના 'ફ્રાન્સના નૃપતિ ખંડ'ના એક ગોખમાં 'પીએટા'ને ચૂપચાપ ગોઠવી દીધી. ન તો એનું વિધિસર પ્રતિસ્થાપન થયું, ન તો એના પર શુભાશિષ દેવાયા. ઍક્સ પેઠે કોઇને યે એ 'પીએટા'માં રસ ન લાગ્યો. એ વર્ષે 'સુવર્ણ મહોત્સવ'નો પ્રસંગ હતો અને સારા યે યુરોપમાંથી અસંખ્ય જાત્રાળુઓ સેન્ટ પીટરમાં દર્શનાર્થે એકઠા થયા હતા, પણ ભાગ્યે જ કોઇએ ઍન્જેલોની કૃતિ જોવાની દરકાર કરી.

એક દિવસ પોતાની આ કૃતિના શિલ્પી વિષે એક દંપતીને ભળતાં જ નામ દેતાં સાંભળી ઍન્જેલોને એવી તો ઝાંઝ ચડી કે તે જ રાત્રિએ એ ગુપચુપ જઇને એના પર પોતાનું નામ કોતરી આવ્યો. બસ, પોતાની આ એક જ કૃતિ પર એણે પોતાનું નામ કંડાર્યું છે.

પણ અંતે 'પીએટા'નું કલાસૌંદર્ય અને એના સર્જનહારનું નામ પ્રકાશમાં આવ્યાં. રોમના ધર્માસને વિરાજેલા એક પછી એક પોપે અને કલાપ્રિય શ્રીમંતોએ એની પાસે ચિત્રો, પ્રતિમાઓ, ધર્માલયો અને સુશોભિત સમાધિ મંદિરો બનાવડાવ્યાં. એક વેળાના પાઈ પાઇને માટે મોહતાજ માઈકલને હવે અઢળક ધન અને અમર કીર્તિ મળવા લાગ્યાં.

છતાં, ખાવેપીવે, પહેરેવે-ઓઢવે ઍન્જેલો હજી યે એવો જ કરકસરિયો ને લઘરવઘર રહેતો., એનો આખો દિવસ આરસ છીણી અને હથોડી જોડે પસાર થતો. સંન્યાસી સમો નર્યો એકાંતવાસ એણે લીધો. સંગત અને મહોબત એકમાત્ર પોતાના કામની જ એને હતી. પોતાના લાંબા જીવનના અંત સુધી કાર્યરત રહેવા જેટલો સુદૃઢ દેહ હોવા છતાં એક વાર કાતિલ ઠંડી ને શરદીનો તે ભોગ બની ગયો ને પથારીવશ થઈ, ૧૮મી ફેબ્રુઆરી ૧૫૬૪ની નમતી સાંજે, પાંચ વાગતાને શુમારે, એ સર્વશ્રેષ્ઠ શિલ્પી અવસાન પામ્યો.




'લાસ્ટ જજમેન્ટ'–અંતિમ ન્યાય. પોતાની શૈલીનું જે એક આગવું કલાજગત માઇકલે સર્જ્યું છે તેનું આ શ્રેષ્ઠ દૃષ્ટાંત છે. ચિત્રકામને તે પોતાનું ક્ષેત્ર નહોતો માનતો, છતાં સિસ્ટાઈન ચૅપલના જગવિખ્યાત જંગી ભીંતચિત્ર માટે એણે તૈયાર કરેલા આ કાચા આલેખન પરથી એની સર્જન પ્રતિભા તથા નિરૂપણકૌશલનો ખયાલ આવે છે.





ડાબી બાજુ: ઈસુ ખ્રિસ્ત; ઉપર: મૃત્યુને તાકી રહેલો માનવ

'લાસ્ટ જજમેન્ટ' ચિત્રના મોટા કરી દર્શાવેલા
આ બે ચિત્રભાગમાં માઇકલની ચિત્રણાશક્તિ અને
માનવદેહના માપ વિષેના એના જ્ઞાનની ઝાંખી થાય છે.



દિવસ અને રાત્રિ
ફ્લૉરેન્સમાં સાન લૉરેન્ઝોના દેવળમાં લૉરેન્ઝો દ મેડિચીની
સમાધિ પરની જગવિખ્યાત શોભન-પ્રતિમાઓ. પાછળ લૉરેન્ઝોની પોતાની પ્રતિમા છે.



અશ્રુકણી

મન ઘોર ઘોર
જ્યમ અધિક અધિક ગરજે તરજે
ત્યમ અધિક અધિક તું ચમકે દમકે સોનલ દામિની દિવ્ય દોર!

અહો નિરાશા, આવ આશ શું આજ તને દઉં શ્લેષ ગાઢ,
આજ તેજની ભીતર ભસ્મિત કરી દઉં સહુ અંધકાર
શ્રાન્ત ચરણ અબ નરતી રહેશે અણથંભ્યા ઉન્મત્ત ઝંકાર.

—સુન્દરમ્.

સ્વ. યશવંતરાય પુરોહિત

ભારતભરમાં વિખ્યાતિ મેળવનારા અલ્પસંખ્ય ગુજરાતી સંગીતકારોમાં ભાવનગરના યુવાન કલાકાર યશવંત પુરોહિતનું એક આગવું સ્થાન હતું. ગઈ ૩જી જાન્યુઆરીએ એમનું એકાએક અવસાન થતાં કિરાના ઘરાનાના એક તપસ્વી સૂર-સાધકની આપણને ખોટ પડી છે.

પિતા ચિમનલાલ પુરોહિત પણ ભાવનગરના પ્રતિષ્ઠિત સંગીતજ્ઞ હતા. દક્ષિણામૂર્તિ જેવી શિક્ષણસંસ્થામાં યશવંતરાવની કળાના અંકુરો વિકસ્યા. ૧૯૩૫માં સ્વ. પં. નારાયણ-રાવ ખરે પાસે અને સ્વ. શંકરરાવ વ્યાસ પાસે એમણે સંગીતની વધુ તાલીમ લઇ ત્રણેક વર્ષ પં. ઓમકારનાથજી પાસે પણ સાધના કરીને પોતાના અવાજને ઉચ્ચ કક્ષાની ગાયકીને માટે કેળવેલો. પણ એમની મહેચ્છા તો હતી મર્હૂમ ઉસ્તાદ અબ્દુલકરીમખાં સાહેબની કિરાના ઘરાનાની ગાયકી સિદ્ધ કરવાની. એ બર આવે એ પહેલાં ખાંસાહેબ ગુજરી ગયા. પિતા-નું પણ આ અરસામાં જ અવસાન થયું ને કુટુંબની આર્થિક જવાબદારીનો કેટલોક ભાર ભાઇ સાથે એમના પર પણ આવી પડતાં સંગીતસાધનામાં રુકાવટ આવી ગઈ. પણ ભાવ-નગર નરેશે એમનું સંગીત સાંભળ્યું ને એમની શક્તિ પિછાની એના વધુ વિકાસ અર્થે પાંચ વર્ષ માટેની અભ્યાસની સગવડ કરી આપી અને તેઓ મુંબાઈમાં ખાંસાહેબના પટ્ટશિષ્ય બાલકૃષ્ણ બુવા કપિલેશ્વરી પાસે તાલીમ લેવા લાગ્યા; ને ખાંસાહેબની છબિ નજર સામે રાખી એકલવ્ય પેઠે એમણે જે તપશ્ચર્યા આદરી તેથી ઉત્તરોત્તર વિકાસ પામતા રહી આગળ જતાં ભારતના અભિજાત સંગીતજ્ઞોમાં સિદ્ધકંઠ કલાકારનું સ્થાન પામ્યા.


રાગનો સુદીર્ઘ પટ વણી આપવાની કળા વડે કિરાના ઘરાનામાં અલ્પ પ્રચલિત એવા છાયાનટ, શ્રી બિહાગ વગેરે જેવા રાગો ઉપર પણ એમનું પ્રભુત્વ હતું. સંગીત ક્ષેત્રમાં ઘણી વાર જોવા મળતી વાડાબંધીથી તેઓ દૂર રહી બીજી સંગીતશૈલીઓ અને ઘરાના પ્રત્યે પણ આદર રાખતા. 'રસરંગ'ના ઉપનામે એમણે 'મધુ-બંસરી માન મનાવત', 'આંગનમે' વગેરે કેટ-લીક સુંદર 'ચીજો' પણ રચી છે. એથી યે વિશેષ તો એ કે સંગીતના રિયાઝ ઉપરાંત નિયમિત વ્યાયામ વડે એમણે શારીરિક સૌષ્ઠવ પણ સાધ્યું હતું. દેશની ઘણીખરી સંગીતસભાઓ-માં ને આકાશવાણીના રાષ્ટ્રીય કાર્યક્રમોમાં એમણે અનેક વાર ભાગ લીધો હતો.



આવી ઉજ્જ્વળ કારકિર્દી અને સારું શરીર હોવા છતાં ગઇ ૩જી જાન્યુઆરીએ પોતાના શયનખંડમાં તેઓ મૃત્યુ પામેલી સ્થિતિમાં હતા—ઊંઘની વધુ પડતી ગોળીનું એ પરિણામ હોવાનું જણાયું છે. એમના અકાળ અવસાન-થી ગુજરાતને કિરાના ઘરાનાની ગાયકીના એક અવિસ્મરણીય સૂર સાધકની ખોટ પડી છે.

જગતનાં પ્રાણી–૬૭

પંડા



ગોળ માથું, ભારે શરીર ને ટૂંકા પગ જેવા બાહ્ય દેખાવે અને પગનો આખો પંજો જમીન પર સપાટ મૂકી ચાલવાની ટેવને લીધે નાનકડા રીંછ જેવું લાગતું પંડા રીંછથી તદ્દન ભિન્ન પ્રાણી છે, હિમાલયમાં ૫૦૦૦ ફૂટ સુધીની ઊંચાઈમાં નેપાલ, સીક્કિમને ઉત્તર બ્રહ્મદેશથી માંડી દક્ષિણ ચીનના પ્રદેશોમાં એ થાય છે. એની બે જાત છે–નાની ને મોટી. પૂર્વ તરફના પંડાને લાંબી શિયાળુ રુંવાટી, મોટું માથું ને મોટા મજબૂત દાંત હોય છે.

એની નાની જાતનું કદ બેએક ફૂટનું ને પૂછડી દોઢેક ફૂટની હોય છે. આખે શરીરે લાંબી ગીચ રુંવાટી. વાન બદામી ને સફેદ કાબરચીતરો. કાન મોટા અણિયાળા ઊભા. નાક બુઠ્ઠું, પગ ટૂંકા ને છેક સુધી વાળથી ઢંકાએલા. પગના પંજા ને છૂટાં આંગળાં ઝાડ પર ચડવું સરળ પડે એ રીતે વિકસેલાં. આત્મરક્ષણ અને ઊંઘવા માટે જ એ ઝાડ પર ચડે છે, બાકી તેની હરફર તો મોટે ભાગે જમીન પર જ થાય.

દિવસે પંડા ઝાડની લગભગ ટોચે છાતીમાં માથું ઘાલીને કે માથા પર પૂછડી ઢાંકીને સૂઇ રહે છે. સાંજ પડે નીચે આવે ને ઘાસમૂળિયાં તથા પડેલાં ફળો ખાય. ક્યારેક ઇંડાં ને નાનાં જીવડાંનો શોખ પણ કરે. એમની દૃષ્ટિ શ્રવણ અને ઘ્રાણની શક્તિ મંદ હોય છે. ઉત્તેજાય ત્યારે પંડા એના મળદ્વાર પાસેની ગંધગ્રંથિ-ઓમાંથી એક વિશિષ્ટ વાસ છોડે છે. પોતાના જવા-આવવાના માર્ગમાં પણ ઘણી વાર તે પોતાનું આ અંગ ઘસતું જઇને એની ગંધ મૂકતું જાય છે.

વસંતઋતુમાં માદા બે બચ્ચાંને જન્મ આપે છે, ને ખડકની બખોલ કે થડના પોલા-ણમાં એ એને ઊછેરે છે. બચ્ચાં એકાદ વર્ષ માબાપ સાથે રહ્યા પછી છૂટાં પડી જાય છે. પંડાને બહુ સરળતાથી પાળી શકાય છે પાલિત દશામાં તેઓ ઘણી વાર ગળપણ ખાવાનાં શોખીન બની જાય છે.

શ્રી કનુ દેસાઈ અમેરિકામાં

'શ્રી કનુદેસાઈની કલાકૃતિઓમાં કાવ્ય, કલ્પના, મુક્ત મનોવિહાર અને નયનાભિરામતા છે' એવો અભિપ્રાય દક્ષિણભારતના ઉચ્ચ કલાના સામયિક 'ત્રિવેણી'એ ઉચ્ચાર્યો તે અગાઉ-આજ સાડાત્રણ દાયકા ઉપરાંતથી ગુજરાતને 'કુમારે' તેની પ્રતીતિ કરાવ્યા કરી છે. એટલે 'કુમાર'ને માટે એ આનંદ અને ગૌરવના સમાચાર છે કે ન્યૂયૉર્કના 'નિકોલસ રોરિક મ્યૂઝિયમ' તરફથી એમની સાઠેક જેટલી ચિત્રકૃતિઓનું એક વ્યક્તિ પ્રદર્શન આગામી ૨૭ માર્ચ થી ૧૨ મી એપ્રિલ સુધી ત્યાં યોજાનારું છે. અને તે પ્રસંગે તેઓ ત્યાં જાતે પણ જનાર છે. અમારા એમને અભિનંદન.

દામિરિકા-અમેરિકા

પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધના ભૂમિખંડનું નામ અમેરિકા શા ઉપરથી પડ્યું? કહે છે કે ફ્લૉરેન્સના એક નાવિક અમેરિગો વેસ્પુસીના નામ પરથી એ ખંડનું નામ પડ્યું છે. કોલંબસ પછી એણે એ માર્ગે કેટલીક સફરો કરી હતી. પણ એના નામ પરથી એ દેશનું નામ પડ્યાની વાત ગળે ઊતરે એવી નથી. 'અમેરિગો'ના નામ પરથી 'અમેરિકા' નામ કઈ રીતે પડે? અને 'અમેરિકા' જ શા માટે? – વેસ્પુસિયા કેમ નહિ? અમેરિકા ખંડ કાંઈ એણે નહોતો શોધ્યો; અરે, કોલંબસ સાથે સૌ પ્રથમ ત્યાં પહોંચનારાઓમાં પણ એ હતો નહિ. કેટલાક વળી બ્રિસ્ટલના મેયર 'એચમેરિક' કે 'એમેરિક'ના નામ પરથી અમેરિકા આવ્યાનું કહે છે. આ તર્ક પણ વાહિયાત છે. એક નાના ઇંગ્લિશ બંદરના નગરપતિના નામ પરથી નવી શોધાએલી એ મહાન દુનિયાનું નામ પાડવામાં કોઈ દેશ સંમત થઈ શકે નહિ.

પણ સત્ય તદ્દન જુદું જ છે. કોલંબસને એની સફરના લક્ષ્યસ્થાન વિષે કોઇએ પૂછ્યું હશે ત્યારે એણે કહ્યું હશે કે 'હું દામિરિકા જાઉં છું.' આ દામિરિકા તે ભારતની પૂર્વ કંઠાર પરનું આજનું પૉંડિચેરી. એણે તો આમ ખરું સ્થાન જ કહ્યું હશે, પણ સાંભળનારના કાન કે સ્મૃતિના દોષને કારણે કોલંબસે કહેલું સ્થાન એ ભૂલી ગયો હશે. કોલંબસ સિવાય લગભગ બધા કદાચ એ ભૂલી ગયા હશે કે દામિરિકા નામે એક રોમન મથક અહીં ભારતમાં હતું.

દરિયાઈ માર્ગોના ઇતિહાસથી પરિચિત સૌકોઈ ત્યારે જાણતા જ હતા કે ઍટલાંટિકને સામે પાર કોઈ ભૂમિખંડ છે જ. કોલંબસ ઍટલાંટિક પાર કરવા નીકળ્યો એ પહેલાં ૬૦ વર્ષ ઉપર ઇ. ૧૪૨૪માં વેનીસમાં તૈયાર થએલા નકશામાં હાલના ક્યૂબાને સ્થાને 'એન્ટિલિયા' ટાપુની પૂરી વિગતવાર માહિતી છે. પણ, એ કાળે એવી માન્યતા હશે કે કૅરીબીઅન ટાપુઓ એ હિંદુસ્તાનની પૂર્વ તરફના ટાપુઓ હશે. કોલંબસની ઇચ્છા એ ટાપુઓને બાજુએ રાખીને દક્ષિણ-પશ્ચિમમાં જવાની હતી. એ રીતે હિંદુસ્તાનને પૂર્વ કિનારે અને ખાસ તો દામિરિકા બંદરે પહોંચવાનો એનો ખયાલ હતો. રોમન સમ્રાટ ઑગસ્ટસના સમયમાં આ બંદર વિકસ્યાનું મનાય છે. હિંદુસ્તાનની કંઠાર પર એક કાળે રોમનોએ અનેક વ્યાપારી થાણાં સ્થાપ્યાં હતાં. દામિરિકા એ થાણાંઓમાંનું એક હતું.

ઑગસ્ટસ સીઝરના કાળમાં સામ્રાજ્યના સીમાવિસ્તારની એક ધૂન પ્રસરી હતી. પૂર્વના દેશો વચ્ચે વ્યાપારી સંબંધો સ્થાપવાનો અને ગાઢ બનાવવાનો એની પાછળ ખયાલ હતો. જમીન પરનો એ વખતનો યુરોપ અને ચીન-ભારત વચ્ચેનો માર્ગ વચ્ચે આવતા પાર્થિયનોના સદ્ભાવ પર આધારિત હતો. રોમની ઈચ્છા બની શકે એટલા જળમાર્ગોએ વ્યવહાર સ્થાપવાની હતી. જમીનમાર્ગ કરતાં એમાં સલામતી, સગવડ અને ખર્ચની બચત ઘણી હતી. હિંદ સાથેના રોમના સંબંધો ગાઢ હતા. ઑગસ્ટસના દરબારમાં હિંદી એલચીઓ પણ રહેતા હોવાના ઉલ્લેખો મળે છે. ઑગસ્ટસ પછી હૅડ્રિયન, ઍન્ટોનિનસ, એલાગાબાલુસ, ઑરેલીઅન અને કૉન્સ્ટન્ટાઈન વગેરે રોમન સમ્રાટોના કાળમાં પણ આ સંબંધો ચાલુ હતા. રોમ કંઈ માત્ર એલચીઓને આવકારીને બેસી રહે એમ નહોતું જ. હિંદુસ્તાન તરફ આવવા-જવાના જળમાર્ગો એણે ચાલુ કર્યા અને લાલસમુદ્ર, હિંદના પશ્ચિમ તથા પૂર્વ કાંઠા પર અને છેલ્લાં સંશોધન પ્રમાણે તો ઇન્ડો ચાઈનામાં છેક મૅકૅાગ નદી સુધી એના વ્યાપારી થાણાં સ્થપાયાની માહિતી મળે છે. મૉમ્બાસાથી ૨૫૦ માઇલ દક્ષિણે ડનફર્ડ બંદર પરથી મળી આવેલા ઇ. સ. પૂર્વે બીજીથી ઈ. સ.ની ૪થી સદી સુધીના વિસ્તૃત કાળ દરમિયાનના રોમન સિક્કાઓ પરથી પણ જણાય છે કે સુએઝની પારના આ દરિયાથી રોમનો બહુ લાંબો સમય સુધી પરિચિત રહ્યા હતા.

વ્યાપારી જહાજોની જકાત પર ચોકસાઈ રાખવા રોમે લાલસમુદ્ર અને ઈરાનના અખાત પર તથા હાલના એડન નજીક મુઝામાં પોતાના જકાતી અમલદારોનાં મથકો સ્થાપ્યાં હતાં, અને આ મથકો ઉત્તરોત્તર આગળ વધતાં જઈ મિનનગર (આજનું સિંધ હૈદરાબાદ), બારીગાઝા (ભરુકચ્છ – આજનું ભરૂચ), મુઝિરિસ (ચંદ્રનગર) અને હિંદને દક્ષિણ કિનારે ફરી ઉપર આવતાં કોરોમંડળ તરફ કોલખોઇ (કોરકાઇ), ખાબેરિસ એમ્પોરિયન (ટ્રન્કોબાર કે કાવેરીપટ્ટમ્), દામિરિકા (આજનું પૅાંડિચરી), સોપાટમા (સંભવત: આજનું મર્કાનમ) અને મૅસલિયા (મસલ્લીપટ્ટમ) વગેરે સ્થળોએ એમનાં થાણાં નંખાયાં હતાં. સ્ટ્રૅબો, પ્લિની, ટૅસિટસ, ટૉલેમી અને રાવેના કે જેણે 'પ્યુટિંજર ટૅબલ' નામે નકશો તૈયાર કરેલો, તે સૌનાં લખાણોમાં આ બધાંનો ઉલ્લેખ જોવા મળે છે. અરે માત્ર ટૅસિટસનું 'ધી પેરિપ્લસ ઑવ ધ ઈરીથ્રીઅન સી' જ જોઇએ તો યે આપણને રોમના પૂર્વ સાથેના વ્યાપક વ્યાપારી સંબંધોની સારી એવી માહિતી મળી રહેશે.

આ બધાં પુસ્તકો ઉપરાંત આજે અપ્રાપ્ય એવી બીજી ઘણી માહિતીઓ પણ કોલંબસને મળી શકી હશે. ઘણો લાંબો સમય રોમમાં રહીને વેટિકનનાં તથા બીજાં ઘણાં પુસ્તકાલયોમાં એ વાંચવા જતો હોવાની વાત તો જાણીતી છે. એટલે પોતે જ્યારે વહાણમાં ઊપડ્યો ત્યારે એને પોતાના લક્ષ્યસ્થાનનો ખયાલ સારી પેઠે હશે જ.

ઈ. ૧૪૫૩માં તુર્કોએ ઈસ્તંબુલ (કૉન્સ્ટન્ટીનોપલ) જીત્યું તેથી યુરોપને માટે પૂર્વમાં આવવાના જમીનમાર્ગ પર એ આક્રમક સત્તાની ચોકી બેસી ગઈ, એટલે હિંદુસ્તાન જવાનો (ભુલાઇ ગએલો) જળમાર્ગ શોધવાની જરૂર હતી જ. સંભવ છે કે એ વિષેની માહિતી મેળવવા જ કોલંબસ રોમમાં રોકાયો હશે અને પુરાણાં પુસ્તકો ઉથલાવવા પ્રેરાયો હશે.

એ લખાણોમાંથી એણે હિંદમાંના રોમન થાણાંની વિગતો મેળવી હશે. અને દામિરિકાના વિશાળ ધક્કા, ગોદામો, ઑગસ્ટસનું મંદિર, સ્નાનાગારો ને અમ્ફીથીએટર તથા ફોરમને કારણે એ બધાં મથકોમાં એ બધાંથી ઘણું મોટું ને સમૃદ્ધ હોવાનું પણ એણે જાણ્યું હશે. દામિરિકા ને બારીગાઝાથી નીકળેલાં વહાણો જો મોસમ પ્રતિકૂળ હોય તો અરબી સમુદ્રમાં 'મોશા' મુકામે રોકાઇ જતાં અને ત્યાં ઘઉં, રેશમ તથા મસલિન અને વહાણની ચોપડનાં તેલ વગેરેની લેવેચ કરતાં.

એટલે જ્યારે કોલંબસ ઉપડ્યો ત્યારે હિંદુસ્તાનના દક્ષિણ પૂર્વ કિનારે આવવા જ નીકળેલો. માત્ર સ્પેનના પશ્ચિમ કિનારાથી હિંદના પૂર્વ કિનારા વચ્ચેના અંતરનો એને ખરો ખયાલ નહોતો. અને કદાચ એથી જ તે એ માર્ગે નીકળ્યો ને આજના અમેરિકાની ભૂમિ વચ્ચે નડતાં અટકી પડ્યો. પોતે હિંદુસ્તાન જ જવાનો હતો એની એને

નિઃશંક ખાતરી હતી. એણે કહ્યું હશે કે 'દામિરિકા જઈ અટકીશું.' સંભવ છે કે સાંભળનારાને એ અપરિચિત નામના ઉચ્ચારણનો થોડો ખયાલ રહ્યો હશે ને એમ 'અમેરિકા' શબ્દ યોજાયો હશે અને પાછળથી એ જ શબ્દ એ નવા ખંડના નામ રૂપે ચીટકી ગયો હશે. કોલંબસે 'દામિરિકા' નામ વાપર્યા પહેલાં ૧૫૦૦ વર્ષ વીતી ગએલાં એટલે જન સામાન્યને તો એ નામ પરિચિત ન જ હોય. છતાં એટલું તો નિશ્ચિત જ કે વેસ્પુસી અમેરિગોને અમેરિકાના નામ સાથે કંઈ સંબંધ નથી જ.

ઑમ્બુડ્ઝમેન અથવા લોકપાલ

અત્યારે ચારે બાજુથી આપણે એક જ વાત સાંભળીએ છીએ કે સરકારના કારભારમાં વેગ નથી, એમાં રુશવતખોરી છે, પક્ષપાત છે, ઢાંકપીછોડો કરવાની વૃત્તિ છે. સરકારે આ કારભાર સુધારવા મક્કમ પગલાં લેવાં જોઇએ એમ હવે ખુદ નેતાઓ પણ ખુલ્લંખુલ્લા કહે છે.

આ અસંતોષ બીજે નથી એવું નથી. એ વ્યાપક છે અને લોકશાહી જેવી સર્વોચ્ચ શાસનપદ્ધતિને નાકામિયાબ કરવામાં જો કોઈ એક બાબત ભાગ ભજવતી હોય તો તે આ અસંતોષ જ છે. એ જ અસંતોષે બીજા વિશ્વયુદ્ધ પહેલાં યુરોપમાં લોકશાહીનો તિરસ્કાર કરનારા બળોને ઊભાં કર્યાં હતાં, અને એ બળોએ લોકશાહીનો ભુક્કો કરવા વિશ્વમાં અપૂર્વ એવું યુદ્ધ સર્જ્યું હતું. લોકશાહીની રીતો સાચવી રાખીને લોકોને કારભારથી પૂરેપૂરો સંતોષ આપી શકાય એવો રસ્તો યુરોપમાં સ્કેન્ડેનૅવિયન દેશોએ અખત્યાર કર્યો છે.

સ્વીડનમાં એક સૈકાથીય વધારે સમય પહેલાં ત્યાંના રાજાએ પ્રજાનો અધિકારીઓથી કાર્યપદ્ધતિમાં ઊભો થતો અસંતોષ દૂર કરવા એક ઑમ્બુડ્ઝમેન નામનો નિષ્પક્ષ અને કાર્યદક્ષ અધિકારી નીમ્યો હતો. એ નામ ઉપરથી પ્રજાના હક્કોનું રક્ષણ કરનારો આ પ્રકારનો અધિકારી હવે બધે ઑમ્બુડ્ઝમેન કહેવાય છે. ગમે તેવા મોટા માણસ મંત્રી કે કોઈ ન્યાયમૂર્તિ હોય એની સામે પ્રજાજનની ફરિયાદ થાય તો ઑમ્બુડ્ઝમેન એની ફરિયાદમાં તથ્ય લાગે તો પેલા માણસને સજા કરે. સ્વીડનના આ સફળ અખતરાનું અનુકરણ નૉર્વેએ અને ડેનમાર્કે કર્યું, અને ત્યાં પણ થોડાં જ વર્ષોમાં ફરિયાદોનું પ્રમાણ ઘટ્યું અને રાજ્ય કારભારથી સંતોષ વધ્યો. કોમનવેલ્થના દેશોમાં ન્યૂઝિલૅન્ડે આ પદ્ધતિ અપનાવી છે અને ખુદ બ્રિટનમાં પણ એવો એક અધિકારી 'પાર્લામેન્ટરી કમિશનર'ના નામે નીમવાની વિચારણા ચાલે છે.

આ ઑમ્બુડ્ઝમેન અથવા લોકપાલની નિમણુક દેશની પાર્લામેન્ટ કરે છે. કોઈ નિવૃત્ત કે ચાલુ ન્યાયમૂર્તિ અથવા લોકસેવક જે પોતાની નિષ્પક્ષતા અને કાર્યક્ષમતા માટે જાણીતો હોય તેને પાર્લામેન્ટ પસંદ કરે છે અને એની ઑફિસમાં નાનામાં નાનો માણસ ગમે ત્યારે જઇને પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. જહાંગીર બાદશાહની સાંકળની જેમ આ ફરિયાદીની ઘંટડી પેલા અધિકારીના કાનમાં રણકે છે અને આખું ખાતું એની સારાસારતા જોવા તૈયાર થાય છે. આ અધિકારીને ખૂબ સત્તા હોય છે અને ખૂબ સારો પગાર મળતો હોય છે. એના ચુકાદાથી પ્રજાજનોને સામાન્ય રીતે સંતોષ થાય છે અને પોતાનું સાંભળીને ત્વરિત ગતિએ એનું નિરાકરણ લાવનાર કોઇ ખાસ અધિકારી છે એ ભાનથી એમને આનંદ થાય છે. આનાથી રાજ્યવહીવટ શુદ્ધ બને છે અને ગમેતેવો મોટો અધિકારી, જજ કે મંત્રી પોતાના કામ માટે હમેશ સજાગ રહે છે. આપણા દેશમાં પણ આવા અધિકારી વિશેની વાતચીતો શરૂ થઈ છે અને રાજસ્થાને તો એનો સ્વીકાર પણ કર્યો છે. આપણે ગુજરાતમાં આ દિશામાં કંઇ ન કરી શકીએ? —દામુભાઈ શુક્લ

ભારતીય નિષ્ણાતોનું ઇજિપ્તમાં પુરાતત્ત્વ-સંશોધન

મધ્ય એશિયામાં સર ઑરેલ સ્ટાઇને ઈ. ૧૯૧૩–'૧૪માં કરેલાં પુરાતત્ત્વ સંશોધનો અને ૧૯૫૬માં અફઘાનિસ્તાનમાં થએલાં થોડાં સંશોધનો સિવાય હમણાં સુધી ભારતીય સંશોધકોએ વિદેશમાં કોઈ સંશોધનકાર્ય કર્યું નહોતું. ઇજિપ્તમાં આસ્વાન બંધના જળવિસ્તારમાં સદાને માટે ડૂબી જાય એ પહેલાં ત્યાં સંશોધનો કરી લેવા 'યુનેસ્કૉ'ની વિનતિને માન આપી ભારતે પણ એક સંશોધક ટુકડી ઇજિપ્ત મોકલેલી.

એક ટુકડીએ '૬૨ જાન્યુઆરીથી મે દરમિયાન નાઇલ નદીના પશ્ચિમ કાંઠે આફયેહ પાસેના, ઇજિપ્શીઅન પુરાતત્ત્વશાસ્ત્રમાં 'એ-ગ્રૂપ પીપલ' (અ–જૂથના લોકો)ના વિસ્તાર તરીકે ઓળખાતા પ્રદેશમાં એક હજાર મીટરમાં ખોદકામ કરી ત્યાં વસતિનાં બે સ્તર શોધ્યાં હતાં. બંને સ્તરનાં મકાનો નાઈલની માટીથી પથ્થરોમાં ચણેલાં ને માટીના પ્લાસ્ટરવાળાં હતાં. લાદી પણ માટીની હતી ને ક્યાંકક્યાંક પથ્થરો પણ જડેલા હતા. આ ખંડેરો પરથી જણાય છે કે એ ઘર ઘણાં મોટાં હશે અને એમાં દરવાજામાં માત્ર એક જ બારણું રાખવાનો ચાલ હશે. હજી આજે યે આ પ્રથા ત્યાં ચાલુ છે.

મકાન સામેના ચોકમાંથી બે મીટર વ્યાસના ને દોઢેક મીટર ઊંડા માટીના પ્લાસ્ટર કરેલા ખાડા મળ્યા છે. કદાચ તેમાં અનાજ સંઘરાતું હશે. અહીંથી ઘઉં, જુવાર, ચણા વગેરેના દાણા પણ મળ્યા છે. જણાયું છે કે અહીં કોઇ ખેતર હશે જેમાં આગ લાગી હશે. ત્યાંથી મળેલા કોલસાનું મુંબાઈના 'તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રીસર્ચ'માં સંશોધન કરતાં એ વસતિ ઇ. પૂર્વે ૨૬૦૦ થી ૨૪૦૦ની સમયની જણાય છે.

આફયેહથી અર્ધો કીલોમીટર દૂર તુમાસ ગામની પશ્ચિમમાં 'ક' વર્ગના પ્રાચીન લોકોની ૧૧૯ જેટલી કબરો પણ મળી આવી છે. એમાંથી કાળી અને લાલ માટીનાં કટોરા, ઘડા વગેરે જેવાં વાસણો મળ્યાં હતાં. જેમાંનાં કેટલાંક પરનાં સુશોભનો અને તેમાં નાચતી મનુષ્યાકૃતિ ઉલ્લેખનીય છે. આ લોકોનો સમય ઇ. સ. પૂર્વે ૧૫૦૦નો મનાય છે, પણ કબરોના મોટા પ્રમાણ પરથી લાગે છે કે એમની સંસ્કૃતિ ઇ.સ. પૂર્વે ૧૦૦૦ વર્ષ સુધી અસ્તિત્વ ધરાવતી હશે.





ભારતીય પુરાતત્ત્વવિદોએ તુમાસ–ઇજિપ્તમાંથી ખોળેલી ઈ. સ. પૂર્વે બીજા સહસ્રાબ્દની કબરો. તેમાંથી મળેલો માટીનો એક કટોરો (વચ્ચે) અને એક હાડપિંજર.

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : જતીન્દ્રમોહન સેનગુપ્ત

બરામા-ચિતાગાઁગમાં બ્રહ્મોસમાજના એક અગ્રચારી સેવક જાત્રામોહન સેનગુપ્તને ત્યાં



ઇ. ૧૮૮૫ની ૨૨મી ફેબ્રુઆરીએ એક પુત્રનો જન્મ થયો. ઊંચા કુળના મધ્યમ વર્ગના ઘરમાં થાય એવો ઉછેર એ બાળક—જતીન્દ્રમોહનનો થયો. ૧૯ વર્ષની વયે કલકત્તામાં કૉલેજનું શિક્ષણ પૂરું કરી ઉચ્ચ અભ્યાસાર્થે તેઓ ઇંગ્લંડ જઈ કેમ્બ્રિજની ડાઉનિંગ કૉલેજમાં દાખલ થયા.

પાંચ વર્ષના વિદેશના એ અભ્યાસકાળમાં પોતાની પ્રખર બુદ્ધિમત્તા અને મિલનસારપણાથીસૌની પ્રીતિ મેળવીજતીન્દ્રમોહને કેમ્બ્રિજની 'ઇંડિયન મજલિસ'નું પ્રમુખપદ મેળવેલું. ૧૯૦૯માં તેઓ બૅરિસ્ટર થયા. દરમિયાન મિસ નેલી ગ્રે સાથે પરિચય થયો જે આગળ જતાં લગ્નમાં પરિણમ્યો.

બંગાળના ભાગલાની ચળવળ પછીના કાળમાં ઈ. ૧૯૧૦માં એમણે કલકત્તાની વડી અદાલતમાં કારકિર્દીનો આરંભ કર્યો. અપ્રતિમ બુદ્ધિ અને કાબેલિયતથી એમણે ત્યાંના ધારાશાસ્ત્રીઓમાંઅગ્રપદ મેળવીલીધુંનેછેક૧૯૩૦માં વકાલત છોડી ત્યાં સુધી તેમના આગેવાન તરીકેનું માનભર્યું સ્થાન ભોગવતા રહ્યા.

જાહેર જીવનમાં પણ એમણે આરંભથી જ ભાગ લેવા માંડેલો. સ્વ. દેશબંધુ ચિત્તરંજન દાસે એમને દેશસેવાની સાચી દિશા બતાવી અને તેઓ માત્ર બંગાળના જ નહિ પણ દેશના નવઘડતરમાં યથાશક્તિ ભાગલેવાલાગ્યા.

કચડાતા મજૂરસમુદાય પ્રત્યે એમને ઘણી લાગણી હતી. ૧૯૨૧માં ચિતાગાઁગમાં બર્મા ઑઇલ કંપનીના કામદારો ને માલિકો વચ્ચે ઝગડો પડયો ત્યારે એમાં કામદારોને થતા અન્યાયથી પ્રેરાઇ સેનગુપ્તે એમને એકત્ર કર્યા અને હડતાળ પડાવી. આ બનાવથી આખા બંગાળમાં ચકચાર મચી ગઇ. ચિતાગાઁગનો વહેવાર અસ્તવ્યસ્ત થઇગયો ને આખરે કામદારોના હિતમાં પરિણામ આવ્યું. બીજે જ મહિને રેલવે કામદારોનો પ્રશ્ન એમણે હાથ ધર્યો. આસામ-બંગાળ રેલવેના ૧૪૦૦૦કામદારોએ હડતાળ પાડી. ત્રણ માસ સુધી ચાલેલી એ હડતાળમાં કામદારોના નિભાવ માટે જતીનબાબુએ પોતાની અંગતજવાબદારી પર ૪૦,૦૦૦ રૂપિયા એકઠા કરેલા.

દેશસેવાની એમની તેજસ્વી કારકિર્દીથી ૧૯૨૨–'૨૩માં રાષ્ટ્રીયકાર્યકર્તાઓના પ્રધાન મંડળમાંતેઓ પણ ચૂંટાયા. સ્વ. દેશબંધુ ને પં. મોતીલાલના સ્વરાજપક્ષમાં પણ એમણે ઘણી સેવા આપી. દેશબંધુના અવસાનપછીબંગાળના રાષ્ટ્રજીવનની લગામ જતીનબાબુને હાથ આવી. આરંભમાં જ કલકત્તા કૉર્પોરેશનમાં તેમણે ભારે વિજય મેળવ્યો ને એ સંસ્થાના પ્રમુખ તરીકે ત્રણ વાર તેઓ ચૂંટાયા.

૧૯૩૦ પછીના સત્યાગ્રહમાં પણ તેઓ જોડાયા. જેલમાં એમની તબિયત બગડતાં સારવાર અર્થે વિલાયત જવાની જરૂર પડી. ત્યાંથી સાજા થઇ પાછા ફર્યા ત્યારે મુંબાઇના બારામાં જ એમને પકડવામાં આવ્યા, કેમ કે અહીં સવિનયભંગની લડત ફરી શરૂ થઇ ગઇ હતી. દોઢેક વર્ષના કારાવાસ પછી રાંચીમાં પણ તેઓ લગભગ નજરકેદ જેવા જ હતા. એમાં ફરી તબિયત લથડી અને ઈ. ૧૯૩૨ની ૨૩મી જુલાઇએ એમનું અવસાન થયું. એમના શબને કલકત્તા લાવવામાં આવ્યું. ત્યાં એમની સ્મશાનયાત્રામાં ભાગ લઈ વિદેશીઓએ પણ એમને એકસરખા આદરભાવથી અંજલિ આપી હતી.

પ્રસંગવિશેષ : નવી દિલ્હી સત્તાવાર રીતે ખુલ્લું મુકાયું, ૧૦મી ફેબ્રુઆરી ૧૯૩૧

આજે જ્યાં દિલ્હી છે ત્યાં કે એની આસપાસમાં છેક મહાભારતના કાળથી મોટાં રાજનગરો વસતાં આવ્યાં છે. ઈન્દ્રપ્રસ્થ, હસ્તિનાપુર, તઘલખાબાદ, શાહજહાંબાદ વગેરે ઘણાં નામધારી એ રાજનગરોમાં અનેક સામ્રાજ્યો ફૂલ્યાંફાલ્યાં ને અંતે નાશ પામ્યાં, પણ લગભગ દરેક કાળમાં એનું રાજકીય મહત્ત્વ તો સદા ઊંચું જ રહેતું આવ્યું છે. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજોએ એને કબજે કર્યું અને ઇ. ૧૯૧૨માં શાહી દરબારમાં પાંચમા જ્યૉર્જે હિંદુસ્તાનની રાજધાનીની નવી નગરરચના માટેની જાહેરાત કરી. યમુનાના કાંપના મેદાનમાં લાલ કિલ્લાની દક્ષિણે નવા રાજનગર માટેનો વિસ્તાર નક્કી થયો. ભરતપુર ને ધોળપુરથી લાલ પથ્થર લાવવા માટે લગભગ ૮૦ માઇલનો ખાસ રેલમાર્ગ નંખાયો. ત્રીશ હજાર કડિયા કામે લાગ્યા. દીવાલ પર છાંયો પાડી એને ઠંડી રાખતાં છજાં, શાહી ગૌરવની એક નિશાની રૂપ છત્રીઓ અને પથ્થરની જાળીઓ જેવી હિંદી સ્થાપત્યની વિશિષ્ટતાઓને મોટા ભાગે વિદેશી શૈલીના સ્થાપત્યમાં ઉપયોગમાં લેવાઈ. કેન્દ્રમાં પાર્લમેન્ટના ગોળાકાર મકાનની આસપાસ નીકળતા વિશાળ રાજમાર્ગો છે. આ પ્રત્યેક માર્ગ કોઇ ને કોઈ ઐતિહાસિક સ્થાનોને સાંકળે છે. મુખ્યમુખ્ય રાજમાર્ગોનાં ગોળાકાર સંગમ-સ્થાનો આજના ભારે વાહનવ્યવહારને પણ આસાનીથી થાળે પાડી શકે એટલાં વિશાળ છે. ઈ. ૧૯૩૧ની ૧૦મી ફેબ્રુઆરીએ આ રાજનગર ખુલ્લું મૂકયાની સત્તાવાર જાહેરાત થઈ.



નવી દિલ્હીના એક જાણીતા વિસ્તાર 'કૉનૉટ પ્લેઈસ'નું વિહંગદૃશ્ય







ફોટોગ્રાફી આ વખતનાં ચિત્રો કંઈક હેતુપુરઃસર અને સમજપૂર્વક લેવાએલાં લાગે છે, છતાં પહેલા ને બીજા ઈનામને લાયક તો એકે ય ફોટોગ્રાફ નથી. અવિધાના ઈન્દ્રવદન દેસાઈનું દશ્ય-ચિત્ર ત્રીજા ઇનામને યોગ્ય ગણ્યું છે. એમના ચિત્રમાં હિમાચ્છાદિત ગિરિપ્રદેશની ચડઊતર હારમાળાનું પ્રશાંત દશ્ય મનોહર ને દષ્ટિગમ્ય છે. સમય, દષ્ટિકોણ ને એક્સ્પૉઝર પણ બરાબર હોઈ ચિત્રમાં પર્વત અને શ્વેત બરફના વર્ણ-ટોનની સમતુલા જળવાઈને સુરમ્ય પ્રશાંત વાતાવરણ જમાવે છે. ચિત્રમાં આગળની વેરવિખેર શિલાઓના દષ્ટિક્ષેપ કરતો ભાગ કાપીને મોટો એન્લાર્જમેન્ટ કરી લેવાથી ચિત્ર વધુ જોરદાર બનશે. (અહીં એ રીતે કરી બતાવ્યું છે.) નોંધપાત્ર ચિત્ર 'હૅપી મધર' (ગુજરાતીમાં 'સુખી મા' ન ચાલે?)માં ઘરને ઉંબરે કિલ્લોલ કરતાં વહાલસોયાં બાળકો સાથે તન્મય બનેલી માતાના ભાવથી નીતરતા પ્રસંગને ઝડપવામાં અમદાવાદના આર. સી. સંઘાણીને ઠીક સફળતા મળી છે. સામી ભીંત પાસે બેઠેલો માણસ અને જાળીના ભાગનું નડતર ન હોત તો ચિત્ર ક્ષતિ વિનાનું બનત. ચારે તરફથી ચિત્રને ઓછુંવત્તું કાપતાં વધુ જોરદાર સંયોજન મળી શકશે. વડોદરાના સુરેશ પારેખનાં નામ વિનાનાં ત્રણે ચિત્રોમાં સમજ સુઘડતા ને હેતુ સચવાતાં હોવા છતાં ફ્લૅટ પ્રકાશને કારણે એ પાછાં પડે છે.

—શ્રીદામ ભટ્ટ

OUR FRIENDS ABROAD

[illegible] સાથેનો પત્રમિત્ર-વિભાગ

પરદેશનાં પત્રમિત્રો

(1) Dhansukh R. Mehta, Box 993, Zanzibar (E. A.);–age 25 Male, stamps, F. D. Cs. Photography. (2) Joes In Hay Ting, 740, Cahhlers Street, Manila, Philippines Is.;–male, insist to exchange coins. (3) P. H. Sharma, Sew Dass Road, U. P. Carapichaima, P.O., Trinidad, B. W. I.;–male, History, Mysticism, Zoology, Geology. (3) Tarunkumar Dattani, P. O. Box853, Kampala (Uganda);–M15 years, Swimming. Cricket, Civilizations;(5) Kishore Dattani, P. O. Box 30157, Kampala (Uganda); M15, Stamps, Coins, Tennis, Photography. (6) Morris Kirk, R T I Box 512, New Paltz, New York (U. S. A.);–M, Wood and Ivory Carvings and all types of Indian Brass objects. (7) Abdul Rehman N., Haji Khudabaksh Build., 2nd floor, Machi-Miani Road No. 2, Kharadhar, Karachi-2, West Pakistan–M14, Stamps.

જર્મન પત્રમિત્રો

(34) Magda Kral, Buchloe/Allg, Dillishauser weg 16—16 f; general interests. (35) Engrid Dlouhy, wurzburg, Behr Str. 2—15 f; postcards, stamps, music, photogr. (36) Dora Schaubert, Wurzburg, Behr Str. 6—15 f; music, stamps, postcards. (37) Eleonore Geiger, Furstenzell, bei passau/Ndby—15 f; stamps, music, dancing. (38) Kathrin Hansen, Deggendorf/Ndby., Adalbert Stifter Str. 13 – 17 f; dancing, stamps, reading, sport. (39) Maria Hansbauer, Aicha 5, Post wurmannspuick, b. Eggenfelden—15 f; reading, stamps, music, sport. (40) Renate Veith, Gross-Gerau, Gernheimer Str. 20—15 f; general interests. (41) Sylvia Fink, Hamburg-Altona, Biernatzki Str. 4—17 f; sport, dancing, reading. (42) Gina Kuetgens, Niederviehbach/Isar, Kloster St. Maria—16 f; stamps, reading, music, sport. (43) Edith Michler, Grossmannsdorf/Main, Krs. Ochsenfurt—15 f; animals, reading, languages. (દરેક સરનામાને છેડે Germany ઉમેરવું)

[દસ્ક્ષેપ: Girish mody, 1171 Dhanasutar's street, Kalupur, Ahmedabad (India)]

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ;
દોનો હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.*

કામ કરવામાં નહિ પણ ક્યારે ટાઈમ પૂરો થાય ને નોકરીમાંથી ઘર ભેગા થઈ જઈએ એવી આજની મનોવૃત્તિવાળા એક જુવાને સફળ ને શ્રીમંત બનેલા એક અનુભવીને પૂછ્યું: 'જીવનમાં સફળ થવાનો રસ્તો બતાવશો?'

જવાબ મળ્યો: 'તમારી કાંડા-ઘડિયાળ વેચી નાખો અને ઍલાર્મ-ક્લૉક ખરીદો.'

કહેવતોના અર્થ: 'તાવડીમાં તારો, ને સાનકમાં મારો.' પતિપત્નીએ બે રોટલાના બે ભાગ પાડયા : સાનક એટલે તાસકમાં તૈયાર ભાણે બેસી જવાની સ્વાર્થબુદ્ધિ માટે વપરાતી આ કહેવતનો એક બીજો અર્થ એવો ઘટાવાય છે કે સ્ત્રીપુરુષ બે જ જણ હોય તો ઓછે ખર્ચે જીવન નભી જાય.

અનેકાર્થી શબ્દ: પરમ=ઉત્તમ, શ્રેષ્ઠ; ગઈ કાલ પહેલાંનો ને આવતી કાલ પછીનો ત્રીજો દિવસ; ખૂબ કે અત્યંત; સૌથી પહેલું, પ્રધાન; વિષ્ણુનાં સહસ્ર નામમાંનું એક; શિવનું એક નામ; અંતિમ કે અનિવાર્ય; એક દેવતા; મોક્ષ.

ગણિત-ગમ્મત

અમુક રકમ ધારો; તેમાં એક ઉમેરો; જે આવે તેને બે વડે ગુણો; એ ગુણાકારમાંથી ત્રણ બાદ કરો; પછી જે આવે તેને બે વડે ભાગો. હવે જે આવે તેમાં $\frac{1}{2}$ (અરધો) ઉમેરો એટલે તમારી ધારેલી રકમ આવશે!

તંદુરસ્ત સાપ દર મહિને પોતાની કાંચળી બદલાવે છે.


બ્રાઝિલમાં એક જાતનાં ઝાડ થાય છે, જેનું લાકડું એવું તો લાલચોળ હોય છે કે અંગારા જેવું લાગે. પોર્ટુગીઝો અંગારાને 'બ્રાઝા' કહેતા હોઇ, એના પરથી એ દેશનું નામ બ્રાઝિલ પડયું.

જમીનના ને દરિયાના માઈલમાં ફેર હોય છે. જમીન પર માઈલ ૫૨૮૦ ફૂટનો ગણાય છે, જ્યારે દરિયા પર ૬૦૮૦.૨૦ ફૂટનો.

માણસની ખોપરી પર ચામડી વધુમાં વધુ જાડી હોય છે.

ખોટી વાત

સીસાપેનમાં સીસું હોતું જ નથી, અંદરની કાળી અણી 'ગ્રેફાઈટ' નામના એક પ્રકારના કોલસાની બનેલી હોય છે.



હીરા સિવાય બીજાં સંખ્યાબંધ રત્નો પણ કાચ કાપી શકે છે. તેમાં ઝિરકોન, ક્વાર્ટ્ઝ, ટોપાઝ અને કોરન્ડમ વધુ જાણીતાં છે. આ રત્નો રંગીન અને સફેદ બંને પ્રકારનાં મળે છે.

ઉનાળા કરતાં શિયાળામાં પાણીમાં પ્રાણવાયુનું પ્રમાણ વિશેષ હોય છે.



કલાકણિકા: ગ્રીસની દક્ષિણે ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ક્રીટના ટાપુમાં ઈ.સ. પૂર્વે ૩૦૦૦થી, આજથી પાંચ હજાર વર્ષ થયાં, એક પ્રાચીન સંસ્કૃતિ વિકસતી આવેલી. એ કેટલી ઉચ્ચ કોટિની હશે તેનો ખયાલ આપતું એક સુશોભિત રંગભાત આલેખેલું કોઠી આકારનું આ પાત્ર માનવીએ ખીલવેલી કળાશક્તિનો નમૂનો છે.

અથાણું

સ્વામી દયાનંદ સરસ્વતી સંન્યાસી હતા તે છતાં થાળીમાં ભોજન લેતા હતા તેથી બીજા એક સંન્યાસીએ કટાક્ષ કર્યો:

'મહારાજ! સંન્યાસી માટે ધાતુનો સ્પર્શ વર્જ્ય છે ને આપ થાળીમાં જમો છો?'

દયાનંદજી મૂગા મૂગા જમતા રહ્યા. થોડી વાર બાદ તેમણે કહ્યું:

'તમે માથે જે મુંડો કરાવો છો તે પગના જોડાથી કરાવતા હશો નહિ? ધાતુનો (અસ્તરાનો) સ્પર્શ તો કરાય જ નહિ ને?'

દફતરનો તુમાર

પીડા કરે અપાર ઈ ગુમડું કો'ક દી પાકે,
પથ્થરને ય પૂજો દિલથી તો શુક્રરવાર પાકે;
દેવાળીઆના નામની હૂંડી યે કદાચ પાકે,
પણ સરકારના દફતરનો તુમાર ન થાકે, ન પાકે.

('નકીર')

હજામ: તમે મારી પાસે અગાઉ બેસી ગયા છો, એમ? જો કે મને તમારો ચહેરો યાદ નથી આવતો.

ઘરાક: ન જ આવે ને? હવે તો એ તદ્દન રૂઝાઇ ગયો છે.

ઇન્કમટૅક્સ ઈન્સ્પેક્ટરની ઑફિસમાં એક માણસ આવ્યો, એક ખાલી ખુરશી પર બેઠો અને ઑફિસના પ્રત્યેક માણસને નીરખી નીરખીને જોવા લાગ્યો.

'બોલો સાહેબ, આપને શું કામ છે?' ઑફિસમાંના એક જણે વિવેક કર્યો.

'ખાસ તો કાંઈ કામ નથી. મારે તો ફક્ત જેઓને માટે હું ઢસરડો કરું છું એ સૌને જોવા જ હતા.'

ન્યાયાધીશ: તો હવે તેં એ મોટર કેમ ચોરી એનો ખુલાસો કર.

આરોપી: સ્મશાન પાસે એ પડી હતી. મેં જાણ્યું કે એનો માલિક મરી ગયો હશે.

નવી કહેવતો

ચંપલચોરને માપની ફિકર ન હોય.
હિસાબ લાખનો, પણ બક્ષિશ કોડીની.
કહેવડાવે મામો ને પછી નાખે ધામો.
ઘેરઘેર ગૅસના ચૂલા.
જ્યાં કચરા, પડોશીને આંગણે.
જમણમાં ધારી ને સગપણમાં સાળી.
માથું માગે તે મિત્ર.
પટાવાળાનું મન ચા-પાણીએ.

'છોટમ'

*લક્ષ્મી ભેગી ન થવા દેવી, એ જ શાણું કામ છે.